વર્ષ : 10 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2020
સળંગ અંક : 60

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

"સ્થિતસ્ય સમર્થનમ્ માટે વિદ્યાપીઠો નથી. વિદ્યાપીઠો પરમ્પરાની જાળવણીને નામે નવા સન્દર્ભમાં ઊભા થતા વૈચારિક સંઘર્ષોને ટાળે નહીં, ઊલટાનું એ સંઘર્ષોનું સાચું સ્વરૂપ, અનુચિત અભિનિવેશથી મુકત રહીને, ઉપસાવી આપે. પોળે પોળે જેમ દૂધની કેબિનો હોય છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠ ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહયો છે એવી ભ્રાન્તિને વશ થનારા બાલિશ જ લેખાય. હવે એ તપાસવું જરૂરી છે કે અનેક પ્રકારના બોજાથી કચડાતો આપણો સમાજ અને આપણો આ દરિદ્ર દેશ કેટલી નકામી અકાર્યકર સંસ્થાઓ નાહક નભાવી રહ્યો છે. દરેક વિદ્યાપીઠનો કશોક આગવો વિશેષ હોવો જોઈએ. એની કશીક આગવી મુદ્રા હોવી જોઈએ. જો એવું નહીં બને તો એક સરખા માલનું ઉત્પાદન કરનારાં કારખાનાં જેવી વિદ્યાપીઠો બની રહે. આજે લગભગ આપણે એ સ્થિતમાં આવી પડયા છીએ... વિદ્યાપીઠોને મહેલ જેવાં મકાનો વગર ચાલે પણ સારાં પુસ્તકાલયો વગર કેમ ચાલે ? પુસ્તકાલયની અપૂરતી સગવડ માટે હજી ખાસ આન્દોલન થયાનું સાંભળ્યું નથી..."

**– સુરેશ જોષી**

❊

'યુનિવર્સિટી એટલે વિચારોનું વૃંદાવન'. JNU માં એવું પર્યાવરણ નથી... હલકટ યુવાનો સ્વામી વિવેકાનંદ જેવા વિશ્વમાનવને સમજી શકે શકય ખરું ? ...પંડિતજીનું નામ ધરાવતી આ નપાવટ યુનિવર્સિટીમાં ખુલ્લા મનની પ્રતિષ્ઠા નથી... JNUમાં આદર્શ ડાબેરી વિચારધારાને નામે તમારા મનમાં રોજ દુર્યોધનીય દુર્ગુણો ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે અને સમય વહે તે સાથે તેમના મનનું કન્ડિશનિંગ (અભિસંધાન) થઈ જાય ત્યાં સુધી એ કાર્ય ચાલુ જ રહે છે. અરે મિત્રો ! પંડિત જવાહરલાલ જેવા સંવેદનશીલ માનવીને પણ JNU ની આજની ગતિવિધિ માન્ય ન હોઈ શકે. તમારા મનમાં અને મગજનાં બારીબારણાં જ બંધ છે. કાર્લ માકર્સને પણ તમારી વિચારશૈલી અને જીવનશૈલી માન્ય હોઈ શકે ખરી ? તમારી કહેવાતી વિદ્યા અહંકારવર્ધક, દંભવર્ધક, તમોગુણવર્ધિની, દુર્ગુણવર્ધિની અને જડતામૂલક છે. તમારી નાસ્તિકતા પણ સ્વચ્છ નથી. બુદ્ધ અને મહાવીર કયાં આસ્તિક હતા ? સામા માણસની દલીલમાં રહેલું ચપટીક સત્ય પણ સ્વીકારી ન શકો એટલા બુદ્ધિહીન તમને બનાવી દે તેવી વિદ્યા શા કામની ? વ્યસન પ્રત્યે તમને પ્રેમ છે કારણ કે તમને સ્વચ્છ વિચારનો અને સત્ત્વગુણી આચાર પ્રત્યે હઠીલો અણગમો છે. સમતાવાદી (ઈગેલિટેરિયન) સમાજની રચના માટે તમને આકર્ષણ છે, પરંતુ તમને પરદેશી શરાબ મોંઘો નથી લાગતો. દેશ પ્રત્યે તમને નફરત કેમ છે ? તમે તો મહંમદ ગઝનીને, અલાઉદીન ખીલજીને અને મહંમદ ઘોરીને અને ઔરંગઝેબને પણ 'સેકયુલર' ગણો તેવા બુદ્ધિખોર 'આદર્શવાદી' છો, તમારી યુનિવર્સિટી અમારા જેવા નાગરિકોને પૈસે ચાલે તેનું દુઃખ ઓછું નથી. તમારે મન રામ શું, કૃષ્ણ શું, ઈસુ શું, મોહંમદ અને ગાંધી શું ? હા, તમે બધી રીતે 'નપાવટ' છો.'

**– ગુણવંત શાહ**



### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના દાતાશ્રી

## સ્વ. ભરતકુમાર લાલભાઈ પટેલને

### અશ્રુસભર વદને અને ભગ્નહૈયે શ્રદ્ધાંજલિ



**(28 ઑક્ટોબર, 1949-16 નવેમ્બર, 2020)**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः॥

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि॥

(श्रीमद्‌भगवद्‌गीता, २.२३, २.२७)

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૦, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૦; સળંગ અંક : ૬૦

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : યુનિવર્સિટી એટલે શું ?
  મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ :
  સ્વ. ભરતકુમાર લાલભાઈ પટેલ ૮
  સ્વ. પ્રોફેસર બી. એ. પ્રજાપતિ ૧૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી : આ તે શું ?
છગનલાલ પીતાંબરદાસ પટેલ ૧૭

૨. આખરે યુનિવર્સિટી એટલે શું ?
'JNU में एक लडकी रहती थी' ગુણવંત શાહ ૧૯

૩. ભારતીય યુનિવર્સિટીઓ ડૉ. ગંગાધર પ્રજાપતિ ૨૧

૪. કવિશ્રી ચંદ્રકાન્ત શેઠનો સંશોધકીય અને વિવેચકીય પ્રતિભાપુંજ :
'ઉમાશંકરનો વાગ્વૈભવ' મણિભાઈ પ્રજાપતિ ૨૪

૫. ભવ્ય પ્રિન્સિપિયાની વ્યાખ્યાઓ અને ગતિના નિયમો વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૬

૬. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ
– ફોરમ ધરતીની / સોમાભાઈ પટેલ ૪૩
– ઇન્ટરવ્યૂ : ટિપ્સ અને ટૅક્નિક / સોમાભાઈ પટેલ ૪૪
– ઇડરિયા ગઢનો અજવાશ /ડૉ. કરસનદાસ સોનેરી ૪૬

૭. સંસ્થા સમાચાર
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૭
– શાળા વિભાગ ૪૭


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### યુનિવર્સિટી એટલે શું ?

આઝાદી બાદ ભારત સરકાર દ્વારા અને આ પૂર્વે બ્રિટિશ શાસન દરમિયાન વખતોવખત નિયુક્ત કરવામાં આવેલાં શિક્ષણપંચોએ - તાજેતરમાં ઘોષિત કરવામાં આવેલ 'શિક્ષણનીતિ ૨૦૨૦' સહિત તથા શિક્ષણવિદોએ પણ માનવજીવનના સર્વાંગી વિકાસ માટે - જ્ઞાનસમૃદ્ધ ભર્યા ભર્યા જીવન માટે અને અંતતઃ એક સમૃદ્ધ અને સુવિકસિત રાષ્ટ્રના ઘડતર માટે ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ ઉપર અને સવિશેષતઃ ઉચ્ચશિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકયો છે. આ સંબંધી આનુષંગિક કાનૂનો ઘડીને તેને અમલીકૃત કરવામાં આવી રહ્યા છે. આમ છતાં, એક યા બીજાં કારણો / હેતુઓસર કાયદાના હાર્દને અવગણીને - તેના ગર્ભિત સૂચિતાર્થોને અવગણીને તેમાંથી છટકબારી શોધીને તેની અવગણના થતી રહી છે. આ પણ એક ઊઘાડું સત્ય છે. પ્રાચીનકાળથી ભારતીય આચાર-વિચાર પરંપરામાં શિક્ષણક્ષેત્રને એક તીર્થસ્થાન સમાન દરજ્જો આપવામાં આવ્યો છે. રાજ્યસત્તા પણ આશ્રમની મર્યાદાનો ભંગ કરતી ન હતી, જેનાં ઉદાહરણો આપણી પ્રશિષ્ટ કૃતિઓમાં ગુંફિત છે, ઉદા. તરીકે કાલિદાસે 'અભિજ્ઞાનશાકુંતલ' (પ્રથમ અંક) માં નોંધ્યું છે કે રાજા દુષ્યંત કણ્વઋષિના આશ્રમમાં પ્રવેશ કરતાં પૂર્વે પોતાનો શસ્ત્રસરંજામ દરવાજે મૂકીને પ્રવેશ કરે છે - **'विनीतवेषेण प्रवेष्टव्यानि तपोवनानि नाम स ईदं तावद्गृहयताम्..''**

આશ્રમની મર્યાદાનું પાલન એ રાજધર્મ ગણવામાં આવતો હતો - અલિખિત છતાં અનુલંઘનીય. પરંતુ આજે આ સ્થિતિ રહી નથી. વધુમાં, હાલમાં શિક્ષણ એક વ્યવસાય બની ગયો છે, એક commodity ચીજવસ્તુ તરીકે ગણના કરવામાં આવી રહી છે. તેનું ગૌરવ દિનપ્રતિદિન હણાતું રહ્યું છે. તીર્થક્ષેત્ર તરીકેની વિભાવના સરે આમ ભુલાઈ રહી છે. અત્ર-તત્ર કવચિત અપવાદ બાદ કરતાં આ કહેવાતા શિક્ષણયજ્ઞોમાં પવિત્રતાની જ આહુતિ આપવામાં આવી રહી છે, વિવિધ પ્રકારનો ભ્રષ્ટ આચાર હદ વટાવી રહ્યો છે. આ બધું ક્યાં જઈને અટકશે એ ચિંતાનો વિષય બની રહ્યો છે. આ પરિસ્થિતિ સંબંધી આપણા પ્રબુદ્ધ સમાજશાત્રી અને પૂર્વ-કુલપતિ પ્રો. વિદ્યુત જોશીએ તેમના લેખ 'ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થામાં તંગદિલી'માં ઉદ્ધૃત કરેલ સુભાષિત સ્પર્શી જવાની સાથે આચરવામાં આવી રહેલ રીતિનીતિઓ સામે સચેત કરે છે :

**अन्यक्षेत्रे कृतं पापम्, तीर्थ क्षेत्रे विनष्यति ।**
**तीर्थक्षेत्रे कृतं पापम्, वज्रलेपो भविष्यति ॥**

આપણા દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ યુનિવર્સિટીની વિભાવના અને યુનિવર્સિટી પાસે સેવેલ અપેક્ષાઓ : 'A University stands for humanism. For tolerance for reason, for the adventure of ideas and for the search for truth. If the universities discharge their duties adequately, then it is well for the nation and for the people' દૂરંદેશિતાશીલ દિશાસૂચક હોઈ અનુકરણીય બની રહે છે. પરંતુ, આજની આપણી યુનિવર્સિટીઓનાં વહીવટીય અને શૈક્ષણિક કામગીરી, ઉત્પાદન, રાજકીય હસ્તક્ષેપ, વિદ્યાર્થીઓ દ્વારા કોઈ એક પક્ષના ઇશારે હાથ ધરવામાં આવતી અશૈક્ષણિક અને હીન પ્રવૃત્તિઓ વગેરે તરફ વિચાર કરતાં પંડિત નહેરુનાં સ્વપ્નો સાકાર થવા વિશે નિરાશા સાંપડે છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત અનુદાન અને પ્રસંગોપાત્ત દાતાશ્રીઓના દાનથી યુનિવર્સિટીઓનાં આલિશાન ભવનો અને હરિયાળાં પરિસરો પ્રથમ દૃષ્ટિએ પ્રભાવક જોવા મળે છે. પરંતુ આ બધું જેના માટે કે જે હેતુ નિર્મિત કરવામાં આવે છે તે ગૌણ બની રહ્યો છે. આજે તો યુનિવર્સિટીઓ ઉપર નિયંત્રણ - કબજો મેળવવાને પ્રાધાન્યતા આપવામાં આવી રહી છે. જેના પરિણામે 'Institution of Excellence''નો ખ્યાલ જ વિસરાઈ જતો જોવા મળે છે. કોઈપણ યુનિવર્સિટી ત્યારે જ શ્રેષ્ઠતમ સંશોધન કરી શકે - શ્રેષ્ઠ છાત્રધન પેદા કરી શકે કે જ્યારે તેના અધ્યાપકો ખરા અર્થમાં પ્રતિભાશાળી હોય, પ્રતિબદ્ધ વિદ્યા-અર્થી હોય, તેમનું એક માત્ર ધ્યેય અધ્યયન - અધ્યાપન - સંશોધન હોય. પરંતુ દુઃખ સાથે લખવું પડે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોને શોભાવે / સાર્થક કરે તેવા બૌદ્ધિક સજ્જતા સાથેના અધ્યાપકો કવચિત અપવાદ બાદ કરતાં કયાં શોધવા ? આજે અધ્યાપકોની પસંદગીમાં એક યા બીજી પરિસ્થિતિના કારણે શ્રેષ્ઠતમ ગુણવત્તા ગૌણ બનની જાય છે. પરિણામે અધ્યાપનનું, સંશોધનનું અને અંતતઃ યુનિવર્સિટીનું સ્તર નિમ્નસ્તરનું બની રહે છે. નવી વૈચારિક ચેતનાના પ્રાદુર્ભાવની શકયતા પણ નહિવત્ બની રહે છે. દિનપ્રતિદિન સ્થાનિક રાજકારણનો વધતો જતો દુષ્પ્રભાવ, એક યા બીજા બહાના હેઠળ વિરોધીઓ દ્વારા વિદ્યાર્થીઓનાં ટોળાં સાથે ધસી જઈ શાંતિનો ભંગ કરવો, વર્ગ ખંડોમાં વિદ્યાર્થીઓની ભારે અનિયમિત ઉપસ્થિતિ સામે આંખ આડા કાન, અધ્યાપકોની નિષ્ક્રિયતા, પરીક્ષાઓનાં પરિણામોની ટકાવારીમાં ફુગાવો, વિદ્વત્ત જર્નલો અને પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિ ભૂતકાળ બની રહેવી વગેરે બાબતો ચિંતા અને ચિંતનનો પ્રશ્ન બની રહયો છે. યુનિવર્સિટીઓ દ્વારા બહાર પાડવામાં આવતાં ઉચ્ચ ગુણાંક સાથેના ડિગ્રીધારી યુવકોની ગુણવત્તા સામે પણ ભારે મોટા પ્રશ્નો છે. આ એ એક મોટી વિડમ્બના છે. આ વિકટભરી સ્થિતિમાં મહાકવિ પ્રેમાનંદ (૧૭મી સદીનો ઉત્તરાર્ધનો વ્યંગની શીખ : **'જો ખડધાન્ય વાવીએ તો કયાંથી પામીએ સાખ'** હૈયે ધરીને ચિંતા છોડવી રહી કે સમાજ અને રાષ્ટ્રહિત કાજે કર્મઠ બની ઝઝૂમવું એ સુજ્ઞજનોએ વિચારવું રહ્યું.

યુનિવર્સિટી ઓફ દિલ્હી, જોધપુર અને કોટામાં

કુલપતિ તરીકે સેવાઓ આપનાર પ્રો. વી. આર. મહેતાનું મંતવ્ય : 'No wonder our institutions are often characterized by cheap politicking, debilitating texture of partisanship and allurement of power. There are nonetheless, some outstanding teachers here and there and some islands of excellence, but on the whole we have created a system where mediocrity reigns supreme Most of the Vice Chancellors keep or lose their jobs on account of the controversies arising out of the recruitment process. Or else, they may compromise their position which invariably damages the academic atmosphere of the Universities.'' ધ્યાનાર્હ બની રહે છે. આ જ મતલબની નોંધ National Knowledge Commission (2006) દ્વારા કરવામાં આવી છે : 'Universties do not always choose the best in part because of native son/ daughter policies which leave them to select their own former students. This tends to lower quality and foster parichialisation in universities'. કેટલીક યુનિવર્સિટીઓમાં રાજકારણ અમર્યાદ રીતે પ્રસરી ગયેલું જોવા મળે છે. આ સંબંધી 'યુનિવર્સિટી ઑફ કલકતા'માં સતત બે ટર્મ સુધી કુલપતિ તરીકે સેવાઓ આપનાર પ્રો. એસ. એન. સેનનું મંતવ્ય જોઈએ : ''Gone are the days of Sir Asutosh. The Vice-Chancellor is now expected to pay homage to the Education Ministers. He will also do well if he stands up when student leaders, especially the leaders of the group which professes the faith of the ruling Party, come to his room. For it is they who ultimately decide whether he would be allowed to continue with his job or not. Or is it the other way round ? Is it the ruling Party which decides when the services of a Vice-Chancellor are to be terminated and asks its student wing to start demonstrations with a demand for the resignation of the Vice-Chancellor.'

રાજ્યની યુનિવર્સિટીઓની સેનેટ અને સિન્ડિકેટમાં રાજ્ય સરકાર દ્વારા નિયુકત કરવામાં આવતા સભ્યો પણ પ્રાયઃ સંબંધિત સત્તાપક્ષ સાથે જોડાયેલા હોવાના કારણે યુનિવર્સિટીના વહીવટ ઉપર / કુલપતિ ઉપર તેનો સીધો પ્રભાવ જોવા મળે છે. ખાસ તો નિયુકત સભ્યો યુનિવર્સિટીના માહાત્મ્યને સમજે અને જાળવે તે પાયાની બાબત છે. આજે તો યુનિવર્સિટી પરિસરો - આપણાં સરસ્વતી મંદિરોને એક યા બીજા બહાના હેઠળ વિદ્યાર્થીઓ અને રાજકીય પક્ષોના સ્થાનિક કાર્યકરો દ્વારા અપપ્રચાર યા અન્ય રીતે બે રોક-ટોક દૂષિત કરવામાં આવી રહ્યાં છે. જ્યારે ખાનગી યુનિવર્સિટીઓનાં પરિસરો આવી પ્રવૃત્તિઓથી સાવ અલિપ્ત અને શાંત જોવા મળે છે.

પ્રતિબદ્ધ અધ્યાપકોની સાથે જ યુનિવર્સિટીઓનાં સમૃદ્ધ ગ્રંથાલયો ક્રિયાશીલ હોય તેમજ પ્રયોગશાળાઓ અદ્યતન સાધનસામગ્રીથી સુસજ્જ હોવાની સાથે તેનો મુકત રીતે યથેચ્છ ઉપયોગ કરી શકે તેવી સ્વાયત્તતા બક્ષતી હોય તે આવશ્યક બની રહે છે. આ દિશામાં આપણે આગળ વધવાની જરૂર છે. આપણાં મોટાભાગનાં યુનિવર્સિટી ગ્રંથાલયો જાહેર રજાના દિવસે બંધ રહે છે, ખુલ્લાં રહે છે માત્ર કોરા વાચનખંડો. વાચનખંડની સાથે ગ્રંથાલય પણ ખુલ્લું રહે તે આવશ્યક છે. આત્મશ્લાઘાનો દોષ વહોરીને પણ નોંધું છું કે આ લખનારે યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, લફબરો, ઇંગ્લેંડમાં વર્ષ ૧૯૮૯-૯૦માં અભ્યાસ દરમ્યાન અનુભવ્યું છે કે કમ્પ્યૂટર પ્રયોગશાળાની ચાવી વિદ્યાર્થીઓને સોંપવામાં આવતી હતી કે જેથી પોતાની અનુકૂળતા મુજબ રાત્રે પણ ઉપયોગ કરી શકે. આ સંદર્ભે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી (કેલિફોર્નિઆ)ના ગણિતશાત્રના એમિરટસ પ્રોફેસર વિઠ્ઠલભાઈ પટેલ કે

જેઓશ્રી આ યુનિવર્સિટીમાં ૧૯૬૯ - ૨૦૦૫ દરમિયાન કાર્યરત હતા કે જેમની ગણના યુનિવર્સિટીના 'Dozen Golden Professors' માં કરવામાં આવતી હતી તેમની સાથે આ સંબંધી પૃચ્છા કરતાં તેમણે જણાવ્યું હતું કે યુનિવર્સિટી કાર્યાલયના સમય બાદ નવરાં પડી રહેતાં યુનિવર્સિટીનાં અદ્યતન કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરવાની અનુમતિ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને આપવામાં આવતી.

ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી પરંપરાગત યુનિવર્સિટીઓ જેમકે શ્યામજીવર્મા કચ્છ યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી વગેરેની સાથે સાથે કોઈ ચોકકસ વિષય ક્ષેત્રની યુનિવર્સિટીઓ જેમકે, ફોરેન્સિક સાયન્સિસ, બાયોટેકનોલોજી, ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ યુનિવર્સિટી વગેરે સ્થાપવામાં આવી રહી છે. ત્યારે સહજ રીતે જ અપેક્ષા બની રહે છે કે સંબંધિત વિષય ક્ષેત્રોમાં સંશોધન પ્રવૃત્તિઓને ભારે વેગ મળશે, જોકે આ ત્યારે જ શકય બને કે જ્યારે યુનિવર્સિટીઓમાં પ્રતિભાસંપન્ન અધ્યાપકોની નિયુકિતની સાથે અદ્યતન માળખાગત જરૂરિયાતો પૂરી પાડવામાં આવે. પરંતુ અપેક્ષા મુજબ આમ થતું ન હોવાના કારણે અપેક્ષિત પ્રગતિ થઈ શકતી નથી. ક્વચિત નવી સ્થપાયેલ યુનિવર્સિટીઓના કિસ્સાઓમાં યુજીસી અનુદાનની પાત્રતા સંપન્ન કરવામાં પણ દસકા જેટલો સમય વીતી જાય છે, જેમકે, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ની સ્થાપના ૧૯૮૬માં થયા બાદ પ્રાયઃ ૧૯૯૫-૯૬ માં યુજીસી અનુદાનને પાત્ર થઈ હતી. આ પ્રકારનાં ઉદાહરણો સહજતાથી અત્ર-તત્ર મળી રહે છે.

પરંપરાગત યુનિવર્સિટીઓનું વિભાજન કરીને નવી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા પાછળ મુખ્યતઃ જે તે પ્રદેશના વિદ્યાર્થીઓને ઘરઆંગણે સુવિધાઓ મળી રહે તેમ જ તે પ્રદેશના બહુઆયામી વિકાસની ઉદાત્ત ભાવના તેના પાયામાં રહી છે. આમ છતાં, વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લેતાં નવી કંડારવામાં આવેલ યુનિવર્સિટી વિસ્તાર ક્ષેત્રના વિદ્યાર્થીઓને માતૃયુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં વિવિધસ્તરના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાનો સમાન હક ત્યાં સુધી ચાલુ રાખવો જોઈએ કે જ્યાં સુધી નવી યુનિવર્સિટીમાં તે વિષયના અનુસ્નાતક અભ્યાસક્રમની જોગવાઈ કરવામાં ન આવે. આ એટલા માટે અનિવાર્ય બની રહે છે કે નવી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવ્યા પછી તે વિસ્તારના વિદ્યાર્થીઓ 'અન્ય યુનિવર્સિટી'ની કેટેગરીમાં આવી જતા હોવાથી તેમને પ્રવેશ મળવાની શક્યતા નહિવત બની જાય છે - પ્રવર્તમાન નિયમ મુજબ જે તે યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ૯૫% અને ૫% બેઠકો રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ માટે અનામત રાખવામાં આવે છે. નવી યુનિવર્સિટી આશરે ૪-૫ અનુદાનિત અનુસ્નાતક વિભાગોથી શરૂ કરવામાં આવે છે, જ્યારે માતૃ યુનિવર્સિટીમાં આથી ઘણા અધિક અનુદાનિત અનુસ્નાતક વિભાગો હોય છે. આ દૃષ્ટિએ જોતાં પણ નવી યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓ નુકસાનમાં જ રહે છે. આ પ્રકારના પ્રાવધાનથી માતૃયુનિવર્સિટીનેકોઈ જ નુકસાન થતું ન હોવા છતાં આ પ્રતિ ઉપેક્ષા સેવવામાં આવી રહી છે અથવા આ બાબતે કોઈ ધ્યાન ગયું નથી. આ બાબતની નોંધ ગંભીરતાથી લેવા જેવી છે.

ગુજરાત રાજ્યની કુલ ૨૮ અનુદાનિત યુનિવર્સિટીઓ પાસેથી અનુદાનિત અનુસ્નાતક વિભાગો, કુલપતિશ્રીની નિયુક્તિ રેગ્યુલર ધોરણે કે ઇન્ચાર્જ, અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓની મંજૂર થયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ, વિવિધ અધિકારીઓની જગ્યાઓની રેગ્યુલર ભરતી કરવામાં આવી છે કે ઇન્ચાર્જ વગેરે સંબંધી માહિતી મેળવવા તા. ૭ ઑગસ્ટ, ૨૦૨૦ ના રોજ થી પત્ર અને સમયાંતરે સ્મૃતિપત્રો પાઠવતાં રહેતાં ૩૦ ડિસેમ્બર સુધી જે યુનિવર્સિટીઓ પાસેથી માહિતી પ્રાપ્ત થઈ છે તે નીચેના કોઠામાં દર્શાવી છે.

(નોંધ : ખાના નં. ૩, ૪ અને ૫ માં ઉપરની સંખ્યા જે તે સંવર્ગની મંજૂર સંખ્યા અને તેની નીચે દર્શાવેલ સંખ્યા ખાલી જગ્યાઓ દર્શાવે છે.)

| યુનિવર્સિટીનું નામ અને સ્થાપના વર્ષ | અનુદાનિત અનુસ્નાતક વિભાગો | અધ્યાપકોની મંજૂર /ખાલી જગાઓ | બિન શૈક્ષણિક કર્મચારીઓ મંજૂર ખાલી જગાઓ | વર્ગ-૪ના કર્મચારીઓની મંજૂર/ ખાલી જગાઓ | કુલપતિશ્રી રેગ્યુલર/ ઇન્ચાર્જ | અધિકારીઓની જગ્યાની મંજૂરી, ભરતી અને ખાલી જગ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કુલસચિવ | યુનિવર્સિટી લાઇબ્રેરિયન | શારીરિક શિક્ષણ નિયામક | પરીક્ષા નિયામક | ચીફ એકાઉન્ટ ઓફિસર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ગુજરાત ટેકનોલોજિકલ (૨૦૦૭) | ૦૩ | ૪૧<br>૨૬ | ૪૭<br>૧૯ | ૦<br>૦ | રેગ્યુલર | ભરાયેલી છે | મંજૂર કરી નથી | મંજૂર કરી નથી | ખાલી ૨૦૧૮થી | ખાલી ૨૦૧૬થી |
| મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર (૧૯૬૫) | માહિતી નથી | ૨૦૪<br>૧૦૬ | ૧૬૦<br>૨૩ | ૬૩<br>૧૮ | રેગ્યુલર | ભરાયેલી છે | મંજૂર કરી નથી | ભરાયેલી છે | ૨૦૧૮થી ઇન્ચાર્જ | ભરાયેલી છે |
| વીરનર્મદ... સુરત (૧૯૬૫) | ૧૮ | ૧૩૮<br>૫૯ | ૧૭૫<br>૭૦ | ૫૮<br>૨૩ | ઇન્ચાર્જ | ઇન્ચાર્જ | ઇન્ચાર્જ | ભરાયેલી છે | ભરાયેલી છે | ઇન્ચાર્જ |
| શ્રી સોમનાથ ...વેરાવળ (૨૦૦૫) | ૦૬ | ૨૬<br>૭ | ૧૯<br>૧ | ૨<br>૨ | રેગ્યુલર | ભરાયેલી છે | ભરાયેલી છે | ભરાયેલી છે | ભરાયેલી છે | ભરાયેલી છે |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ (૧૯૬૭) | ૨૮ | ૧૫૭<br>૯૬ | ૨૧૪<br>૧૦૯ | ૫૬<br>૩૧ | રેગ્યુલર | ઇન્ચાર્જ | ભરાયેલી છે | ભરાયેલી છે | (માહિતી નથી) | ભરાયેલી છે |
| હેમચન્દ્રાચાર્ય ...પાટણ (૧૯૮૬) | ૦૮ | ૫૧<br>૨૧ | ૧૩૬<br>૪૫ | ૩૦<br>૨૩ | રેગ્યુલર | ૨૦૦૫થી ઇન્ચાર્જ | ૨૦૦૯થી ઇન્ચાર્જ | ૨૦૦૮-૨૦૨૦ ઈન્ચાર્જ ૨૦૨૦ ઑક્ટોબરથી રેગ્યુલર ભરતી | ઇન્ચાર્જ ૨૦૧૦થી | ભરાયેલી છે |
| આણંદ કૃષિ ...(૨૦૦૪) | ૦૬ | ૫૯૨<br>૧૭૧ | ૭૪૮<br>૩૬૫ | ૨૨૬<br>૧૭૭ | ઇન્ચાર્જ | ભરાયેલી છે | મંજૂર કરી નથી | મંજૂર કરી નથી | મંજૂર કરી નથી | મંજૂર કરી નથી |
| જૂનાગઢ કૃષિ ...(૨૦૦૫) | ૩૭ | ૬૧૮<br>૨૪૨ | ૯૮૯<br>૩૧૩ | ૧૦૯<br>૨૯ | ઇન્ચાર્જ | ઇન્ચાર્જ | મંજૂર કરી નથી | ભરાયેલી છે | મંજૂર કરી નથી | ભરાયેલી નથી |
| સરદાર કૃષિ... દાંતીવાડા (૧૯૭૨) વિભાજન : (૨૦૦૪) | ૦૮ | ૫૧૭<br>૧૯૩ | ૮૧૭<br>૪૩૪ | ૪૦૫<br>૧૨૧ | ઇન્ચાર્જ | ઇન્ચાર્જ | ભરાયેલી છે | મંજૂરી કરી નથી | મંજૂર કરી નથી | મંજૂર કરી નથી |

ઉપર દર્શાવેલા કોઠામાં ગુજરાતની યુનિવર્સિટીઓમાં અનુદાનિત વિભાગો, વિવિધ સ્તરની નિમણૂકો અને અન્ય આનુષંગિક બાબતો સંબંધી યથાતથ આંકડાકીય વિગતો ડિસેમ્બર-૨૦૨૦ની સ્થિતિની દર્શાવે છે. આ આંકડા જોતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે સરેરાશ એક તૃતીયાંશથી અધિક જગ્યાઓ ખાલી છે. અનુદાનિત અનુસ્નાતક વિભાગોની અસમતુલા પણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. આશ્ચર્ય તો એ છે કે શૈક્ષણિક દૃષ્ટિએ યુનિવર્સિટી ગ્રંથાલય યુનિવર્સિટીના હૃદય સમાન હોવા છતાં ઘણી ખરી યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી લાઇબ્રેરિયનની જગ્યા વર્ષોથી ખાલી રાખવામાં આવી રહી છે, તો કેટલીક યુનિવર્સિટીઓમાં આ જગ્યા જ મંજૂર કરવામાં આવી નથી. અનુદાનિત કોલેજોમાં ગ્રંથપાલોની ભરતી પ્રાયઃ બે દસક પૂર્વેથી કરવામાં આવતી નથી. પગારધોરણમાં પણ અસમાનતા. આ પાછળ કયો તર્ક કાર્ય કરતો હશે ? અન્ય એક આશ્ચર્ય એ છે કૃષિ યુનિવર્સિટીઓના વિભાજન, સંસ્કૃત યુનિ. અને જીટીયુને બાદ કરતાં પ્રાયઃ છેલ્લા બે દસકમાં અવનવી આશરે ૧૫ જેટલી યુનિવર્સિટીઓ પૈકી કોઈએ પ્રશ્નાવલી ભરીને પરત મોકલી આપી નથી. કારણો શોધવાની જરૂર ખરી ? આ સાથે એ પણ હકીકત છે કે યુનિવર્સિટીઓમાં અધ્યાપકોની ભરતીની સ્થિતિ અન્ય રાજ્યો અને ખુદ કેનેદ્રિય યુનિવર્સિટીઓમાં પણ સારી નથી જ.

યુનિવર્સિટીની વિભાવના અને આપણી યુનિવર્સિટીઓ સંદર્ભે - હાલની સ્થિતિ અને તેને સુધારવા શું કરી શકાય, ઉપેક્ષિત ગ્રંથાલયો, અધ્યાપકોની સંન્યાસી વૃત્તિ, વિદ્યાર્થીઓ અને રાજકારણ, સ્થાપિત હિતોની 'સ્થિતસ્ય સમર્થનમ્ નીતિ, યુનિવર્સિટીઓનું વિકેન્દ્રીકરણ, સંસ્કૃત અને ભાષા સમસ્યા, આપણા સાંસ્કૃતિક સંદર્ભને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ટાળતા રહેવું વગેરે અનેકાનેક બાબતો વિશે ભોળાભાઈ પટેલે જેમને 'નૂતન આબોહવાના સર્જક' ઓળખાવ્યા હતા તેવા પ્રબુદ્ધ સર્જક-વિવેચક સુરેશ જોષીએ આશરે ચારેક દાયકા પૂર્વે તેમના નાનકડાગ્રંથ **'વિદ્યા વિનાશના માર્ગે'**, સુરેશ જોષીનું સાહિત્ય વિશ્વ : નિબન્ધ-૨ / સંકલન શિરીષ પંચાલ. ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૦૩ પૃ. ૫૪૧-૬૦૦ માં રજૂ કરેલ ધારદાર અવલોકન સંબંધિત પક્ષો ઉપરાંત સવિશેષતઃ નીતિનિર્ધારકો માટે દિશા કંડારનાર બની રહે છે. આ રહયા કેટલાક અંશો :

''સ્થિતસ્ય સમર્થનમ્ માટે વિદ્યાપીઠો નથી. વિદ્યાપીઠો પરમ્પરાની જાળવણીને નામે નવા સન્દર્ભમાં ઊભા થતા વૈચારિક સંઘર્ષોને ટાળે નહીં, ઊલટાનું એ સંઘર્ષોનું સાચું સ્વરૂપ, અનુચિત અભિનિવેશથી મુકત રહીને, ઉપસાવી આપે. પોળે પોળે જેમ દૂધની કેબિનો હોય છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠ ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહયો છે એવી ભ્રાન્તિને વશ થનારા બાલિશ જ લેખાય. હવે એ તપાસવું જરૂરી છે કે અનેક પ્રકારના બોજાથી કચડાતો આપણો સમાજ અને આપણો આ દરિદ્ર દેશ કેટલી નકામી અકાર્યકર સંસ્થાઓ નાહક નભાવી રહ્યો છે. દરેક વિદ્યાપીઠનો કશોક આગવો વિશેષ હોવો જોઈએ. એની કશીક આગવી મુદ્રા હોવી જોઈએ. જો એવું નહીં બને તો એક સરખા માલનું ઉત્પાદન કરનારાં કારખાનાં જેવી વિદ્યાપીઠો બની રહે. આજે લગભગ આપણે એ સ્થિતમાં આવી પડયા છીએ... વિદ્યાપીઠોને મહેલ જેવાં મકાનો વગર ચાલે પણ સારાં પુસ્તકાલયો વગર કેમ ચાલે ? પુસ્તકાલયની અપૂરતી સગવડ માટે હજી ખાસ આન્દોલન થયાનું સાંભળ્યું નથી... પ્રામાણિકપણે એ કબૂલ કરવું રહ્યું કે શિક્ષકો પણ પોતાના જ્ઞાનના સામર્થ્યથી ઝાઝો પ્રભાવ પાડે એવા રહ્યા નથી. એમાં દરેક યુનિવર્સિટીમાંથી થોડા સુખદ અપવાદો મળી રહે. ...જ્ઞાનોપાર્જનની કશી પણ જંજાળથી નિર્લિપ્ત રહીને અર્થોપાર્જન કર્યે જાય છે. એથી પ્રોફેસર તો આપણા જ્ઞાનજગતનો સાચો સંન્યાસી છે.'' વગેરે.

આ સાથે જ JNU માં વિદ્યાર્થીઓની દેશહિતવિરોધી ગતિવિધિઓ સંદર્ભે ડૉ. અંશુ જોષી કૃત નવલકથા **'JNU में એક લડકી રહતી થી'** ને 'JNUનો અસલી ચહેરો ખુલ્લો પાડી દેવાનું પુણ્યકર્મ કર્યું છે' તે રીતે ઓળખાવીને તેને આવકારતાં આપણા પ્રબુદ્ધ વિચારક - ચિંતક - સર્જક ગુણવંત શાહે 'દિવ્ય ભાસ્કર'માં પ્રગટ થતી તેમની સાપ્તાહિક કૉલમ 'વિચારોના વૃંદાવન' અંતર્ગત તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ 'આખરે યુનિવર્સિટી એટલે શું' શીર્ષક

હેઠળના લેખમાં યુનિવર્સિટી એટલે શું તે સમજાવવાની સાથે કેટલાક સમય પૂર્વે JNU માં મચાવવામાં આવેલ યાદવાસ્થળી વિશે ભારે આક્રોશ અને વ્યથા સાથે સ્વધર્મનું પાલન કરતાં વિદ્યાર્થીઓને પ્રબોધન કરતાં નોંધેલ શબ્દો : 'યુનિવર્સિટી એટલે વિચારોનું વૃંદાવન'. JNU માં એવું પર્યાવરણ નથી... હલકટ યુવાનો સ્વામી વિવેકાનંદ જેવા વિશ્વમાનવને સમજી શકે શકય ખરું ? ...પંડિતજીનું નામ ધરાવતી આ નપાવટ યુનિવર્સિટીમાં ખુલ્લા મનની પ્રતિષ્ઠા નથી... JNU માં આદર્શ ડાબેરી વિચારધારાને નામે તમારા મનમાં રોજ દુર્યોધનીય દુર્ગુણો ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે અને સમય વહે તે સાથે તેમના મનનું કન્ડિશનિંગ (અભિસંધાન) થઈ જાય ત્યાં સુધી એ કાર્ય ચાલુ જ રહે છે. અરે મિત્રો ! પંડિત જવાહરલાલ જેવા સંવેદનશીલ માનવીને પણ JNU ની આજની ગતિવિધિ માન્ય ન હોઈ શકે. તમારા મનમાં અને મગજનાં બારીબારણાં જ બંધ છે. કાર્લ માકર્સને પણ તમારી વિચારશૈલી અને જીવનશૈલી માન્ય હોઈ શકે ખરી ? તમારી કહેવાતી વિદ્યા અહંકારવર્ધક, દંભવર્ધક, તમોગુણવર્ધિની, દુર્ગુણવર્ધિની અને જડતામૂલક છે. તમારી નાસ્તિકતા પણ સ્વચ્છ નથી. બુદ્ધ અને મહાવીર કયાં આસ્તિક હતા ? સામા માણસની દલીલમાં રહેલું ચપટીક સત્ય પણ સ્વીકારી ન શકો એટલા બુદ્ધિહીન તમને બનાવી દે તેવી વિદ્યા શા કામની ? આદિ શંકરાચાર્યે વિતંડાવાદી દલીલબાજી માટે 'જલ્પ' શબ્દ પ્રયોજ્યો હતો. વ્યસન પ્રત્યે તમને પ્રેમ છે કારણ કે તમને સ્વચ્છ વિચારનો અને સત્ત્વગુણી આચાર પ્રત્યે હઠીલો અણગમો છે. સમતાવાદી (ઈગેલિટેરિયન) સમાજની રચના માટે તમને આકર્ષણ છે, પરંતુ તમને પરદેશી શરાબ મોંઘો નથી લાગતો. દેશ પ્રત્યે તમને નફરત કેમ છે ? તમે તો મહંમદ ગઝનીને, અલાઉદીન ખીલજીને અને મહંમદ ઘોરીને અને ઔરંગઝેબને પણ 'સેકયુલર' ગણો તેવા બુદ્ધિખોર 'આદર્શવાદી' છો, તમારી યુનિવર્સિટી અમારા જેવા નાગરિકોને પૈસે ચાલે તેનું દુઃખ ઓછું નથી. તમારે મન રામ શું, કૃષ્ણ શું, ઈસુ શું, મોહંમદ અને ગાંધી શું ? હા, તમે બધી રીતે 'નપાવટ' છો.' નિર્ભીક વિચારકના દ્યોતક બની રહેવાની સાથે વિદ્યાર્થીઓને રોકડું પરખાવીને સાચી દિશા ચીંધતા બની રહે છે. આ લેખ ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને દેશની યુનિવર્સિટીઓનાં પરિસરોમાં સંબંધિતોના વાંચન અર્થે પરિપત્રિત કરવો એ આજના સમયની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

---

**(અનુસંધાન પૃષ્ઠ : ૩૯થી ચાલુ)**

ઈડરની કૉલેજોની શૈક્ષણિક – સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અદના કર્મશીલો, રાજકારણીઓ, સંતો, જેમ કે. પૂ. મોટા સંતરામ મંદિરના સંતો, રવિશંકર મહારાજ, મોરારજી દેસાઈ, બાબુભાઈ જશભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, રિખવદાસ શાહ, આચાર્યશ્રી હરિહર શુક્લ, પ્રો, ધર્માંશુ વસાવડા વગેરે સાથેના સંબંધો વગેરે બાબતોને વણી લેવામાં આવી હોવાથી એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોતની ગરજ સારતો ચરિત્રગ્રંથ તૈયાર થયો છે.

વિવિધ ઘટનાઓ / પ્રસંગો વિશે ચરિત્રનાયકનાં પોતાનાં વાક્યાંશો / પ્રકરણો અને તેના અનુસંધાનમાં ભાનુપ્રસાદ ભાષ્ય – ચેતોવિસ્તારના સુભગ સમન્વય થકી ઇડરિયા ગઢના પ્રાંગણમાંથી વિકાસ પામેલા દીપસ્તંભ સમાન વ્યક્તિત્વનો અજવાશ અને તેની ફોરમ વાચકને સ્પર્શી જાય છે. કારણ કે અહીં ડૉ. સોનેરી એક સહૃદયી વ્યક્તિ, કુટુંબવત્સલ, પોતાના વ્યાપક સમાજ સાથે ઉત્તરાદાયિત્વની સભાનતા સાથે અનુબંધ જાળવનાર જનપ્રતિનિધિ – લોકસેવક, પોતાને એક યા બીજી રીતે મદદરૂપ નીવડેલાઓ પ્રતિ ઋણસ્વીકારની ભાવના સાથે સ્મૃતિવંદના પાઠવનાર વગેરેથી સંપન્ન એક અદના વ્યક્તિ તરીકેનાં પાસાંને અર્થાત્ તેમના અંતઃસત્વને – રાજકારણમાં રહીને પણ 'પદ્મપત્રમિવામ્ભસા' બની રહેનાર સમન્વયશીલ વ્યક્તિત્વને ઉજાગર કરવામાં આવ્યું છે. અહીં ડૉ. સોનેરીએ પોતાનાં માતા અને પત્નીની સ્મૃતિમાં અભિવ્યક્ત કરેલાં સ્નેહ સંભારણાં અને હૃદયોદ્‌ગાર વાચકને ભીંજવી જાય છે. આ સાથે રાજ્ય સરકારમાં મંત્રી તરીકેના કાર્યકાળમાં સંપન્ન કરેલાં કાર્યો, Biodata અને વિવિધ પ્રસંગોની સ્મૃતિ તાજી કરાવતા ફોટોગ્રાફ્સ ડૉ. સોનેરીની ઓળખ માટે ઉપકારક બની રહે છે. સમગ્રતયા, ડૉ. કેશુભાઈ દેસાઈએ આ ગ્રંથને આવકારતાં નોંધેલ શબ્દો : "અનેક પડાવો... આવરી લેતા પુરુષાર્થીની આ સ્મરણસંહિતા આપણી નવી પેઢી માટે પ્રેરણાદીપ બની રહેશે" યથાર્થ બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

**સ્વ. ભરતકુમાર લાલભાઈ પટેલ ❑ સ્વ. પ્રોફેસર બી. એ. પ્રજાપતિ**

## સ્વ. ભરતકુમાર લાલભાઈ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના અને સર્વહારાવર્ગના આપ્તજન શ્રી ભરતકુમાર લાલભાઈ પટેલનું કોરોનાને કારણે અમદાવાદમાં તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ અવસાન થતાં સર્વ વિદ્યાલય પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. સ્વ. ભરતકુમાર પટેલ ખરા અર્થમાં મળવા જેવા સહૃદયી અને મૂઠી ઊંચેરા માનવ હતા. તેમનાં વાણી, વ્યવહાર અને વિનમ્રતા અજાણ્યાને પણ સ્પર્શી જાય તેટલાં સ્પૃહણીય રહ્યાં હતાં. છલકતા હૈયે સૌને સત્કારવાની ભાવના તેમના લોહીનો લય બની ગઈ હતી. આતિથ્યભાવના તો ભરતભાઈની જ. તેમની પ્રકૃતિ **'सर्वेषां सुहृत नित्यं सर्वेषां च हिते रताः'** સમાન નરસિંહ મહેતાને અભિપ્રેત એવા એક વૈષ્ણવજનની રહી હતી. તેમના વ્યકિતત્વની આગવી ખાસિયત એ કે પોતાની જાતને low profile રાખવી. સર્વહારાવર્ગ પ્રત્યેની તેમની ક્રિયાશીલ અનુકંપા અસાધારણ રહી હતી. પોતાનો બૃહદ-પરિવાર અમેરિકામાં સ્થાયી થયો હોવા છતાં વતન પ્રત્યેના લગાવના કારણે પ્રસંગોપાત્ત વતનની મુલાકાતે આવતા રહયા હતા. તેમની આ મુલાકાતો દેશાટનથી પ્રેરાઈને નહીં, પરંતુ તેમાં વતનનાં સ્વજનોને મળવા ઉપરાંત જરૂરતમંદોને મળીને મદદરૂપ નીવડવાની ભાવના પ્રબળ બની રહેતી. પ્રત્યેક મુલાકાત ટાણે મુખર થયા સિવાય – પ્રસિદ્ધિથી દૂર રહીને અપરિચિતોને પણ જીવનજરૂરી ચીજવસ્તુઓ અનાજ વગેરે ખરીદી આપવી, વિધવા બહેનોને પગભર થવા મદદ, કન્યાઓના લગ્નપ્રસંગેનો ખર્ચ ઉપાડી લેવો, વિદ્યાર્થીઓને અભ્યાસાર્થે મદદ કરવી, સમાજસેવી સંસ્થાઓને દાન વગેરે પ્રવૃત્તિઓ તેમની જીવનશૈલીનો હિસ્સો બની ગઈ હતી. તેમને સાચે જ નીચે દર્શાવેલા સુભાષિતનું મૂર્તિમંત સ્વરૂપ સમ અનુભવ્યા છે :



**यस्मिन् जीवती जीवंती दीना मित्राणि बान्धवाः ।**
**सफलं जीवितं तस्य ह्यात्मार्थेका न जीवति ॥**

અર્થાત્ : જે મનુષ્ય અન્યની જરૂરિયાતો સમજી, તેને પૂરી પાડવાના પ્રયત્નો કરે છે; પોતાના વર્તનથી મિત્રો, સ્નેહી-સ્વજનો અને સહકાર્યકરોને સુખ અને સંતોષ આપે છે તે મનુષ્ય સફળ જિંદગી જીવી જાણે છે, કારણ કે તે પોતે સ્વાર્થી થઈને માત્ર પોતાના જ માટે જીવન જીવતો નથી.

સર્વ વિદ્યાલય પ્રતિ અનન્ય આસ્થા-ભકિત તેમને વારસામાં મળી હતી અને યથાર્થપણે નિભાવી પણ હતી. અર્થાત્ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળને આજ દિન સુધી સેવાઓ આપનારા સેવકોના ઇતિહાસમાં સૌથી વધુ સમયગાળા સુધી એટલે કે સતત ૫૧ વર્ષ સુધી એક યા બીજા હોદ્દાઓ ઉપર (મંત્રી, ઉપપ્રમુખ અને ચૅરમૅન) સેવાઓ આપનાર વકીલશ્રી ધનાભાઈ પટેલના તેઓશ્રી જમાઈ હતા. પૂજ્ય ધનાભાઈ વકીલ અને તેમના સુપુત્ર ડૉ. કનુભાઈ પટેલ (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા)નો આ સંસ્કાર વારસો સ્વાભાવિક રીતે જ પ્રભાવતીબહને અને શ્રી ભરતકુમારમાં સંક્રમિત થયો હતો. ડૉ. કનુભાઈને તો પોતાના role model તરીકે સ્વીકારીને તેમના પગલે પગલે પોતાનો માર્ગ કંડારતા રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વધુ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને મદદ કરવાના હેતુસર 'વિદ્યાર્થી સહકારી મંડળી'ની સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળ દ્વારા સૌ પ્રથમ વખત ૮ વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦૦-૫૦૦૦ની મદદ કરવામાં આવી હતી. આ આઠ વિદ્યાર્થીઓ પૈકીના એક ભરતકુમાર હતા. આ એ ભરતકુમાર હતા કે જેમણે સર્વ વિદ્યાલયનું આ ઋણ પોતાના હૈયામાં સતત તાજું જ રાખ્યું અને તેમાંથી ઋણમુક્ત થવા સતત પ્રયત્નશીલ બની રહ્યા હતા – પોતાના આયખાની અંતિમ ક્ષણ સુધી. એટલે કે પોતાની વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી આ

મંડળને વખતો વખત યથાશકિત દાન આપતા રહયા હતા. તેમણે આપેલ દાનને ધ્યાને લઈ 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' સંચાલિત કડીની માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાનું નામ **'પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ'** પણ આપવામાં આવ્યું છે. દાન સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે ૧૯૮૨ માં સર્વ વિદ્યાલયનું પ્રથમ પ્રતિનિધિ મંડળ જ્યારે દાન માટે અમેરિકા ગયું હતું ત્યારે પ્રથમ ઉતારો શ્રીમતી પ્રભાવતીબહેન ભરતકુમારના નિવાસસ્થાને રહ્યો હતો અને દાન-ગંગાનો શુભારંભ પણ તેમણે કર્યો હતો. આ પછી પણ વખતોવખત અમેરિકા ગયેલાં સર્વ વિદ્યાલયનાં પ્રતિનિધિ મંડળો અનુકૂળતા મુજબ તેમનું આતિથ્ય માણતાં અને દાન પણ મેળવતાં રહ્યાં હતાં. આ બાબતની હરખભેર નોંધ ઋષિકુળ પરંપરાના આપણા આચાર્ય મોહનલાલ પટેલસાહેબે તેમનાં એકાધિક સંસ્મરણોમાં ગર્વભેર લીધી છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં ડૉ. કનુભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાનું પ્રતિનિધિ મંડળ દાન માટે અમેરિકા ગયું હતું ત્યારે તે દિવસે રક્ષાબંધન પર્વ હતું. આ પ્રસંગે બહેન પ્રભાવતીબહેને ભાઈ ડૉ. કનુભાઈને તેમજ શ્રી વલ્લભભાઈ અને શ્રી સૂર્યકૃષ્ણનને રક્ષા બાંધીને શ્રી ભરતકુમાર અને શ્રીમતી પ્રભાવતીબહેને રૂ. ૫૧ લાખનું દાન સર્વ વિદ્યાલયને આપીને ભાઈ-બહેનના સ્નેહને ગાઢ બનાવ્યો. આ અંગે ખાસ ધ્યાનપાત્ર બાબત એ બની રહે છે કે આ પવિત્ર બંધન સમયે પરંપરા મુજબ ભાઈએ બહેનને દક્ષિણા આપવાની રહે છે, તેના સ્થાને બહેને દાન આપ્યું. અલબત્ત સર્વ વિદ્યાલયને આ દાનયાત્રાનાં સંસ્મરણો અહીં ભરતભાઈ પટેલનું પરોપકારી વલણ વર્ણવતાં કુલસચિવશ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાએ જણાવ્યું કે અમારા કૅમેરાની બૅટરી બિનકાર્યક્ષમ થઈ જતાં રાત્રે ૧૨ કલાકે કેટલાક કિલોમીટર દૂર સ્થિત વૉલમાર્ટમાં મને લઈ જઈને નવી બૅટરી તેમણે અપાવી હતી. આવી હતી તેમની અસાધારણ સેવાભાવના.

વતનની છેલ્લી મુલાકાત ટાણે અમદાવાદમાં હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે સંઘર્ષ વેઠી રહ્યા હતા તે સમયે અગાઉ આપેલ રૂ. ૫૧ લાખની દાનની રકમમાં વધારો કરી રૂપિયા એક કરોડનું દાન આપવા માટે તેમનાં ધર્મપત્ની શ્રીમતી પ્રભાવતીબહેનને જણાવ્યું હતું. આ છે ભરતકુમારની સર્વ વિદ્યાલય પ્રત્યેની અનન્ય આસ્થા-ભકિતનું દ્યોતક ઉદાહરણ. સર્વ વિદ્યાલય આજે આવા ઉમદા દાનવીરોની પ્રપત્તિભાવપૂર્વકની ભક્તિ-ભાવનાના કારણે શતાયુ વટાવી ચૂક્યું હોવા છતાં પલ્લવિત - પુષ્પિત બની રહી નવયૌવનસંપન્ન સોહી રહ્યું છે.

સ્વ. ભરતકુમારના વ્યક્તિત્વની કેટલીક આગવી ખાસિયતો ધ્યાનાર્હ બની રહે છે : ખાસ તો તેમની અતિથિવત્સલતા સ્પર્શી જાય તેવી રહી હતી. ખરા અર્થમાં તેઓશ્રી માણસ ભૂખ્યો જીવ હતા. આ સંદર્ભે નોંધવું રહ્યું કે ન્યૂયૉર્કથી ડિઝનીલૅન્ડ (ફ્લોરિડા) રોડ માર્ગે જવા માટે ૧૬થી ૧૮ કલાક જેટલો સમય થાય. આ માર્ગે તેમની મોટેલ આશરે ૮ કલાકની યાત્રાના અંતરે સ્થિત. સ્વાભાવિક રીતે જ આટલા સમયની યાત્રા બાદ આરામની આવશ્યકતા બની રહે. આ માર્ગે પસાર થતાં કોઈ પણ ભારતીય પાસેથી મોટેલમાં નિવાસ-ભોજન માટે કોઈ ચાર્જ લીધા સિવાય સૌને પ્રેમથી પ્રસન્નવદને સત્કારે. અરે ! એકાદ પ્રસંગે યુ.કે.થી ભારતીય પરિવાર આ રસ્તેથી પસાર થતાં ખુલ્લામાં અનુકૂળ જગ્યાએ પોતાના પડાવની વ્યવસ્થા કરી રહ્યો હતો તે સમયે ભરતભાઈ ત્યાંથી પસાર થતાં આ દૃશ્ય જોતાં જ તેમને સૌને પોતાના ત્યાં હરખતા હૈયે તેડી લાવ્યા અને ઉમદા પરોણાગત પૂરી પાડી હતી. પોતાના પરિવારનાં સુખદુઃખના પ્રસંગોએ પોતાની જાતને કહેવાતાં સામાન્ય કાર્યોમાં સ્વેચ્છાએ પ્રસન્નતા સાથે પરોવી દેવી એ તેમની પ્રકૃતિ હતી. સ્વદેશમાં છેલ્લા નિવાસ દરમ્યાન કોરોનાને કારણે ઘરકામની જવાબદારી – સુધ્ધાં પોતે સંભાળી લીધી હતી. તેઓશ્રી ખરા અર્થમાં ગીતાને અભિપ્રિત એવા અનપેક્ષઃ શુચિર્દક્ષ તથા ગુણાતીત હતા :

समदुःखसुख स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

૧૪.૨૪-૨૫

જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથરા તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાન ભાવ રાખે છે. જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને વેરી પક્ષમાં પણ સમ છે તેમજ સર્વ કર્મોમાં કર્તાપણના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે.

તેઓશ્રી પુસ્તક-પ્રેમી હતા. વાંચનએ તેમનો નિજી

શોખ હતો. તેમની સાથેની મુલાકાત સમયે અવનવાં પુસ્તકો અને લેખકો વિશે રસથી આદરપૂર્વક વાતો કરે. પુસ્તકોનું મુદ્રણ કલાત્મક અને સુઘડતાપૂર્વક થાય તેના આગ્રહી હતા. તેમણે અમેરિકા સ્થિત જૈફવયના પોતાના મામા શ્રી કાન્તિભાઈ ના. પટેલ (કેન પટેલ, ડાંગરવા) કૃત બે પુસ્તકો 'હડસનને આરે - ચંબલની પાળે' (૨૦૧૬), અને 'વગડાની વાટે - મેઘનાને ઘાટે' (૨૦૧૯)ના મુદ્રણ માટે ભારે કાળજી લીધી હતી તેનો આ લખનાર સાક્ષી છે.

આવા ગૌરવપુરુષ સ્વ. ભરતકુમાર પટેલનું મૂળ વતન / ગામ પલિયડ, તા. જિ. ગાંધીનગર. તેમના વડવાઓ વર્ષોપૂર્વે ધંધાર્થે અમદાવાદમાં – અસારવા, જહાંગીરપુરામાં સિવિલ હૉસ્પિટલની સામે સ્થાયી થયા હતા, જ્યાં આજે પણ તેમના દાદાશ્રી 'જીવરામભાઈ પટેલની ચાલી' અસ્તિત્વ ધરાવે છે. અહીં ભરતભાઈનો જન્મ ૨૮ ઑક્ટોબર, ૧૯૪૯ના રોજ થયો હતો. પિતા લાલભાઈનું નાની વયે અવસાન થતાં પોતાનાં પાંચેય સંતાનો - ચાર પુત્રો અને એક પુત્રીનો માતાએ ભારે સંઘર્ષમય સ્થિતિમાં ઊછેર કર્યો હતો. ભરતભાઈએ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, અમદાવાદ સાયન્સ કૉલેજમાંથી B.Sc. અને આર.બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશનમાંથી B.ed.નો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ બાદ તેમના શ્વસુર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તત્કાલીન ક્રિયાશીલ અગ્રણી વકીલ શ્રી ધનાભાઈ પટેલનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી વકીલાત કરવાના આશય સાથે એલએલ.બી.નો અભ્યાસ શરૂ કર્યો. આ દરમ્યાન ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ અર્થે શિકાગો યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતાં અમેરિકાના વીઝા (visa) મળતાં ૧૯૭૨માં અમેરિકા ગયા હતા. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવ્યા બાદ ન્યૂયૉર્કમાં એન્જિનિયર તરીકે પાંચ વર્ષ નોકરી કરી. આ નોકરી દરમિયાન અમેરિકન સમાજજીવન, ધંધા-ઉદ્યોગ, સ્વતંત્ર વ્યવસાય અને આર્થિક તથા કૌટુંબિક હિતો વગેરે વિશે વૈચારિક પરિપક્વતા કેળવતાં નોકરી છોડીને કોરડેલ જ્યોર્જિયામાં મોટેલ વ્યવસાયમાં ઝંપલાવ્યું. તેમનું આ સાહસિક અને દૂરંદેશિતાશીલ પગલું ધ્યેયનિષ્ઠ કઠોર પરિશ્રમ થકી ફળદાયી નીવડ્યું. 'साहसे श्रीर्वसति' સૂક્તિને તેમણે ચરિતાર્થ કરી. મોટેલ ઉદ્યોગ ક્ષેત્રે ઝડપથી સિદ્ધિનાં શિખરો સંપન્ન કરતાં નોર્થ કેરોલીનમાં 'રેડકાર્પેટ ઈન' અને 'સ્કોટિશ ઈન'ની સ્થાપના કરી. આ ક્ષેત્રનાં ઉદ્યમશીલતા (entrepreneurship) અને ડહાપણ (wisdom)ના કારણે સૌના પ્રીતિપાત્ર બન્યા તેમજ મોટલ એસોસિએશનનું પ્રમુખપદ ગરિમા સાથે દીપાવ્યું હતું. અમેરિકામાં પ્રાપ્ત સુખ-સમૃદ્ધિ વચ્ચે પણ તેમણે વતન પ્રત્યેનું મમત્વ જીવનપર્યંત જાળવી રાખ્યું હતું. ખાસ તો પોતાના મૂળ ગામ પલિયડમાંથી શતાધિક વર્ષ પૂર્વે અમદાવાદમાં સ્થાનાન્તરિત થયા હોવા છતાં પલિયડ પ્રતિ વિશેષ અહોભાવ ધરાવતા રહી ગામની સુખાકારી અર્થે આર્થિક સહયોગ આપતા રહ્યા હતા.

અમેરિકામાં પગભર અને સ્થાયી થવાની સાથે જ પોતાના ત્રણેય નાના ભાઈઓ – શ્રી મહેન્દ્રભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી મુકેશભાઈ અને બહેન લીલાબહેન ઉપરાંત અન્ય સ્વજનોને હોંશભેર અમેરિકામાં બોલાવીને સ્થાયી કર્યાં. આ સૌએ શ્રી ભરતભાઈની આ ઉદારચેતા ભાવના તેમના પગલે-પગલે ચાલુ રાખી. આવાં પ્રેરણાદાયી ગુણો વિશે આપણા આર્ષગ્રંથ ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણ કહયું છે કે :

**यद्यदाचरति श्रेष्ठस्तडदेवेतरो जनः ।**
**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥**

અર્થાત્ મહાન વ્યકિતઓ પોતાના જીવનમાં જે જે આચરે છે તેને આદર્શ સમજીને અન્ય માણસો પણ અનુસરે છે. વળી, આ મહાન વ્યકિતઓ સમાજમાં જે કોઈ ધોરણો પ્રસ્થાપિત કરી આપે છે તેનું સકળ માનવસમૂહ અનુસરણ કરે છે. સ્વ. ભરતભાઈનું આ પ્રેરણાદાયી કાર્ય અમેરિકામાં શરૂ થયેલું. તેમના આ બૃહદ્ પરિવારનું ઘટાદાર વંશવૃક્ષ આજે ૧૨૦૦ જણનું થયું છે. જે-જે સ્વજનો, પરિચિતો વગેરેને અમેરિકામાં સ્થાયી થવા માટે તેમણે તેડાવ્યાં / મદદરૂપ નીવડ્યા તે સૌ પગભર થાય ત્યાં સુધી તેમના યોગક્ષેમની કાળજી નૈતિક ફરજની સભાનતા સાથે સહજ ભાવે લેતા રહી આપ્તજન બની રહ્યા હતા. આ સંદર્ભે ખાસ ઉલ્લેખનીય બાબત તો એ છે કે તેઓશ્રી જ્યારે-જ્યારે સ્વદેશ આવે ત્યારે કેટલાક સ્પોન્સર લેટર્સ લઈને જ આવે અને ઉત્સુકોને નિર્વ્યાજ્યભાવે લેટર્સ આપીને પ્રોત્સાહિત કરતા. અને તેથી જ આવા સુવિકસિત અને સંપન્ન વંશવૃક્ષના દષ્ટિપૂત આદિપુરુષ સ્વ. ભરતભાઈ સદૈવ વંદનીય અને સ્મરણીય બની રહેશે.

શ્રીમતી પ્રભાવતીબહેન અને ભરતભાઈના પરિવારમાં બે પુત્રીઓ ચિ. હેતલ અને ચિ. ભારવી છે. હેતલબહેનના પતિ ડૉ. મૌલિકકુમાર એમ. પટેલ કાર્ડિયોવેસ્કુલર તજજ્ઞ છે, જ્યારે ભાર્વિબહેન

સાનફ્રાન્સિસકોમાં યુનિયન બૅન્કમાં મેનેજર છે અને તેમના પતિ ડૉ. પ્રતિશકુમાર એ. પટેલ ઈનકેલપોલી યુનિવર્સિટી, કેલિફોર્નિઆમાં ફાઇનાન્સના પ્રોફેસર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

સ્વ. ભરતભાઈ એટલે સમાજજીવનનો તથા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારિતાનો જીવ. અમેરિકામાં પોતાની વ્યવસાયિક કામગીરીની સાથે-સાથે હિંદુધર્મના પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓમાં ઊંડા રસ લેતા રહ્યા હતા. તેમણે મેકન જ્યોર્જિયામાં કૃષ્ણમંડળની સ્થાપના કરીને તેને જીવંત રાખવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓશ્રી મેકન ઉમિયા મંદિરના ટ્રસ્ટી તથા એટલાન્ટા અંબાજી મંદિરના પણ આજીવન સભ્ય હતા.

છેલ્લા કેટલાંક વર્ષોથી અમેરિકાથી આવીને વતનમાં કેટલોક સમય પસાર કરવો એ ભરતકુમારનો નિત્યક્રમ રહ્યો હતો. છેલ્લા આગમન સમયે કોરાનાને કારણે દેશમાં સંચારબંધી (lockout) જાહેર કરવામાં આવતાં પૂર્વનિર્ધારિત સમય અનુસાર અમેરિકા પરત થઈ શકયા નહીં. સંચારબંધી ઉઠાવી લીધા બાદ અમેરિકા જવાનું નકકી કર્યું – ટિકિટ પણ લઈ લીધી; પરંતુ વતનપ્રેમને વશ થતાં કોઈ અજ્ઞાતકવિની સૂક્તિ **'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी'**ને આત્મસાત કરીને થોડોક વધુ સમય માટે રોકાઈ જવાનું મુનાસિબ ગણ્યું. કેટલોક સમય સુખરૂપ પસાર કર્યા બાદ એકાએક કોરોના ગ્રસ્ત થઈ ગયા. કોઈ ઉપચાર કારગત ન નીવડ્યો. તેમનો આત્મા તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૦ના રોજ પરમાત્મામાં વિલીન થઈ ગયો. આ ભૂમિનો નશ્વર દેહ આ ભૂમિમાં જ ભળી ગયો. કાળની ગતિ અકળ છે. તેમના સાર્થક અસ્તિત્વથી ખરા અર્થમાં **'कुलं पवित्रं, जननी कृतार्था, वसुंधरा च पुण्यवती येन'** થયાં છે.

સર્વ વિદ્યાલયના દાતાશ્રી અને સ્વજન સ્વ. ભરતકુમારના આકસ્મિક નિધન પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ભગ્નહૈયે સુશ્રી બહેનશ્રી પ્રભાવતીબહેન અને તેમની સપુત્રીઓ ચિ. હેતલ અને ચિ. ભારવીના પરિવારજનોને દિલસોજી પાઠવતાં પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે કે સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે છે.

❑

## પ્રોફેસર બી. એ. પ્રજાપતિ



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ઉપકુલપતિ અને કુલપતિનાં ઉભય પદો ઉપર સેવાઓ આપનાર તથા પાટણ યુનિવર્સિટીના એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના સ્થાપનાકાળ (૧૯૯૬)થી તેના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે નિવૃત્તિપર્યંત સેવાઓ આપનાર પ્રો. ડૉ. બી. એ. પ્રજાપતિનું તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ હાર્ટ એટેકના કારણે અકાળે અવસાન થતાં શિક્ષણજગતમાં શોકની લાગણી પ્રવર્તી ગઈ. તેઓશ્રી છેલ્લાં ચારેક વર્ષથી bone marrowના રોગથી પીડિત હતા.

તેઓશ્રી ફાઇનાન્સિઅલ મેનેજમેન્ટના વિદ્વાન અધ્યાપક તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. પાટણ યુનિવર્સિટીની એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટને ગુજરાતની મેનેજમેન્ટ સ્કૂલોમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી આપવા કૃતસંકલ્પ સાથેનો તેમનો વિદ્યાકીય પુરુષાર્થ સદૈવ સ્મરણીય બની રહેશે. આ ઉપરાંત તેમણે ગુજરાતની કેટલીક ખાનગી યુનિવર્સિટીઓની ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. સવિશેષતઃ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરના સ્થાપનાકાળ વર્ષ ૨૦૦૭થી સતત તેની ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. વધુમાં આ મંડળની કડી અને ગાંધીનગર સ્થિત મેનેજમેન્ટ કૉલેજોના સ્થાપનાકાળથી તેમનું સતત માર્ગદર્શન મળતું રહ્યું હતું. આ દુઃખદ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર શોકસંતપ્ત હૈયે તેમના પરિવારને દિલસોજી પાઠવે છે અને સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે ઈશ્વરને તેવી પ્રાર્થના કરે છે.

સ્વ. બાબુભાઈ પ્રજાપતિનું વતન ચાણસ્મા (તા. ચાણસ્મા, જિ. પાટણ) પાસેનું સેવાળા ગામ, જ્યાં તેમનો જન્મ તા. ૧ જૂન, ૧૯૫૬ના રોજ થયો હતો. પિતા અંબારામભાઈ પ્રજાપતિ અને માતા અંબાબહેન. તેમનાં ધર્મપત્ની શ્રીમતી શારદાબહેન. તેમના પરિવારમાં પુત્ર મયૂર અને પુત્રી દિગીશા છે. તેમણે વતનમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ પ્રારંભમાં ચાણસ્માની 'શ્રી પી. પી. પટેલ હાઈસ્કૂલ' અને બાદમાં પાટણની 'શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય'માંથી માધ્યમિક શિક્ષણ, 'ટી એસ. આર. કૉમર્સ કૉલેજ', પાટણમાં પ્રિ. યુનિવર્સિટી કૉમર્સ અને ત્યાર બાદ 'નવગુજરાત કૉમર્સ કૉલેજ', અમદાવાદમાં બી.કૉમ.નો અભ્યાસ કરી ગુજરાત યુનિવર્સિટીમાંથી ગોલ્ડમેડલ સાથે આ ડિગ્રી મેળવી હતી. એમ. કૉમ. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના બિઝનેસ ડિપાર્ટમેન્ટમાં પ્રો. એ. બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ 'Organisation and Working of Gujarat State Financial Corporation : An Indepth Study' વિષયમાં શોધપ્રબંધ રજૂ કરીને પીએચ.ડી. ની ડિગ્રી (૧૯૯૨) મેળવી હતી. આ ઉપરાંત તેમણે પી.જી. ડિપ્લોમા ઈન ફાઇનાન્સિઅલ મેનેજમેન્ટ (C.F.A., Hyderabad) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજેમેન્ટ, અમદાવાદમાં ક્રેશ કોર્સ માટે તેમની પસંદગી થતાં આ કોર્સ કર્યો હતો.

કૉલેજમાં અધ્યાપકીય કારકિર્દીનો પ્રારંભ ૧૯૮૧માં નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદમાંથી કર્યો, ત્યાર બાદ આણંદની સી. પી. પટેલ એન્ડ એફ. એચ. કૉમર્સ કૉલેજના બી.બી.એ. વિભાગમાં ૧૯૮૨માં જોડાયા. અહીં કેટલાક વર્ષ સેવાઓ આપ્યા બાદ સરદાર પટેલ યુનિવર્સિટીના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ – જી. એચ. પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડર ઈન ફાઇનાન્સ તરીકે જોડાયા. આ દરમિયાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (હવે, હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુ.)માં કુલપતિશ્રી નિરંજન દવેસાહેબના કાર્યકાળમાં ૧૯૯૬માં એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ – એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ શરૂ કરવામાં આવતાં આ પ્રદેશના વતની એવા ડૉ. બાબુભાઈને આ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે નિમંત્રિત કરીને તેનો કાર્યભાર સોંપ્યો, જે તેમણે પ્રાયઃ નિવૃત્તિપર્યંત ૧૮ વર્ષ સુધી (કુલપતિ તરીકેના કાર્યકાળને બાદ કરતાં) સંભાળ્યો અને દીપાવ્યો. એક પ્રતિભાસંપન્ન, કર્મઠ અને ઉત્સાહી એવા આ નવયૌવનસંપન્ન vibrant professor એ કૃતસંકલ્પ સાથે પદભાર સંભાળીને ગુજરાતની એમ.બી.એ. સ્કૂલોમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી આપી. આ ધ્યેયસિદ્ધિ પાછળ સમયનાં બંધનોને ધ્યાને લીધા સિવાય તેમનો અસાધારણ પુરુષાર્થ રહ્યો હતો. કુલપતિશ્રી દવેસાહેબનાં ભારે મોટી હૂંફ અને સહયોગના કારણે – ખરા અર્થમાં સ્વાયત્તતા આપવાના કારણે પોતાના અંગત સંબંધોને ખપમાં લાવીને આ છેવાડાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના હિતાર્થે વિવિધ મેનેજમેન્ટ સ્કૂલોના પ્રતિભાસંપન્ન અધ્યાપકોને વિઝિટિંગ પ્રોફેસર કે ખાસ વ્યાખ્યાન માટે નિમંત્રિત કરતા રહીને અને ખાસ તો યુનિવર્સિટી ગેસ્ટ હાઉસના અભાવે પોતે જ તેમના યજમાન બનીને આ વિભાગને સવારથી સાંજ સુધી સતત ક્રિયાશીલ રાખતા રહ્યા હતા. આ સંબંધી ખાસ નોંધવું રહ્યું કે તેમનાં ધર્મપત્ની શ્રીમતી શારદાબહેનની ઉમદા આતિથ્યભાવનાની મુક્તકંઠે સરાહના અતિથિશ્રીઓના મુખે આ લખનારે સાંભળી છે અને માણી પણ છે. વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ થકી યુનિવર્સિટી કેમ્પસમાં ખરા અર્થમાં academic environment ઊભું કરવામાં તેઓ શતપ્રતિશત સફળ રહ્યા હતા. માત્ર Promptly Regular and Scholarly Teaching જ નહીં; પરંતુ આ સ્કૂલનાં વિદ્યાર્થીઓનું યથાયોગ્ય પ્લેસમેન્ટ થાય અને તેમની સાથે ઉષ્માપૂર્ણ સંબંધો જાળવી રાખવા માટે પૂરી કાળજી લેતા રહ્યા હતા. અને તેમાં સફળ પણ રહ્યા હતા, જેનો આ લખનાર સાક્ષી રહ્યો છે.

આજે તેમના કેટલાક વિદ્યાર્થીઓ ગુજરાત, ભારત અને વિદેશોની યુનિવર્સિટીઓ / ઔદ્યોગિક ગૃહોમાં મોખરાનું યશસ્વી સ્થાન શોભાવી રહ્યા છે. – ગુરુથી સવાયા બનીને. તેમણે પણ **'पुत्रात् शिष्यात् पराजयेत'** સૂકિતને આત્મસાત કરીને ગૌરવ અનુભવતા જોયા છે. આ રહ્યાં તેમનાં કેટલાંક તેજસ્વી રત્નો : ડૉ. હિતેશ રૂપારેલ (ડાયરેક્ટર જનરલ, જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ), ડૉ. પૌરવ શુક્લ (પ્રોફેસર ઑફ માર્કેટિંગ, લકઝરી બ્રાન્ડિંગ સાઉથમ્પટન યુનિવર્સિટી, યુ.કે.), ડૉ. જતિન પંચોલી (સિનિઅર લેકચરર, એકાઉન્ટ એન્ડ ફાઈનાન્સ, મિડલસેકસ યુનિવર્સિટી, યુ.કે.), ડૉ. મહેન્દ્ર શર્મા (પ્રો. ચાન્સેલર એન્ડ ડાયરેક્ટર જનરલ, ગણપત યુનિવર્સિટી, ખેરવા-મહેસાણા), ડૉ. પરાગ સંઘાણી (સીઈઓ એન્ડ વાઇસ-ચાન્સેલર, પી. પી. સવાણી યુનિવર્સિટી, સુરત), ડૉ. ભાવિન પંડ્યા (ડાયરેક્ટર, એસ.

કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, કડી અને ડીન, ફેકલ્ટી ઑફ મેનેજમેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર), ડૉ. આકાશ પટેલ, ડૉ. નારાયણ બસેર અને ડૉ. તેજશ દવે (એસોસિએટ પ્રોફેસર, પી.ડી.પી.યુ., ગાંધીનગર), ડૉ. કમલ સૈની (પ્રમોટર, ઇન્ડિગ્રુબ્સ કયૂએસઆર), પ્રો. નિશિત ભટ્ટ (ડાયરેકટર, એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, પાટણ), ડૉ. અશ્વિન મોદી (પ્રોફેસર, એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, પાટણ) વગેરે.

પાટણ યુનિવર્સિટીના આ વિભાગને ગુજરાતની મેનેજમેન્ટ સ્કૂલોમાં આગલી હરોળમાં પ્રસ્થાપિત કરી આપવાની સાથે-સાથે યુનિવર્સિટીની ઉચ્ચસ્તરીય સમિતિઓ જેમકે કારોબારી, એકેડેમિક, ફાઇનાન્સ, ફેકલ્ટી ડીન વગેરેમાં સતત પ્રાયઃ બે દશક સુધી સેવા આપી યુનિવર્સિટીના વિકાસમાં બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. પાટણ યુનિવર્સિટીના કુલપતિ તરીકે વહીવટીય વ્યવસ્થાપન વગેરે કાર્યોમાં ગતિ અને દિશા પ્રદાન કરવા ઉપરાંત કેટલાંક દૂરંદેશિતાશીલ કાર્યો સંપન્ન કર્યાં, જેમકે પાટણ યુનિવર્સિટીના પૂર્વ-કુલપતિ શ્રી યાજ્ઞિકસાહેબને વિનંતી કરીને યુનિવર્સિટીનો ઇતિહાસ લખાવીને પ્રકાશિત કરવો, પાટણને વિદ્યા અને સંસ્કારનગરી તરીકે પ્રસ્થાપિત કરવાનું શ્રેય અપાવનાર જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય કૃત 'કાવ્યાનુશાસન' ગ્રંથનો અંગ્રેજી અનુસાર પ્રો. ડૉ. તપસ્વી નાન્દી પાસે તૈયાર કરાવી તેનું પ્રકાશન, યુનિવર્સિટી સંચાલિત વ્યાખ્યાનમાળાઓ, જેમકે 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા', 'શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા', 'શ્રી ગુરુવંદના ગ્રંથસંસ્કૃતિ વ્યાખ્યાનમાળા' વગેરેનાં વ્યાખ્યાનો અગોતરાં મંગાવીને વ્યાખ્યાનના દિવસે પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરવાં, યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' ઉચ્ચગુણવત્તાયુક્ત આર્ટ પેપરમાં રંગીન ફોટાઓ સાથેનું મુદ્રણ શરૂ કરાવવું વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ખાસ નોંધપાત્ર બાબત એ છે કે મેનેજમેન્ટ ક્ષેત્રના એક વિદ્વાન અધ્યાપક તરીકે અને તેમના અધ્યક્ષપણા હેઠળ એસ. કે. સ્કૂલના વિકાસ અને તેની પ્રસરેલ કીર્તિથી એસ. કે. ટ્રસ્ટના કર્ણધારો સર્વ શ્રી જયંતીભાઈ શાહ, શ્રી લલિતભાઈ શાહ વગેરેને ભારે પ્રસન્નતા અને ગૌરવ અનુભવતા આ લખનારે જોયા છે. પરિણામસ્વરૂપે આ દાનવીર ટ્રસ્ટે પ્રારંભમાં એસ. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે રા. ૩૬ લાખ ઉપરાંત યુનિવર્સિટીમાં બી.બી.એ. ના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શરૂ કરવા રૂ. ૭૫ લાખ અને કેટલાંક વર્ષો બાદ પુનઃ રૂપિયા એક કરોડનું માતબર દાન યુનિવર્સિટીના કન્વેશન સેન્ટરના નામાભિધાન માટે આપ્યું છે. આ છે એક કર્મઠ અને પ્રતિબદ્ધ committed - પ્રાધ્યાપકની અસાધારણ ઉપલબ્ધિનું પ્રમાણ.

આ ઉપરાંત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની અનેકવિધ સમિતિઓ, સંસ્થાઓ વગેરેમાં તેના સભ્ય કે ચૅરમૅનપદે નિયુક્ત થતાં પ્રશસ્ય સેવાઓ આપી છે, જેમ કે, યુજીસીની Guidelines For Learning Outcomes Based Curriculum'ની કૉમર્સ વિદ્યાશાખાના ચેરમેન, ભારત સરકારના નાણાં મંત્રાલયના પ્રતિનિધિ તરીકે મહેસાણા - બનાસકાંઠા (દેના બૅન્ક) ગ્રામણી બૅન્કમાં ડાયરેક્ટર, એસોસિએશન ઑફ ઇન્ડિયન મેનેજમેન્ટ સ્કૂલ્સના કારોબારી સભ્ય, ગુજરાતની ખાનગી યુનિવર્સિટીઓ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, ગણપત યુનિવર્સિટી, ખેરવા-મહેસાણા અને ગુજરાત લૉ સોસાયટી યુનિવર્સિટીના બોર્ડ ઑફ ગર્વનન્સના સભ્ય, NAAC, જી.એસ.પી.સી., યુ.જી.વી.સી.એલ. વગેરેમાં. NAAC માટેની સમિતિના સભ્ય / ચૅરમૅન તરીકે ૨૦ + યુનિવર્સિટી અને ૧૦૦ + કૉલેજોના મૂલ્યાંકનની કામગીરી તેમણે બજાવી છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા, ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ, વડોદરા અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન (એલ.એ.જી.) લિમિટેડ, ગાંધીનગરમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે સેવાઓ આપતા હતા. તેમની વિદ્યાકીય પ્રવૃત્તિઓને ધ્યાને લઈ Indian Council of Social Welfare, New Delhi દ્વારા 'Guru Dronacharya Award' એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાકીય વ્યવસાયિક પ્રવૃત્તિઓની વ્યસ્તતા વચ્ચે પણ પોતાના પ્રજાપતિ-સમાજના સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે પણ સામાજિક ઉત્તરદાયિત્વની સભાનતા સાથે સામાજિક સંગઠનો સાથે જોડાયેલા રહ્યા હતા. સેવા કાર્યો માટે સમય ફાળવવાની સાથે-સાથે ઉમદા આર્થિક સહયોગ પણ તેમણે આપ્યો છે. આ સમાજના તેઓ પ્રથમ વ્યક્તિ હતા કે જેની નિયુક્તિ રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીના કુલપતિ તરીકે થઈ હોય. પ્રથમ વખત તેઓશ્રી પાટણ યુનિવર્સિટીમાં ઉપકુલપતિપદે નિયુક્ત થયા તે ગૌરવપદ ઘટનાપ્રસંગે શ્રી મનહરભાઈ પ્રજાપતિના સુવાંગ નેતૃત્વ હેઠળ ગુજરાત પ્રજાપતિ સમાજનાં વિવિધ સંગઠનો અને તેમનાં વિદ્યાર્થીઓના સહયોગથી તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન

પટેલ, મંત્રીશ્રી, શ્રી અનિલભાઈ પટેલ, ગુજરાતના અગ્રણી શિક્ષણવિદ્દો, શ્રી માણેકલાલ પટેલ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, પાટણ યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી ડૉ. માધાભાઈ પટેલ અને પૂર્વ-કુલપતિશ્રીઓ વગેરેનાં સાંનિધ્યમાં અને પ્રજાપતિ સમાજની ભારે મોટી ઉપસ્થિતિમાં તેમનો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતભરના પ્રજાપતિ સમાજના વિવિધ વિષયોમાં પીએચ.ડી. ડિગ્રીધારક ૮૫ જેટલા વિદ્યા-અર્થીઓ ભારતના રાષ્ટ્રપતિ પુરસ્કૃત સંસ્કૃતના વિદ્વાન **'ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ સન્માનનિધિ'** દ્વારા શિક્ષણવિદ્દોના વરદહસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા મૂઠી ઊંચેરા સન્માન – ગૌરવના અધિકારી બની રહ્યા હતા.

તેમનાં અધ્યયન - અધ્યાપન - સંશોધન - પ્રકાશન ઉપર દ્રષ્ટિપાત કરતાં તેમનું આ પાસું પ્રોજ્જ્વલતમ જોવા મળે છે. તેમણે પોતાના અધ્યયન - અધ્યાપનના વિષય મેનેજમેન્ટ ઉપરાંત અન્ય વિષયક્ષેત્રોમાં સમૃદ્ધ ખેડાણ કર્યું છે. મેનેજમેન્ટ વિષયનાં ૩૫થી અધિક સંશોધન-પત્રો રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં રજૂ થયાં છે, તેમજ પ્રકાશિત પણ થયાં છે. આ પૈકી એક શોધપત્ર 'All India Best Case Writer' તરીકે 'Association of Indian Management Schools', New Delhi દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૭૦ + અભ્યાસલેખો, ઈગ્નોઉ, નવી દિલ્હીના એમ.બી.એ. કોર્સના સ્ટડી મટિરિઅલ્સમાં બે એકમો, સ્ટ્રેટેજિક મેનેજમેન્ટ (૧૯૯૮) પુસ્તક ઉપરાંત અન્યોના સહયોગમાં ૪ પુસ્તકો સંપાદિત કર્યાં છે. આ સાથે જ તેમના માર્ગદર્શન હેઠળ પાટણ યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વગેરે યુનિવસિટીઓમાં ૫૦ + વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ વિષય ક્ષેત્રમાં શોધપ્રબંધો રજૂ કરી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. મેનેજમેન્ટ વિદ્યાક્ષેત્રમાં આ એક તેમનું મૂલ્યવાન પ્રદાન છે.

ખાસ નોંધપાત્ર બાબત એ છે કે તેમણે કુલપતિ તરીકે પાટણ યુનિવર્સિટીના વૃત્તપત્ર 'ઉદીચ્ય' અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વૃત્તપત્ર 'દક્ષિણાયન' (લાંબા સમયથી બંધ પડેલ આ વૃત્તપત્ર તેમણે પુનઃ શરૂ કરાવ્યું)માં કુલપતિ તરીકે શિક્ષણ/ ઉચ્ચશિક્ષણ અને આનુષંગિક વિષયો સંબંધી પોતાનું ચિંતન રજૂ કર્યું. તેમાં એક નીવડેલા શિક્ષણવિદ – કુલપતિના અધિતનાં સુપેરે દર્શન થાય છે. આ બધા લેખો **'દીપે અરણું પરભાત' = 'જ્ઞાનશક્તિ'** (૨૦૧૩), **'કુલપતિની કલમે'** (૨૦૧૮) અને **'ભારતીય ધર્મ-દર્શન અને શિક્ષણ'** (૨૦૧૯) ગ્રંથોમાં ગ્રંથસ્થ છે. ઉલ્લેખનીય છે કે તેઓશ્રી આ બધાં 'આદિવચનો' પૂર્વ-કુલપતિશ્રી નિરંજન દવેસાહેબના પગલે-પગલે ચીલો ચાતરતા રહીને કેટલાક અગ્રણી શિક્ષણવિદ્દોની સરાહના પામ્યા હતા, તેમજ આ ક્ષેત્રે પોતાની ઓળખ ઊભી કરી શક્યા હતા.

આ બધાં આદિવચનો / લેખોમાં આર્થિક વિકાસનીતિ, ભારતીય ધર્મ-દર્શન, ભાષા-સાહિત્ય, પ્રભાવક પુરુષોનાં ચરિત્રો, મહિલા સશક્તિકરણ, ગ્રંથસંસ્કૃતિ, ઈન્ફર્મેશન ટેક્નૉલૉજી, ઉપરાંત શિક્ષણ – સવિશેષતઃ ઉચ્ચશિક્ષણના સાંપ્રતકાલીન પ્રવાહો અને પડકારો, સમસ્યાઓ, ભાવિ જરૂરિયાતો, વિદ્યાર્થીઓને પાયાની કેળવણી પૂરી પાડવા માટે દિશાનિર્દેશ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, અભ્યાસક્રમોનું અદ્યતનીકરણ અને પરીક્ષા સુધારણા, ઈ-ગર્વનન્સ, ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલાં પરિવર્તનો – કમિટિ / કમિશનોના અહેવાલો વગેરેનું પરિશીલન કરીને તેનું તારતમ્ય ઉજાગર કરવા વગેરે સંબંધી તપઃપૂત ચિંતનનો ખજાનો ધરબાયેલો છે, કે જે તેના કોઈ પણ stackholder ને સંતર્પક ચિંતનનું ભાથું પૂરુ પાડે તેટલો સુચિંતનીય છે. વળી, ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે આ બધાં 'આદિવચનો' કુલપતિના હોદ્દાની રુએ લખવામાં આવ્યાં હોવાથી તેમાં ઉત્તરદાયિત્વની સાહજિક સભાનતા ઉપરાંત સવિશેષતઃ વૈચારિક તાજગી અને એક સ્વાધ્યાયશીલ, જાગરૂક અને પ્રતિબદ્ધ કુલપતિના શિક્ષણ વિષયક ચિંતનની સોડમ સહજમાં અનુભવાય છે. શિક્ષણ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા લેખો ઉપરાંત અન્ય આનુસંગિક વિષયો જેમકે ધર્મ-દર્શન, વિભૂતિમત વ્યકિતત્વોનાં ચરિત્રો, ભાષા-સાહિત્ય વગેરે વિશેના લેખો પણ અહીં ગ્રંથસ્થ છે. વૈવિધ્યપૂર્ણ વિષયોની પસંદગી માટે લેખકનું મંતવ્યઃ 'આદિવચન'ના વિષય પસંદગીનો હેતુ જિજ્ઞાસુઓને આ અંગે વિશેષ વાંચનની પ્રેરણા મળી રહે તે છે. વિષયરુચિ અને વાંચન તથા અન્ય ગ્રંથોની સમજ મુજબ વિષયની જાગૃતિ યુવાનોમાં પ્રસરે તથા ઇન્ટર-ડિસિપ્લિનરી અભિગમ કેળવાય તે રહ્યો છે જે અધ્યાપકીય નિષ્ઠાની સાહેદી પૂરે છે.

શિક્ષણ-ઉચ્ચશિક્ષણ પ્રાચીન - મધ્યકાલીન અને સાંપ્રતકાલીન શિક્ષણનું વિહંગાવલોકન રજૂ કરવા

ઉપરાંત સવિશેષતઃ સામ્પ્રતકાલિન શિક્ષણના પ્રશ્નો, વિનયન-વિજ્ઞાન અને કૉમર્સના અભ્યાસક્રમોનું મહત્ત્વ અને યુગની માંગ અનુસાર પરિવર્તન કરવા સંબંધી સૂચનો, માતૃભાષાનું ગૌરવ જાળવવાની સાથે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, શિક્ષણની ખાનગી અને સરકારી સંસ્થાઓની વિશેષતાઓ અને મર્યાદાઓ, વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓ અને તેના માપદંડોના પરિપ્રેક્ષ્યમાં ભારતીય યુનિવર્સિટીઓની સ્થિતિ વગેરે સંબંધી ચર્ચા કરવામાં આવી છે. આપણા દેશમાં વિશ્વસ્તરની યુનિવર્સિટીઓના અભાવનાં કારણોનું વિશ્લેષણ કરતાં 'ગુણવત્તાની બાબતમાં આપણી નિષ્ક્રિયતા' તરફ અંગુલિનિર્દેશ કરીને 'ગુણવત્તા તથા સતત સુધારા માટે સ્વમૂલ્યાંકન પર ખૂબ જ ભાર મૂકવા સાથે આપણા વિદ્યાર્થીઓમાં ભારતીયતા – Indianness પ્રગટે તે માટે તથા સંશોધનવૃત્તિ અને નવીનીકરણની માનસિકતાનાં બીજ શિક્ષણ પ્રણાલીમાં રોપવામાં આવે તો જ આપણી 'હરીફાઈયુકત' ક્ષમતામાં વૃદ્ધિ થાય તેવું સૂચન ધ્યાનાર્હ બની રહે છે. આ બધા લેખોની એક આગવી વિશેષતા એ ઊપસી આવે છે. શિક્ષણ સુધારણા સંદર્ભે રાષ્ટ્ર અને રાષ્ટ્રીયસ્તરે સાંપ્રત સમયમાં નિયુક્ત કરવામાં આવેલ વિવિધ કમિટિ-કમિશનોના અહેવાલો અને તેની ભલામણોનું સટિપ્પણ અવલોકન અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ સાથે જ યુનિવર્સિટી દ્વારા આયોજિત દીક્ષાન્ત સમારોહો પ્રસંગે આપેલાં પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં પરંપરાગત સ્વાગત-પ્રવચન, યુનિવર્સિટીની વિકાસગાથા, પ્રાસંગિક ટિપ્પણી વગેરેથી અટકી ન જતાં વિદ્યાર્થીઓનો ભાવિ માર્ગ પ્રશસ્ત બની રહે તે હેતુ સંતર્પક જીવનપાથેય મળી રહે તેવું ચિંતન રજૂ કરતા જોવા મળે છે, તેમ જ પ્રાચીન સમયમાં આશ્રમના વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થતાં આચાર્ય દ્વારા સમાવર્તન સંસ્કાર અંતર્ગત તેમને જે પ્રબોધન કરવામાં આવતું તેનો મૂળ પાઠ ('તૈતરીય ઉપનિષદ'ના શિક્ષાવલ્લીના ૧૧મા અનુવાક) અને પ્રવર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા સમજાવવામાં આવી છે તથા ઋષિ / આચાર્યનાં આ ઉદ્‌બોધનોને 'માનવ સભ્યતાના ઇતિહાસનું પ્રથમ દીક્ષાન્ત પ્રવચન' ગણાવ્યું છે.

કેટલાંક આદિવચનો **'જ્ઞાનશકિત'** (૨૦૧૩) શીર્ષક હેઠળ ગ્રંથસ્વરૂપે પ્રગટ થતાં તેને આવકારતાં અંગ્રેજી સાહિત્ય અને તુલનાત્મક સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ **પ્રોફેસર અવધેશ કુમાર સિંહે** નોંધેલ શબ્દો : 'Equipped with his knowledge of management as a teacher and scholar, he has dealt with various issues pertaining to higher education – changes, challenges and reforms and initiatives'. The choice of the articles and reflections on them speak volumes about the concern and commitment of Professor Prajapati for education and his understanding of the issue'. It speaks of his keen awareness of events taking place around in the university, the state of Gujarat, country and beyond with full preparedness for managing the change'. In many senses, he justifies his surname 'Prajapati' and the position 'Kulpati' with equal measure'' તેમની પ્રતિભાના દ્યોતક બની રહે છે.

તેમના એક અન્ય વિદ્વત લેખ - સંગ્રહ **'ભારતીય ધર્મ-દર્શન અને શિક્ષણ'** (૨૦૧૯, સંપાદિકા : ડૉ. કનકબાળા જાની) ગ્રંથને તેમણે 'મારે મન આ માત્ર ગ્રંથ નથી; પરંતુ મારી આધ્યાત્મિક યાત્રાનું ભાથું છે' ગણાવ્યું છે. અહીં અધ્યાત્મની સાથે શિક્ષણને વણી લેવામાં આવેલ હોવાથી – વિવિધ ધાર્મિક / દાર્શનિક ગ્રંથોમાં અભિવ્યક્ત અધ્યાત્મની સાથે શિક્ષણદર્શનને ઉજાગર કરવામાં આવેલ હોવાથી, તેના શૈક્ષણિક ફલિતાર્થો તારવી આપ્યા હોવાથી જિજ્ઞાસુઓ ઉપરાંત સવિશેષતઃ વિદ્યાર્થીઓને આપણી સાંસ્કૃતિક ધરોહરના 'અમૃતહ્રદ – અમૃતના ધરાઓ એવા આપણા વેદો, ઉપનિષદો, શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા, આર્ષ મહાકાવ્યો, જૈન આગમો, તત્ત્વાર્થસૂત્ર, ત્રિપિટકો વગેરે તેમજ મહાપુરુષોનાં ચરિત્રોનું પઠન કરવા બાધ્ય કરે છે. **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**એ આ ગ્રંથને આવકારતાં તેને 'વ્યાપક આકાશનો અનુભવ' તરીકે ઓળખાવીને નોંધેલ શબ્દો : 'શિક્ષણ એટલે ચેતનાની ખેતી. એ કાર્ય કરતાં-કરતાં શિક્ષણના અનુભવી અને ધર્મતત્ત્વના મર્મજ્ઞ પ્રો. બી. એ. પ્રજાપતિ જ્યારે દર્શનના ક્ષેત્ર પર દૃષ્ટિ માંડે, ત્યારે સાચે જ

ભારતીય સંસ્કૃતિનું વિશાળ આકાશ દૃષ્ટિગોચર થાય છે... પોતાના વિષયમાં અને તદ્વિષયક સંશોધક ક્ષેત્રે [તેમણે] મહત્ત્વનું કાર્ય કર્યું છે, [પરંતુ] સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે એકબાજુ તેઓ ઉપનિષદોનો અર્ક આલેખે છે. એનો વિષય, એનું દર્શન એનાં મહત્ત્વને દર્શાવે છે. વળી એમાં આલેખાયેલાં તત્ત્વજ્ઞાનને સરળતાથી પ્રસ્તુત કરે છે અને એ રીતે આ ગ્રંથોનું એક સમગ્રલક્ષી વિહંગાવલોકન આપે છે. તો એ જ રીતે તેઓ 'જૈન આગમગ્રંથો' અને 'તત્ત્વાર્થસૂત્ર' જેવા ગ્રંથોના તત્ત્વજ્ઞાનને પ્રસ્તુત કરે છે, વળી કેટલાક ગ્રંથોમાં નિહિત કેળવણી વિચારને દર્શાવે છે... કોઈ યુનિવર્સિટીના વૃત્તપત્રમાં આવા વિશાળ ફલક ધરાવતા વૈવિધ્યપૂર્ણ અને જ્ઞાનસભર લેખો કુલપતિની કલમેથી પ્રાપ્ત થાય, તે વિરલ ઘટના છે' ધ્યાનાર્હ બની રહે છે.

**શિક્ષણ વિષયક કેટલાંક ચિંતન-મૌક્તિકો**

● 'શિક્ષણ વાસ્તવિકતાથી દૂર થતું જાય છે. તેને સમાજ, ઉદ્યોગ, સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ જેવી બાબતો સાથે સાંકળવાની જરૂર છે. આ માટે વ્યક્તિવાદી બંધારણીય મોડલને બદલે લિવિંગ મોડલ ઑફ ઇન્ડિયા જે સમાજ સાથે સંકળાયેલ છે તેવું બનાવવાની જરૂર છે.'

● 'દેશની સર્વોત્તમ ટૅકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં જૂજ ગુજરાતી વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. ગુજરાતના અન્ય પછાત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને આવી સંસ્થાઓમાં કેવી રીતે પ્રવેશ અપાવી શકીએ તે અંગે વિચાર કરવાની તથા એકશન પ્લાન ઘડી કાઢવાની જરૂર છે. જો અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ નહીં હોય તો કોઈ ગુજરાતીને આ સંસ્થાઓમાં પ્રવેશ નહીં મળે તે નક્કી જ છે. આમ ભાષાના પ્રશ્નને માત્ર લાગણીથી જોવાને બદલે સમયની માગ મુજબ વાસ્તવિક સ્વરૂપમાં વિચારવો પડશે.'

● 'શું ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો હેતુ માત્ર કૌશલ્યો પૂરું પાડતું માનવબળ ઊભું કરવું એ જ માત્ર છે ? આ પાયાનો પ્રશ્ન છે. જે કૌશલ્યો આજે પ્રસ્તુત છે તે કાલે અપ્રસ્તુત બની જાય. યુનિવર્સિટીઓના હેતુઓની સ્પષ્ટતાઓ વિશેનું ચિંતન એટલું જ મહત્ત્વનું છે. ઉત્તમ નાગરિકો ઘડવા, વોકેશનના કૌશલ્યો વિકસાવવા અને લર્નિંગ માટે પ્રેમ આ ત્રણે બાબતોનું સંતુલન બની રહે તેવી પદ્ધતિઓ વિકસે તે જરૂરી છે. સમગ્ર વિશ્વની ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં સુલભતા (Access), શિક્ષણ પરવડવું (Affordability) અને ઉપર દર્શાવેલ ત્રણ હેતુઓનું સંતુલન ખૂબ જ જરૂરી છે.'

● 'શારીરિક-શિક્ષણના વ્યવસાયને ઉદ્યોગ-સાહસિકતાનો દરજ્જો સાંપડે તો નાના નાના તાલુકા કક્ષાએથી માંડી મોટા શહેરો સુધી ખાનગી હેલ્થ-ક્લબોની સ્થાપના કરવામાં આવા તાલીમ પામેલા અનેક યુવાનોને રોજગારીની તકો મળે તેમજ સામાજિક તંદુરસ્તીમાં સુધારો થાય તે નફામાં. યુનિવર્સિટીઓ દ્વારા આ દિશામાં પહેલ કરી પ્રેરણા પૂરી પાડવી જરૂરી છે. કૉલેજોના શારીરિક શિક્ષણના અધ્યાપકો તેમની ફરજ માત્ર યુનિવર્સિટીની ટીમમાં ખેલાડીઓ પસંદ કરી મોકલી આપવા, તથા કૉલેજની શિસ્તની જાળવણી કરવામાં પૂરી થવાનો સંતોષ માનવાને બદલે, લોકકલ્યાણના હિતમાં શારીરિક સ્વાસ્થ્યનો માહોલ ઊભો કરે તે સમયની માંગ છે.'

● ''ઉદારીકરણની નીતિને લીધે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સરકારની સહાય વિના ખાનગી મૂડી રોકાણના પ્રવેશથી માત્ર કાગળ પર ટ્રસ્ટીશિપની ભાવના રહી ગઈ છે. ખાનગી કૉલેજો ધંધાકીય એકમ કે જેમાં નફાનો મૂળભૂત ઉદ્દેશ હોય તેવા પ્રકાર વ્યવસ્થાતંત્રમાં જકડાતી જાય છે. બદલાયેલી હરીફાઈની પરિસ્થિતિમાં આપણી જૂની 'મહાજનપ્રથા'ને બચાવી તેને નવું સ્વરૂપ આપી, સમયની માંગને અનુસાર પુનઃજીવિત કરવાની તાતી જરૂરિયાત છે. વૈશ્વિકરણ તથા ઉદારીકરણના ફાયદા ઉઠાવવાની હોડમાં આપણે ક્યાંક આપણું પોતાનું સમયાંતરે ખરું ઊતરેલું, શ્રેષ્ઠત્તમને ખોઈ ન બેસીએ તેનું ચિંતન ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈએ કરવાનું ટાણું છે.''

પાટણ યુનિવર્સિટીના પૂર્વ-કુલપતિશ્રી અને શિક્ષણવિદ્ તથા વિચારપુરુષ પ્રો. નિરંજન દવેસાહેબે ભગ્નહૈયે પ્રો. બાબુભાઈને નિવાપાંજલિ આપતાં નોંધેલ શબ્દો : ''કુલપતિ થવું અને ટકી રહેવું અસિધારા વ્રત છે. સરકારના પક્ષકાર બનવામાં જોખમ છે. તેમણે તેની કિંમત ચૂકવી. વલ્લભવિદ્યાનગરથી હું તેમને પાટણ લઈ આવ્યો, મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની સ્થાપના માટે. ખૂબ સારું કામ કર્યું. લડતા રહ્યા અને થાકી ગયા. વિદ્યાપુરુષની કવેળાની વિદાય. ૐ શાંતિ'' બહુવિધ રીતે ધ્યાનાર્હ બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી

# આ તે શું ?

**છગનલાલ પીતાંબરદાસ પટેલ**

સંવત ૧૯૭૬ની સાલમાં નેકનામદાર દરબારસાહેબના શુભ પ્રયત્નથી પાટડી મુકામે જ્ઞાતિમેળો થયેલો. જુદા-જુદા ગોળ અને જ્ઞાતિના પ્રદેશોમાંથી માણસોને ત્યાં નોતરવામાં આવેલા અને બધાની સલાહ અને સંમતિથી નેકનામદાર દરબારસાહેબે લગ્નતિથિનો જટિલ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરેલો. તેના અંગે કેટલાક જ્ઞાતિભાઈઓએ પોતાના વિચારો વગેરે એ સભા આગળ રજૂ કરેલા.

આ જ્ઞાતિસભામાં દરબારસાહેબ પણ કેટલુંક બોલેલા અને તેમના એ ભાષણમાં તેઓશ્રીએ ગોળ સંબંધી સામાન્યતઃ પોતાના વિચારોમાં જણાવેલું કે, ગોળ એ જ્ઞાતિને અહિતકર્તા છે તેથી જ્ઞાતિમાં કન્યા લેવાદેવાનો વ્યવહાર સંકુચિત બની જાય છે. એક તળાવની માફક અમુક જ બાંધી લીધેલા ગોળમાંથી પાણી પીવું પડે છે, જે બંધિયાર પાણી હોવાથી જ્ઞાતિરૂપી શરીરને નુકસાન કરે છે, તેથી જ્ઞાતિરૂપી દેહમાં ક્ષય થાય છે. નજદીકના સંબંધો થવાથી અને નજદીકનાં લોહી એકઠાં મળવાથી દિવસે દિવસે પ્રજોત્પત્તિ નિર્બળ અને નાલાયક બનતી જાય છે એવા વિચારો જણાવેલા અને તે ખરેખર સાચા જ છે. પણ તે વખતે જ મને વિચાર આવેલો કે, આવા ગોળ તો ત્યારે જ બંધ થાય કે જ્યારે કેટલાક પોતાને કુળવાન માનતા જ્ઞાતિજનો એક ઉપર બીજી સ્ત્રી કરવાનો મોહ કાઢી નાખે તો. જો જ્ઞાતિમાં કુળવાન ગણાતા માણસો એક ઉપર બીજી અને ત્રીજી એમ ઘણી સ્ત્રીઓને પરણી પોતે વ્યવહારમાં સંયમ ન જાળવે તો ગોળ ન હોવાથી ઊલટું નુકસાન છે. તેથી તો જ્ઞાતિમાંથી કન્યાઓ ખેંચાઈને કુળવાનોનાં ઘર સ્ત્રીઓ અને ધનથી ભરાવાનાં. એક માણસ બબ્બે ત્રણ-ત્રણ સ્ત્રીઓને સાથે રાખવામાં ઇજ્જત અને આબરૂ માનવાનો, તેથી સામાન્ય રીતે જ્ઞાતિમાં કન્યાની તાણ પડવાની અને છેવટે તેની અસર અજ્ઞાન અને પછાત જ્ઞાતિભાઈઓ ઉપર થવાની. આ વિચાર તે વખતે જ જણાવવા મારી ઇચ્છા થયેલી પણ તે વખતે બોલવાની છૂટ ન હોવાથી તેમ કરી શકયો ન હતો. પણ નેકનામદાર દરબારસાહેબના દરબારગઢના છાંયડામાં જ બનેલા કિસ્સાએ મારા એ વિચારોને સતેજ કર્યા. હમણાં જ મારા જાણવામાં આવ્યું છે કે, પાટડીના એક પાટીદાર સદ્‌ગૃહસ્થે પોતાની ૬૮ વર્ષની યુવાનવયે બે સ્ત્રીઓ હોવા છતાં, ત્રીજી ૧૮ વર્ષની વૃદ્ધ સ્ત્રી સાથે ઘરસંસાર માંડયો છે. જ્યારે જ્ઞાતિમાં આવા કુળવાનો (?) જ ભર્યા હોય અને છડેચોક આવું અનર્થ આચરતા હોય, તો તેમના આ આચરણોને અટકાવવા માટે ગોળરૂપી વાડ હોય તો શું ખોટું ? જો ગોળનો સખત બંદોબસ્ત હોય તો આ વદ્ધોને કન્યા આપનાર મળવા અશકય નહિ, તો મુશ્કેલ તો ખરું જ. એનાથી આવાં અનિષ્ટો જ્ઞાતિનાં થતાં બંધ થાય. તે ઉપરાંત જ્ઞાતિમાં થતાં કન્યાવિક્રય અને બાળલગ્ન વગેરે ઓછાં થવા પામે. કુળવાનો આ પ્રમાણે એક કરતાં વધારે સ્ત્રીઓ કરે, તેથી કુળવાનો સિવાયના જ્ઞાતિના બીજા ભાગની અંદર કેટલીક ખોટ પડવાની અને એ ખોટના પરિણામે સાધારણ માણસોમાં કન્યા મેળવવાની હંમેશાં ચિંતા રહ્યા કરવાની, અને કન્યાની અછત હોવાથી પોતાને કન્યા નહિ મળે તે ભયથી પોતે કન્યાવિક્રય કરાવીને પણ કન્યા મેળવવાના. આ પ્રમાણે જ બાળલગ્નનું. બાર કે દસ વર્ષે આવેલા વિવાહમાં પોતાનો પુત્ર કુંવારો રહી જાય અને ભવિષ્યમાં કન્યાની અછતને લીધે કયાંય પણ મંડાશે નહિ એવા ડરના લીધે સાધારણ સમાજ પોતાનાં બાળક નાનાં નાનાં પણ વિવાહમાં પરણાવી દેવા ઇચ્છે છે. એમ ગયા વિવાહ સમયે લોકોના વિચારો અને વાતાવરણ ઉપરથી જાણવા મળેલું આ શું બતાવે છે ? જ્ઞાતિમાં કન્યાને પુરુષોની સંખ્યા લગભગ સરખી હોય એ કુદરતી નિયમને સાચો માનીએ અને આપણી જ્ઞાતિમાં બ્રહ્મચારિણીઓ અને કુમારિકાઓ ઓછી છે એ જાણતા હોઈએ, તો પછી આમ કેમ બને છે ? તેમ બનવાનું મુખ્ય કારણ માત્ર ઉપર કહ્યું તે જ છે.

એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાનો આપણા કુળવાનોનો શોખ જ. આ સ્થિતિમાં ગોળ હોય તો શું ખોટું ?

વળી, આવી જાતનાં લગ્નોથી તો બીજા પણ ઘણા અનર્થો થવા પામે છે. જેને જીભ ઉપર લેવા તે પણ લાજમ છે. જેમ કે, કહેવત કહે છે કે -

**બુઢ્ઢા પરણે બાયડી, અભણ કરે રાજ;**
**બળદ તાણે બોજ, એ ત્રણ પરને કાજ.**

આ કહેવત પણ આવા કિસ્સામાં સાચી ઠરે તેમાં નવાઈ શી ? અને એમ બને તો પછી આ સિવાય બીજો કયો માર્ગ વધારે અનીતિમય ગણાય ?

આ કિસ્સો એક એવા ગામમાં બન્યો છે કે, જ્યાં પાટીદાર જ્ઞાતિઓ અતિ આગળ પડતો અને કેળવાયેલો સમાજ રહે છે અને જે જ્ઞાતિનું મધ્યવર્તી સ્થાન કહીએ તો પણ ગણાય એમ છે. આવાં સ્થાનોમાં અને આવા સમાજ વચ્ચે પણ આવા માણસો પોતાને મનગમતા અનર્થો આચરે છે એ નવાઈ જેવું નહિ તો બીજું શું ? આવા અનર્થો આચરતા જોવા ત્યાંના જ્ઞાતિભાઈઓ કેમ સહન કરતા હશે તે સમજાતું નથી. આવાં કૃત્યો તો સાધારણ વિવેકબુદ્ધિને પણ હચમચાવી દે, તો પછી જ્ઞાતિનું છોગું ગણાતા આ પાટડી ગામના જ્ઞાતિભાઈઓએ તેને છાનામાના રહી થતું હોય તેમ થવા કેમ દીધું એ સમજાતું નથી.

આથી પણ ચઢિયાતા અને આથી પણ વધારે કુળવાન ગણાતા અમદાવાદના એક પાટીદાર સદ્‌ગૃહસ્થ જેમના નામથી નાનાં બાળકો પણ ડરી જાય તેવા એ ૭૩ વર્ષની વયે લગ્ન કરેલું. આ મહાશય પણ આપણા સુધારાને મૂળથી જ વગોવતા આવેલા છે અને બાળલગ્નના નો ખાસ હિમાયતી છે. જાતે ચુસ્ત વૈષ્ણવ છે. એટલે દિવસમાં ચારપાંચ વાર તો મંદિરમાં ગયા સિવાય ચાલતું જ નથી. તેવા માણસોને પણ ૭૩ વર્ષની વયે વિષય તૃપ્તિ માટે નવી સ્ત્રી કરવામાં ધર્મનું કયું શાસ્ત્ર સંમતિ આપતું હશે ? આવા આવા તો ઘણા કિસ્સાઓ ટાંકી શકાય કે જેમાં કુળવાનોને પોતાના કુળવાનપણાની પરવા નથી. ગમે તેવાં અધમ કામો આચરવાની છૂટ મળી હોય છે. વધારે શું કહીએ. આવા નીચ, વિષયી અને બિચારી કુમળી કુમારિકાઓનાં જીવન ધૂળ કરનાર પાપીઓ માટે તો નરકમાં પણ જગ્યા મળવી મુશ્કેલ છે. તેમને માટે નરકનું દ્વાર પણ બંધ હોય તો શી નવાઈ ? પ્રભુ એવા માણસોને સદ્‌બુદ્ધિ આપે એ જ ઇચ્છા.

**છગનલાલ પીતાંબરદાસ પટેલ**
**કડી, ૧૯૨૦ - 'કડવા વિજય'**

---

**(અનુસંધાન પૃષ્ઠ : ૨૦થી ચાલુ)**

પ્રત્યે હઠીલો અણગમો છે. સમતાવાદી (ઈગેલિટેરિયન) સમાજની રચના માટે તમને આકર્ષણ છે, પરંતુ તમને પરદેશી શરાબ મોંઘો નથી લાગતો. દેશ પ્રત્યે તમને નફરત કેમ છે ? તમે તો મહંમદ ગઝનીને, અલાઉદીન ખીલજીને અને મહંમદ ઘોરીને અને ઔરંગઝેબને પણ 'સેકયુલર ગણો તેવા બુદ્ધિખોર 'આદર્શવાદી' છો. તમારી યુનિવર્સિટી અમારા જેવા નાગરિકોને પૈસે ચાલે તેનું દુઃખ ઓછું નથી. તમારે મન રામ શું, કૃષ્ણ શું, ઈસુ શું, મોહંમદ અને ગાંધી શું ? હા, તમે બધી રીતે 'નપાવટ' છો.

**પાઘડીનો વળછેડે**

**આકાશ માથે ધ્રુવ તેજ ઢોળે,**
**એવો તપે છે, ઇતિહાસ ખોળે,**
**ઝાંખો જૂનો જીર્ણ છતાં અનસ્ત,**
**આ આર્ય ભૂમિ તણો પ્રકાશ !**

**- કવિશ્રી ન્હાનાલાલ**

ઝતા. ક. : કન્હૈયા કુમાર અને ઉમર ખાલિદ જેવા બે યુવાનો JNUમાં સામ્યવાદી વિચારધારા હેઠળ જે સૂત્રો પોકારે છે તેવાં સૂત્રો સામ્યવાદી ચીનમાં પોકારે તો જીવતા રહી શકે ખરા ? ભારતીય લોકતંત્ર તેમને રોકડા દેશદ્રોહીની છૂટ આપે છે, તેથી જ તેઓ હજી જીવે છે. સાધ્વી પ્રજ્ઞા પર જેલમાં જે થર્ડ ડિગ્રી અત્યાચારો થયા તેવા જ અત્યાચારો આ દુર્યોધન અને દુઃશાસન પર શામાટે ન થાય ? લોકતંત્ર પોચટતંત્ર છે માટે જ ને ? તેઓ આવી હરકતો આપણા પૈસે કરી શકે છે અને ચૂંટણી પણ લડી શકે છે ! શા માટે ?

**(સૌજન્ય** : દિવ્યભાસ્કર : 'રંસરંગ ભાસ્કર'
તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૦, પૃ. ૧)

**ડૉ. ગુણવંત શાહ**
'ટહુકો', ૧૩૯, વિનાયક સોસાયટી,
જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૪૦૬૭૩

# આખરે યુનિવર્સિટી એટલે શું ?

# 'JNU में એક લડકી રહતી થી'

**ગુણવંત શાહ**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જહૉન એફ. કેનેડી અમેરિકાની કોઈ યુનિવર્સિટીમાં દીક્ષાંત પ્રવચન માટે ગયા ત્યારે એમણે 'યુનિવર્સિટી'ની વ્યાખ્યા પ્રગટ કરી હતી. બ્રિટિશ કવિ જહૉન મેસફીલ્ડના શબ્દોમાં એમણે કહ્યું હતું : 'University is a laboratory of good thoughts'. મારી આખી જિંદગી દેશ-પરદેશની યુનિવર્સિટીઓનાં કૅમ્પસ પર પસાર થઈ તોયે મને 'યુનિવર્સિટી'ની આટલી સચોટ વ્યાખ્યા જાણવા મળી નથી. મારી સાદીસીધી સમજ પ્રમાણે કહું તો યુનિવર્સિટી એટલે વિચારોનું વૃંદાવન ! JNU માં એવું પર્યાવરણ નથી.

હિંદી નવલકથા વાંચવા ન મળી. મૂળ હિંદીમાં લખાયેલી નવલકથાનું મથાળું છે : 'JNU में એક લડકી રહતી થી'. લેખિકાનું નામ ડૉ. અંશુ જોશી છે. ડૉ. અંશુ જોશીએ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝમાંથી ડૉક્ટરેટ કર્યું છે. લેખિકા ઉજ્જૈનનાં વતની છે. તેમના ૪૦ જેટલા લેખો વિવિધ રીસર્ચ જર્નલ્સમાં તથા વેબસાઈટસ પર પ્રગટ થઈ ચૂકયા છે. દિલ્હીની એફ.એમ ગોલ્ડ ચેનલમાં એમણે પ્રેઝન્ટર તથા સ્ક્રિપ્ટ રાઈટર તરીકે લગભગ છ વર્ષ સેવા આપી છે. ઉપરાંત ટાટા કન્સલ્ટન્સી અને ટેક મહિન્દ્રા જેવી સંસ્થાઓમાં એડિટર અને ફેકલ્ટી તરીકે કામ કર્યું છે. હાલ તેઓ પતિ જશવંત અને પુત્ર યુવાન સાથે હૈદરાબાદમાં રહે છે. આ નવલકથામાં એમણે આપણા પૈસે ચાલતી છતાં દેશહિતવિરોધી એવી જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીનો અસલી ચહેરો ખુલ્લો પાડી દેવાનું પુણ્યકર્મ કર્યું છે. એ યુનિવર્સિટીને મેં આ જ કોલમમાં 'જેહાદી નપાવટ યુનિવર્સિટી' તરીકે ઓળખાવી, ત્યારે મનમાં થોડોક ચચરાટ હતો કે અતિશયોકિત દોષ થયો છે, પરંતુ આ નવલકથા વાંચ્યા પછી એવો ચચરાટ રહ્યો નથી. એનો અનુવાદ ગુજરાતીમાં છાયા ત્રિવેદીએ કર્યો છે અને એનું પ્રકાશન ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર) દ્વારા થયું છે. (પૃષ્ઠ સંખ્યા ૨૯૧, કિંમત રૂ. ૨૫૦.૦૦) આકાંક્ષા નવલકથાની નાયિકા છે. ગુજરાતી શીર્ષક છે : 'જેએનયુમાં આંકાક્ષા'. આ સત્યકથાત્મક નવલકથા છે.

નવલકથાના કલાવિધાન અંગે કશુંય લખવાનો મારો અધિકાર ઝાઝો નથી. થોડાક દિવસ પર યુનિવર્સિટીના કૅમ્પસ પર સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ વર્ચ્યુઅલ રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કર્યું ત્યારે ડાબેરી ગણાતા વિદ્યાર્થીઓના એક જૂથે સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. હલકટ યુવાનો સ્વામી વિવેકાનંદ જેવા વિશ્વમાનવને સમજી શકે એ શકય ખરું ? તેઓ ૩૯ વર્ષની ઉંમરે આત્મસ્થ થયા. વિરોધનાં દૃશ્યો જોઈને મનમાં નિરાશા જન્મી હતી. જેવી અંધશ્રદ્ધા અને કટ્ટરતા ધર્મના ક્ષેત્રમાં જોવા મળે તેવી જ અંધશ્રદ્ધા અને કટ્ટરતા યુનિવર્સિટીના કેમ્પસ પર જોવા મળે ત્યારે બંધિયાર મનના પ્રશ્નો પેદા થતા હોય છે. પંડિતજીનું નામ ધરાવતી આ નપાવટ યુનિવર્સિટીમાં ખુલ્લા મનની પ્રતિષ્ઠા નથી. પંડિત નેહરુને પણ ગાંધીજીના રામનામમાં, રેંટિયામાં, ગ્રામોદ્યોગમાં કે બ્રહ્મચર્યવ્રતમાં લગીરે શ્રદ્ધા ન હતી. આમ છતાં મહાત્મા સાથેના વૈચારિક મતભેદ જાળવી રાખીને એમણે ગાંધીજી સાથેનો સ્નેહાદર કાયમ રાખ્યો તે માટે પંડિતજીનું ખુલ્લું મન જવાબદાર હતું. આજના કેટલાક વિદ્યાર્થીઓ માકર્સવાદી વિચારધારાના બૂમબરાડા શરાબના નશામાં પાડતાં રહીને લાલ સલામ કરતા રહે છે. ગાંધીજીના શબ્દોમાં તેઓ 'નીતિનાશને માર્ગે' છે. નવલકથામાં મને સ્પર્શી ગયેલા થોડાંક અંશો અહીં ખૂબ જ ટૂંકમાં પ્રસ્તુત છે. સાંભળો :

● 'આઝાદી લઈને રહેશું, કાશ્મીર માગે આઝાદી, ખૂની સરકાર હોશમાં આવો, હોશમાં આવવું પડશે નહીં તો તમારે જાવું પડશે....'જેવાં સૂત્રો સાંભળીને આકાંક્ષાને એ જાણવાની તાલાવેલી લાગી કે આ સરઘસ અને કાશ્મીરને શી લેવા દેવા છે ? ... સદરે કહ્યું : 'જુઓ, આ સરકાર કારણ વિના ત્યાંના લોકોને આંતકવાદી દર્શાવીને મારી નાખે છે. તેમના માનવ-અધિકારોનું કેવી રીતે

જાહેરમાં ખૂન થઈ રહ્યું છે ? માત્ર એટલા માટે કે એ લોકો મુસલમાન છે અને પોતાનો અધિકાર માગી રહ્યા છે ?' (પાનાં ૯૫-૯૭)

● આકાંક્ષાએ રોષપૂર્વક કહ્યુંઃ 'ભલા ભોળા લોકો બંદૂકો અને બૉમ્બ ન રાખે, સેના પર હુમલો કરે નહીં.... અને બરબાદીની જ વાતો કરવી હોય તો જરા એક ક્ષણ માટે કાશ્મીરી પંડિતોની બરબાદી વિશે વિચારો. મારી અમુક બહેનપણીઓનો જ દાખલો છે કે જેમનાં માતા-પિતા અમારા શહેરમાં વસી ગયાં છે. તેઓ પોતાના ઘરને યાદ કરીને રડતાં હોય છે. તેમનું તો બધું જ ઝૂંટવી લીધું. હજુ પણ તેમનાં ઘણાં સગાંસંબંધીઓ શરણાર્થી કૅમ્પમાં રહે છે. કયારેક જેમની પાસે બધું જ હતું, એ લોકો આજે બે ટંક માટે પણ લાચાર બની ગયાં છે. એમનું શું ?' (પાન-૯૭)

● નોમાન અને સદરે બીજી બધી વાનગીઓ તો પ્રેમથી ખાધી, પરંતુ જ્યારે મહાકાલેશ્વરનો પ્રસાદ આકાંક્ષાએ તેમની સામે ધર્યો, તો તે બંને એ હસીને ના પાડી દીધી. કેમ, આ તો બહુ ફેમસ છે. આવા પેંડા તો તમને મથુરામાં પણ મળે નહીં. આકાંક્ષાએ બહુ આગ્રહ કર્યો ત્યારે સદરે તેને જણાવ્યું કે તે લોકો પ્રસાદી ખાઈ શકે નહીં. પ્રિયંકાએ નવાઈ સાથે તેનું કારણ પૂછ્યું ત્યારે નોમાને કહ્યું કે તેમના ધર્મમાં એ હરામ છે. 'એક બીજાની ધાર્મિક લાગણીઓનો આદર જ આપણને સેક્યુલર બનાવે છે ને ? સદર બોલ્યો. તેમની એ વાત પર આકાંક્ષાને હસવું આવ્યું. તેને વિચાર આવ્યો કે ઈદ ઉપર તેમની સેવ ખાવાની ના પાડી દઈએ તો એ લોકોને કેવું લાગશે ? (પાન-૧૧૪)

● તે મોટેથી બોલી, 'આપણો કોમરેડ છે, સરખી રીતે મળી લો.' (પાન-૧૨૩)

● તેને માટે વિદ્યાર્થી સંઘની પહેલી સભા ખૂબ રસપ્રદ રહી. તેણે જોયું કે 'વંદે માતરમ્' ગાવા માટે ફક્ત પરિષદના કાઉન્સિલર જ ઊભા થયા. બાકીના સિગારેટ પીતા રહ્યા અથવા તો વાતો કરતા રહ્યા. નાનપણથી ગાતાં આવ્યાં હતાં એ 'વંદે માતરમ્' આજે 'સંઘી' થઈ ગયું હોવાનું તેણે અનુભવ્યું. એ પણ ચૂપચાપ બેઠી રહી. (પાન-૧૯૩)

● એ દિવસોમાં જ આકાંક્ષાએ મહાનિર્વાણ કરાવનારા ગાંજાનો પણ અનુભવ લઈ લીધો હતો અને તે ધન્ય થઈ ગઈ હતી ! (પાન-૨૧૩)

● આકાંક્ષાએ ઘરે માંડ-માંડ બે મહિના પસાર કર્યા. છુપાઈને સિગારેટ પી લેતી હતી, તો ક્યારેક પપ્પાની બોટલ ચોરીને શરાબ પણ પી લેતી હતી. (પાન-૨૧૫)

● 'અહીં તું ડાબેરી બનીને ફરે છે અને ત્યાં તારા ઘરની સ્ત્રીઓ બુરખા પહેરીને શિક્ષણથી વંચિત રહીને અજ્ઞાનમાં જીવે છે. તારી પાસે એનો જવાબ છે ? 'એ અમારા ધર્મમાં લખ્યું છે.'

● 'કોઈ પણ ધર્મ કયાંય લખાયેલો નથી. તું હકીકતે 'સિલેકિટવ સેકયુલર' છો. 'બ્લડી હિપોક્રેટ ?' આકાંક્ષા વાત પૂરી કરે તે પહેલાં જ તેના ગાલ પર એક જોરદાર થપ્પડ પડી. (પાન-૨૩૧)

● આ જ તમારું ફેમિનિઝમ છે ? તમારી સહિષ્ણુતા આવી જ છે ? કોઈ તમારી જીહજૂરી કરે તો એ તમારા માટે ઈન્ટેલેકચ્યુઅલ બની જાય છે. પરંતુ કોઈ ભૂલેચૂકે પણ તમારી સામે સવાલ કરે તો અને તે પણ જો છોકરી હોય તો થોડી ક્ષણોમાં તમે તેની મજાક બનાવી દો છો... મારાથી વધુ સારી રીતે કોણ જાણતું હશે કે, તમે લોકો સાવ ભોળાભલા છોકરાઓના હાથમાં મશાલ પકડાવીને કેવી રીતે તમારો સ્વાર્થ સાધો છો, કેવી રીતે તેમનો ઉપયોગ કરો છો, કેવી રીતે છોકરીઓનો ઉપયોગ કરો છો અને કેવી રીતે આ દેશને તોડવાનો પ્રયાસ કરો છો ? અને હા, મને તમારા પ્રમાણપત્રની કોઈ જરૂર નથી. (પાન-૨૭૫)

JNUના પ્રિય વિદ્યાર્થીભાઈઓ અને વિદ્યાર્થિની બહેનો, JNUમાં આદર્શ અને ડાબેરી વિચારધારાને નામે તમારા મનમાં રોજ દુર્યોધનીય દુર્ગુણો ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે અને સમય વહે તે સાથે તેમના મનનું કન્ડિશનિંગ (અભિસંધાન) થઈ જાય ત્યાં સુધી એ કાર્ય ચાલુ જ રહે છે. અરે મિત્રો ! પંડિત જવાહરલાલ જેવા સંવેદનશીલ માનવીને પણ JNUની આજની ગતિવિધિ માન્ય ન હોઈ શકે તમારા મનનાં અને મગજનાં બારીબારણાં જ બંધ છે. કાર્લ માકર્સને પણ તમારી વિચારશૈલી અને જીવનશૈલી માન્ય હોઈ શકે ખરી ? તમારી કહેવાતી વિદ્યા અહંકારવર્ધક, દંભવર્ધક, તમોગુણવર્ધિની, દુર્ગુણવર્ધિની અને જડતામૂલક છે. તમારી નાસ્તિકતા પણ સ્વચ્છ નથી. બુદ્ધ અને મહાવીર કયાં આસ્તિક હતા ? સામા માણસની દલીલમાં રહેલું ચપટીક સત્ય પણ સ્વીકારી ન શકો એટલા બુદ્ધિહીન તમને બનાવી દે તેવી વિદ્યા શા કામની ? આદિ શંકરાચાર્યે વિતંડાવાદી દલીલબાજી માટે 'જલ્પ' શબ્દ પ્રયોજ્યો હતો. વ્યસન પ્રત્યે તમને પ્રેમ છે કારણ કે તમને સ્વચ્છ વિચારનો અને સત્ત્વગુણી આચાર

**(અનુસંધાન પૃષ્ઠ : ૧૮ પર)**

# ભારતીય યુનિવર્સિટીઓ

ડૉ. ગંગાધર પ્રજાપતિ

યુનિવર્સિટી (university) શબ્દ universe (યુનિવર્સ) ઉપરથી ઊતરી આવ્યો છે. અર્થાત્ યુનિવર્સિટી અને યુનિવર્સનો સંબંધ નાભિનાળ જેવો છે. યુનિવર્સિટી એ એક એવી ભૂમિ છે, કેન્દ્ર છે જ્યાંથી ઉત્ક્રાંતિનો ઝીંઝારવ સમો ગુંજારવ પરિવર્તનનો ઝંઝાવાત બની દુનિયાને પલટતો રહે છે. વન્ય માનવીથી વિશ્વમાનવી સુધીના આજ સુધીના કેટલાય પડાવો પાર કરનારો માનવી આજ સુધી પ્રગતિશીલ અને વિકસતો રહ્યો છે, એનું એકમાત્ર કારણ છે દુનિયાનાં શ્રેષ્ઠ જ્ઞાનકેન્દ્રો અને પ્રયોગશાળા સમી વિશ્વ પ્રસિદ્ધ યુનિવર્સિટીઓની જ્ઞાન સાધના છે. માનવીને સુખી, સંપન્ન, સર્વોપરી અને શક્તિમાન બનાવવામાં જ્ઞાનની શાખા-પ્રશાખાઓનું યોગદાન અવિરત ચાલતું રહ્યું છે. સમગ્ર વિશ્વમાં વિસ્તરેલી ''centre of excellence'' ગણાતી કેમ્બ્રિજ, હાર્વર્ડ, ન્યૂયૉર્ક, ઑક્સફર્ડ, ફ્લોરિડા, જ્યોર્જિયા, વિયેના, વૉશિંગ્ટન, ઇલિનોય, માસેચ્યુસેટ્સ, ટેકસાસ, મોસ્કો, જીનિવા, હેમ્બર્ગ, પિટ્સબર્ગ, મિલાન કેરો જેવી યુનિવર્સિટીઓએ જગત અને જીવનને ચમત્કારી ઓપ આપવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે અને આ યાત્રા અવિરતપણે ચાલી રહી છે. આવતી કાલના આકલન માટે આ કેન્દ્રોએ શું વિચાર્યું છે, તૈયારીઓ કરી રહ્યાં છે તેનો જવાબ આવતી કાલ જ આપી શકશે. જીવન અને જગત સામેની સમસ્યાઓ અને પડકારોનું સમાધાન માનવજાતને અહીંથી મળતું રહ્યું છે. યુનિવર્સિટી એવી ભૂમિ છે જ્યાંથી ભૂતકાળથી વર્તમાનકાળ સુધીની દુનિયાને પ્રભાવિત કરનારા સર્જકો, સંશોધકો, કલાકારો, ક્રાંતિકારીઓ, વિદ્વાનો, વિચારકો, વ્યવસ્થાપકો, ઉદ્યોગપતિઓ, મહામાનવો અને માનવતાના પૂજારી જેવા શિક્ષકોએ પોતાના ભાવિજીવનના ઉન્મેષ અને ઉદ્રેકના પ્રથમ થડકારો અહીંથી હૃદયમાં ઝીલ્યા હોય છે. દુનિયાના ભવિષ્યની રેખાઓ અહીંથી શરૂ થાય છે. બ્રહ્માંડનો તાગ મેળવવા અને પ્રકૃતિનાં રહસ્યો પામવાનાં મંથનો અહીંની જ્ઞાનશાળામાં સતત ચાલતાં રહે છે ઉત્ક્રાંતિના પ્રથમ પગથિયેથી ટોચે પહોંચેલા માનવી પાસે આજે જે કંઈ સ્વયંસિદ્ધ સ્વરૂપે છે તે બધું આ જ્ઞાનનાં ધરુવાડિયાંની નીપજ છે, વિસ્તરણ છે માહિતી, જ્ઞાન અને પ્રજ્ઞાનું સંવર્ધન અને સંશોધન કરતી આપણી આ પ્રથિતયશ વૈશ્વિક યુનિવર્સિટીઓએ દુનિયાની એકવીસમી સદીને જ્ઞાનની સદી તરીકે સન્માનિત કરી છે, કારણ કે આજે આપણી પાસે સર્વોત્તમ જ્ઞાન રૂપે 'નેનો ટેક્નૉલૉજી, રોબોટિક વિજ્ઞાન, સ્પેશ ટેક્નૉલૉજી'થી આગળની પ્રચંડ છલાંગ સમી 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ છે જે ઈશ્વરને પણ પડકાર આપવા સક્ષમ છે. રોજ રોજ એના ચમત્કારોથી આજની દુનિયા અભિભૂત થઈ રહી છે. દુનિયાની અનેક યુનિવર્સિટીઓમાં જ્ઞાન-વિજ્ઞાનની શાખામાં કાર્યરત પ્રતિભાશાળી સર્જનાત્મક મસ્તિષ્ક ધરાવતા જ્ઞાનના ભેખધારીઓ પરસ્પર ચર્ચા વિચારણા, વિમર્શ અને ગોષ્ઠિઓ દ્વારા સમસ્યાઓ અટકાવવામાં સફળતા મેળવી દુનિયાને સુખી, સંપન્ન બનાવી રહ્યા છે. દુનિયાને વધુ સારી રીતે જીવવા માટેના શોધો ભેટ ધરી રહ્યા છે. જો આધુનિક માનવી સાથે વિજ્ઞાનનો સહકાર ન હોત તો આરોગ્ય, ઉત્પાદ, રોજગાર, વસવાટ, ભૂખમરો, મોંઘવારી તેમજ પર્યાવરણ અને ગરીબી જેવી વિકરાળ સમસ્યાઓ બેકાબૂ હોત.

ભારતીય સંઘ શાસનમાં રાષ્ટ્રપતિ પદને શોભાવનાર અને વિશ્વના એક ગણ્યમાન્ય પ્રખર તત્ત્વવેત્તા શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યુનિવર્સિટીઓના યોગદાન વિશે નોંધ્યું છે કે : 'The field of university is wider, The task is greater and goal is higher in building of strong and happy nation (India). The universities are not merely place conforming degrees and distinction. They beside be places of learning, are also centrers of service and Whole some

development of human personality of men and women truning them into fine human being.

સાચે જ દુનિયાને બદલનારું સૌથી પ્રભાવક પરિબળ છે વિજ્ઞાન. વિજ્ઞાનથી કૃષિક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ સર્જાતાં માનવીય પ્રગતિની દિશા અને ગતિ અકલપ્યનીય રીતે બદલાઈ છે. વિજ્ઞાનનાં સંશોધનોએ માનવીને સુખ-સમૃદ્ધિ આપવામાં અને વૈશ્વિક સમસ્યાઓ અને પડકારોને નેસ્તનાબૂદ કરવા સહાયક નીવડ્યું છે. આપણી પાસે આજે જીવનના દરેક ક્ષેત્ર સંબંધી એટલું બધું વિપુલ જ્ઞાન છે કે આજની આપણી ૨૧મી સદીને જ્ઞાનની સદી તરીકે દુનિયા એનો સ્વીકાર કરી રહી છે.

યુનિવર્સિટીઓની વ્યાપક ભૂમિકાનો સ્વયં સ્વીકાર એટલે આજનું ધબકતું વિશ્વ. તક્ષશિલા, નાલંદા, વલ્લભી અને વિક્રમશીલા યુનિવર્સિટીઓના પ્રદાન વિશે આજે પણ ગૌરવ લઈએ છીએ. આજે આપણી પાસે તમામ સ્તરની ૭૫૦થી વધારે યુનિવર્સિટીઓ આવેલી છે. ભણનાર અને ભણાવનારની ટકાવારી પણ વધતી રહી છે. ભારતનાં રાષ્ટ્રીય આવકનો ઘણો મોટો ભાગ આ સંસ્થાઓ પાછળ ખર્ચાય છે. આ ખર્ચ કુલ આવકના ૧.૩% જેટલો થાય છે. ખર્ચાયેલાં નાણાંનું વળતર દેશને પ્રગતિના રસ્તે લઈ જાય એવી અપેક્ષા સહજ છે. દેશમાત્ર ભૌતિક રીતે જ આગળ વધે એટલું જ નહીં, પ્રત્યેક માનવી રાષ્ટ્રીય સંસાધન બને તો ઉચ્ચ શિક્ષાની સાર્થકતા સિદ્ધ થઈ ગણાય. યુનિવર્સિટીઓનું મહત્ત્વનું કામ ''નોલેજ ઇકોનોમી'' સર્જવાનું છે. નવાં નવાં સંશોધનથી વિશ્વની હરોળમાં અગ્રેસર બની રહે તેવાં કૌશલ્યો, યંત્ર ઉદ્યોગો, વેપાર, રોજગાર, સેવાઓ, ટૅક્નૉલૉજીમાં આગળ વધવું અને એક સમૃદ્ધ અને સક્ષમ રાષ્ટ્રનું નિર્માણ કરવું. એ આપણી યુનિવર્સિટીઓની મોટી જવાબદારી છે. દુનિયા જ્યારે ૨૧મી સદીની ''નોલેજ સોસાયટી''માં પરિવર્તિત થઈ છે ત્યારે આપણી યુનિવર્સિટીઓમાં યોજાતા અભ્યાસક્રમો, અધ્યાપન અને સંશોધનો દેશની પ્રગતિમાં મદદરૂપ બને તેવાં ગુણવત્તાયુક્ત હોવાં જોઈએ. શિક્ષણની અને સંશોધનોની ગુણવત્તા સુધારવાની ચિંતા કરનારાં આજ સુધીનાં શિક્ષણ કમિશનોએ અને યુ.જી.સી.એ તમામ પ્રયત્ન કરવા છતાં પણ આપણા ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની ગુણવત્તામાં કોઈ સુધારો થયો નથી. દુનિયામાં બીજા નંબરની શિક્ષણ વ્યવસ્થા ધરાવતા ભારતમાં ગુણવત્તા તળિયે બેસી ગઈ છે, ભારતમાં આજે શિક્ષણની એવી દયાજનક સ્થિતિ છે કે પાંચમા ધોરણનું ગણિત મોટા ભાગના શિક્ષકો ભણાવી શકતા નથી. પાંચમા ધોરણમાં ભણતો વિદ્યાર્થી બીજા ધોરણનું માતૃભાષાનું વાચન કરી શકતો નથી. આપણી યુનિવર્સિટીઓ નવું જ્ઞાન પેદા કરી શકતી નથી. જે કંઈ શિક્ષણ થાય છે તે કેવળ સાક્ષરી શિક્ષણ છે. દુનિયાના કુલ જ્ઞાનભંડારમાં ભારતના જ્ઞાનનો હિસ્સો નહિવત છે. આપણી મોટા ભાગની યુનિવર્સિટીઓ કેવળ ''ડિગ્રી શોપ'' છે. ભારતીય સુપ્રીમ કૉર્ટના આદરણીય ન્યાયાધીશો પણ આ અંગે ઘટતી ટીકા કરી છે કે આપણી મોટા ભાગની યુનિવર્સિટીઓ કેવળ સર્ટિફિકેટ આપવાનું કામ કરે છે. આપણી યુનિવર્સિટીઓમાં પાયાના કહી શકાય તેવાં શુદ્ધ વિજ્ઞાન આધારિત સંશોધનો થતાં જ નથી. આપણે ત્યાં દરેક યુનિવર્સિટીમાં ઉત્તમતાની પરિસીમા સ્વરૂપ પીએચ.ડી.નું શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. પીએચ.ડી.માં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રવેશ મળે એવા આશ્રયથી તેમાં પ્રવેશ પરીક્ષા ફરજિયાત કરી છતાંય યુનિવર્સિટીના સ્વેચ્છાચારોથી પોતાના કહેવાતા વિદ્યાર્થીઓ સફળતાથી પ્રવેશ મેળવી લે છે અને સાચા પ્રતિભાશાળી સંશોધકની યોગ્તા ધરાવતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકતા નથી. શોધાર્થી વિદ્યાર્થીઓની લાયકાત નિમ્નસ્તરની હોવાથી આપણે ત્યાં વિશ્વના બીજા દેશોની સરખામણીએ સંશોધનનું સ્તર નિમ્ન કક્ષાનું છે. આપણે ત્યાં પીએચ.ડી. કક્ષાએ જે સંશોધનો થાય છે તે કેવળ પુનરાવર્તન, સુધારાવધારા અને ''કોપી પેસ્ટ'' જેવું જ હોય છે. આપણે ત્યાં વિજ્ઞાન સંશોધન ક્ષેત્રે માર્ગદર્શન આપવાની ક્ષમતા અને યોગ્યતા ધરાવતા માર્ગદર્શકોની ઊણપ છે. આપણા શિક્ષકો મૌલિક માર્ગદર્શન આપી શકતા નથી. શિક્ષકોની ગુણવત્તા ઘટવાનું કારણ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે શિક્ષકોની ભરતીમાં વધતો રાજકીય પ્રભાવ છે. યુનિવર્સિટીમાં મહત્ત્વનાં શૈક્ષણિક અને વહીવટીય પદો કેવળ વર્ગવિશેષ કે વ્યક્તિવિશેષ ઉમેદવારોથી જ ભરવામાં આવી રહ્યાં છે. અહીં ટાંકવા જેવો કિસ્સો કેગના રિપોર્ટમાંથી મળેલ છે કે ''વર્ષ ૨૦૧૪માં રાજસ્થાનમાં જે ૧૬૮ પીએચ.ડી. ગાઇડ શિક્ષકોની નિમણૂક થઈ તેમાંથી ૧૧૨ શિક્ષકો પીએચ.ડી. ગાઇડ તરીકે લાયક ન હતા.''

ભારતમાં શિક્ષણનો વ્યવસાય પ્રતિષ્ઠિત ગણાતો નથી. આથી પ્રતિભાશાળી વ્યક્તિઓ આ ક્ષેત્રમાં જોડાવા ઇચ્છતી નથી. ''ટેલન્ટેડ'' વ્યક્તિઓનો એટલો મોટો અભાવ છે કે દેશની પ્રથમ કક્ષાની આઈ.આઈ.ટી., આઈ.આઈ.એમ. અને આઈ.એસ.આઈ.આર. જેવી સંસ્થાઓમાં આશરે ૪૦૦૦ જેટલી જગ્યાઓ યોગ્ય લાયકાત અને યોગ્યતાવાળી વ્યક્તિઓ મળતી ન હોવાથી ભરી શકાતી નથી. આખું ઉચ્ચ શિક્ષણ અને સંશોધનનું માળખું મધ્યમ કક્ષાની વ્યક્તિઓથી ચાલી રહ્યું છે. વિદેશોમાં સૌથી પ્રતિભાશાળી વ્યક્તિઓ શિક્ષણમાં જોડાય છે. વ્યવસાયની દુનિયામાં વિદેશોમાં સૌથી આકર્ષક કારકિર્દી યુનિવર્સિટી કક્ષાએ કામ કરતા પ્રાધ્યાપકોની ગણાય છે સૌથી ઊંચો પગાર અને આનુષાંગિ લાભો પ્રાધ્યાપકોને આપીને તેમને પૂરતો સંતોષ અને સ્વતંત્રતા અપાય છે. ભારતમાં ઉચ્ચતમ આર્થિક લાભો આપવા છતાંય સંશોધન અંગેનું વાતાવરણ અને ગુણવત્તા સુધર્યાં નથી. ભારતમાં આવેલી મોટા ભાગની યુનિવર્સિટીઓમાં શિક્ષણ અને સંશોધનની ગુણવત્તા વિશ્વ કક્ષાની તરફ જવા પ્રેરાય એ જવાબદારી યુનિવર્સિટીઓના કુલપતિની ગણાય, પરંતુ આપણી મોટા ભાગની યુનિવર્સિટીઓમાં એવી વ્યક્તિઓ કુલપતિપદ શોભાવી રહી છે કે જેની સમાજમાં કોઈ ઓળખ નથી કે શિક્ષણના ક્ષેત્રે કોઈ જ પ્રદાન નથી. આપણી યુનિવર્સિટીમાં આવી નિમણૂક રાજકીય સ્વરૂપની જ હોય છે. એટલે કોઈ વર્ગ વિશેષ કે વ્યક્તિવિશેષને આ સ્થાને નીમી દેવાય છે.

દેશની કોઈ પણ યુનિવર્સિટી દુનિયાની શ્રેષ્ઠ બસો યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી નથી. દેશમાં ૧૬ રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ પણ કાર્યરત છે. એમના વિશેષ દરજ્જાના કારણે પુષ્કળ નાણાં તેમની પાછળ ખર્ચાઈ રહ્યાં છે. આવી વિશેષ યોગ્યતાવાળી યુનિવર્સિટીઓ પણ ગુણાત્મક સંશોધનમાં કશું જ પ્રદાન કરી શકી નથી. આથી વિશેષ દેશમાં ૪૨ જેટલી વિવિધ જ્ઞાન શાખાઓની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ પણ કાર્યરત છે. આ પ્રયોગશાળાઓ પણ કશું જ મૌલિક સંશોધન કરી ભારતને યશ અપાવે એવું કોઈ કામ થતું નથી. સૌથી શરમજનક વાત તો એ ગણી શકાય કે આઝાદી પછી ભારત વિશ્વનું સૌથી મોટું ગણાતું નોબેલ પારિતોષિક કોઈ પણ ક્ષેત્ર માટે પ્રાપ્ત કરી શક્યું નથી. વચ્ચે ક્યાંક એકાદ બે નામો આવ્યાં હશે તો તે ભારતીય યુનિવર્સિટીઓમાંથી ભણ્યા નથી. એ ગૌરવવંતા ભારતીયો વિદેશી યુનિવર્સિટીઓના અભ્યાસીઓ જ છે. દુનિયામાં જે બેચાર ભારતીયો ધ્યાન ખેંચે છે તેવા ડૉ. આસુતોષ બેનરજી, ડૉ. અમર્ત્ય સેન, ડૉ. રઘુરામરાજન, ડૉ. ઇન્દ્રા નૂયી, સત્ય નડેલા, સુંદર પિશાઈ, ડૉ. આર. વેંકટરમન આ બધા ભારતીયો હોવા છતાંય ભારતીય શિક્ષણ સંસ્થાઓનું ગૌરવ નથી.

આજની સ્થિતિને યોગ્ય રીતે સમજવી હોય તો ચાલ્સ ડિકન્સે કહેલા આ શબ્દો લાગુ પડે છે. ''ભારતીય યુનિવર્સિટીઓ માટે આ સૌથી સારો અને સૌથી ખરાબ સમય ચાલી રહ્યો છે. આ યુનિવર્સિટીઓની બીમારીનું નિદાન જેટલું મુશ્કેલ છે તેનાથી મુશ્કેલ છે તેના સુધારા માટેનું 'પ્રિસ્ક્રિપ્શન્સ.'

થોડા સમય પહેલાં વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ખાતે દેશભરના વિજ્ઞાન વિદ્યાશાખાના કહેવાતા વિદ્વાનોની એક રાષ્ટ્રીય વિચારગોષ્ઠી ભારતીય વિજ્ઞાન પરિષદના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સેમિનારમાં રજૂ થયેલાં અભ્યાસ પેપરો કેવળ જ્ઞાનની વિકૃતિ ગણી શકાય એવાં હતાં. દરેકે પોતાના પેપરમાં 'કાગનો વાઘ' ઊભા કરવા કરવાનો પ્રયત્ન કર્યો હતો. આપણા દેશમાં સતત આવું થતું જ રહેશે. એક નિર્બળ માણસ અને પછાત પડી ગયેલો સમાજ પોતાના ભૂતકાળને ચગાવીને આકાશગામી બનાવી દે છે. દયાનંદ સરસ્વતીએ ''વેદમાં બધું જ જ્ઞાન છે અને વેદ તરફ પાછા ફરો'' એવી વાત ધર્મની સુધારણા માટે કરી હતી, પરંતુ આજનો આપણો વિજ્ઞાન ભણાવતો યુનિવર્સિટી પ્રાધ્યાપક આવી વાહિયાત વાત કરે ત્યારે ? હદની વાત તો એ હતી કે અધ્યક્ષે એટલી બધી બિનવૈજ્ઞાનિક હકીકતોની રજૂઆત કરી કે દેશભરમાં સખત ટીકાઓનો વંટોળ ફૂંકાયો અને માફી સાથે ક્ષમાપન થયું. વિજ્ઞાનના ક્ષેત્રે કાર્ય કરનાર પ્રથમ પંક્તિના કહેવાતા આવા વિજ્ઞાન વિશેષજ્ઞોની આવી વાતોથી દુઃખી થયેલા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય પત્રકાર વિદ્વાન-વિચારક નગીનદાસ પારેખે (સ્વ.) પોતાની સાપ્તાહિક લેખમાળામાં ગુસ્સો વ્યક્ત કરતાં લેખમાં શીર્ષક સ્થાને જ લખ્યું હતું કે, ''ભારતીય યુનિવર્સિટીઓ જ્ઞાનનાં કબ્રસ્તાનો છે.''

**ડૉ. ગંગાધર પ્રજાપતિ**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ
કૉલેજ ઑફ એજ્યુકેશન, રાધનપુર
મો. ૯૯૨૫૬૩૬૭૮૭

# કવિશ્રી ચંદ્રકાન્ત શેઠનો સંશોધકીય અને વિવેચકીય પ્રતિભાપુંજ : `ઉમાશંકરનો વાગ્વૈભવ'

**મણિભાઈ પ્રજાપતિ**

પ્રાજ્ઞપુરુષ ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮) ગુજરાતી સાહિત્યના યુગદ્રષ્ટા સર્જક હોવાની સાથે સાથે તેઓ ૨૦મી સદીના ભારતીય સાહિત્યકારોની આગલી હરોળમાં ગૌરવવંતું સ્થાન ધરાવે છે. તેમનું વિવિધ સાહિત્યસ્વરૂપોનું સર્જન એ ગૂર્જર-ભારતીય સાહિત્યની એક અસાધારણ મૂલ્યવાન ઉપલબ્ધિ હોઈ દીપસ્તંભ સમાન છે. આવા શ્રી અને સૌરભથી સમૃદ્ધ / હર્યાભર્યા સાહિત્યરૂપી ઉપવનનું **'એષા સંજીવની ટીકા'** સમ આસ્વાદન આપણા પ્રતિભાશીલ સર્જક ડૉ. ચંન્દ્રકાન્ત શેઠે ઉત્તરદાયિત્વની સભાનતા સાથે મલ્લિનાથી સૂત્ર 'નામૂલં લિખ્યતે કિંચિત્' ને સતત નજર સમક્ષ રાખીને કરાવ્યું હોવાથી તેમનું પ્રસ્તુત સંશોધનકાર્ય ઉમાશંકર સાહિત્યના અધ્યેતાઓ માટે યુગકાર્ય બની રહેશે એમ તેના અધ્યયનના આધારે નિઃશંક કહી શકાય. ખાસ તો એટલા માટે કે જો આ સંશોધન માત્ર પીએચ.ડી. ડિગ્રી-હેતુ પૂરતું જ હોત તો રઘુવીરભાઈ કહે છે તેમ, ઉમાશંકરના કોઈ એક સાહિત્યસ્વરૂપને પસંદ કરીને લેખક ડિગ્રી મેળવી શક્યા હોત. પરંતુ તેમ ન કરતાં ઉમાશંકરના સમગ્ર સાહિત્યને પીએચ.ડી.નો વિષય બનાવીને આચાર્યશ્રી મોહનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૧૯૬૫માં આરંભેલ આ કાર્ય ૧૯૭૮માં પૂરું કરીને ગૂજરાત વિદ્યાપીઠમાંથી 'વિદ્યાવાચસ્પતિ'ની ડિગ્રી મેળવી હતી. ૧૯૮૮માં ઉમાશંકરભાઈનું અવસાન થયું. ઉમાશંકરભાઈના શેષ સાહિત્યને અર્થાત્ તેમના અવસાન બાદ પ્રગટ થયેલી તેમની તમામ કૃતિઓ અલબત્ત, અનુવાદ, સંપાદન, સંશોધન કે તંત્રીકાર્ય – 'સંસ્કૃતિ' સિવાયનો અભ્યાસ આવરી લેવાના સંકલ્પ સાથે સતત ત્રણ દશક સુધી અધ્યયન-સંશોધન – પરિમાર્જન ચાલુ રાખી એક તપઃપૂત અધ્યયનગ્રંથ તૈયાર કરી પોતાના ગુરુ ઉમાશંકરભાઈને 'તમારું તમને અર્પી ધન્ય કૈંક થવા મથું...' એમ જણાવી અર્પણ કર્યો. પરિષદનાં પ્રકાશનમંત્રી ભારતી દવેએ 'પ્રકાશકીય'માં આ ગ્રંથનું તારતમ્ય રજૂ કરતું અવલોકન 'ઉમાશંકર જોશીનું સમ્યગ દર્શન આ વિવેચનગ્રંથમાં લાધે છે' યથાર્થ જણાય છે. પ્રાચીન ગુરુકુળ પરંપરાની યાદ તાજી કરાવે તેવી ઉદાહરણસ્વરૂપ અને અનુકરણીય ગુરુભાવના આપણા વંદનની અધિકારી બની રહે છે.

સમગ્ર સ્વાધ્યાયને ત્રણ ખંડો : (૧. **કાવ્યસર્જન,** ૨. **ગદ્યસર્જન,** અને ૩. **વિવેચન**) માં વિભાજિત કરવામાં આવ્યો છે.

**ખંડ-૧. કાવ્યસર્જન**માં કવિતાના બધા જ કાવ્યસંગ્રહો આવરી લેવામાં આવ્યા છે. પ્રસ્તુત ખંડના પ્રારંભમાં 'ઉમાશંકરની પૂર્વવર્તી સાંસ્કૃતિક - સાહિત્યિક પરંપરા'નું અર્થપૂર્ણ અવલોકન 'પ્રમાણપુષ્ટ' રીતે રજૂ કરવામાં આવ્યું છે, જે જરૂરી અને અનિવાર્ય પણ છે. કારણ કે કોઈ પણ સર્જક યા સાહિત્યિક ઊહાપોહ – વાદવિવાદના પ્રાદુર્ભાવમાં દેશકાળ, સાહિત્યિક – સાંસ્કૃતિક પરિબળો, પરંપરાઓ અને પ્રયોગોનો પ્રભાવ રહેતો હોય છે; ઉદા. તરીકે, આપણા દેશમાં ૧૨મી સદી અને ત્યારબાદના સમયમાં મુસ્લિમ આક્રમણોથી પ્રજા ત્રાહિ મામ પોકારી જતાં ભક્તિ તરફ વળી ગઈ હતી, જેનો સીધો પ્રભાવ તત્કાલીન ભારતીય સાહિત્ય ઉપર ઝિલાયેલો જોવા મળે છે. અહીં લેખકે દલપત-નર્મદ યુગ, સાક્ષરયુગ અને ગાંધીયુગીન સાહિત્યિક – સાંસ્કૃતિક – સામાજિક અને કંઈક અંશે રાજકીય સ્થિતિનો સુરેખ ચિતાર સાધાર વર્ણવ્યો છે. આ પૈકી સવિશેષતઃ વિવિધ સાહિત્યિક સ્વરૂપોની ખાસિયતો, ગદ્યનો પ્રાદુર્ભાવ, શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની હિમાયત, કેળવણીની પ્રવૃત્તિનો ભાષાસાહિત્ય પર પ્રભાવ વગેરે વિશે વિસ્તારથી સોદાહરણ ચર્ચા કરી છે. ત્યારબાદના પ્રકરણમાં 'ઉમાશંકરનું સર્જક-વ્યક્તિત્વ : વિકાસ અને વિશેષતા' માટે ફાળવ્યું છે, જેમાં તેમના જીવનઘડતરનાં પરિબળો, પૈતૃક વારસો, માતા-પિતા, જન્મ, શિક્ષણ, કારકિર્દી, સર્જક વ્યક્તિત્વ અને વિકાસ વગેરે વિશે ઉમાશંકરકૃત સાહિત્યનો વિશેષ આધાર લેવાની સાથે જ ઉમાશંકરના સાહિત્ય સાથે અને અંગત રીતે ઘરોબો ધરાવનાર સાહિત્યસેવીઓ, જેમ કે, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુન્દરમ્, ચુનીલાલ મડિયા, કરસનદાસ માણેક, કિશનસિંહ

ચાવડા વગેરેના અભિપ્રાયો ઉદ્ધૃત કરીને પ્રસ્તુત અભ્યાસને વધુ પુષ્ટ અને રોચક બનાવવામાં આવ્યો છે.

ઉમાશંકર મૂલતઃ ઊર્મિકવિ હોઈ તેમણે મોટા પ્રમાણમાં ઊર્મિકાવ્યોની રચના કરી છે. અહીં **'વિશ્વશાંતિ'થી 'સપ્તપદી'** સુધીનાં, અર્થાત્ કવિનાં બધાં જ કાવ્યસંગ્રહોમાં ગ્રંથસ્થ ઊર્મિકાવ્યો – રાસ, ગરબા, સ્તોત્ર-પ્રાર્થના કાવ્યો, ભજન-પદો, ગીત, ગઝલ, હાઈકુ, મુક્તક રાષ્ટ્રભક્તિ, કરુણપ્રશસ્તિ, અછાંદસ વગેરે, ખંડકાવ્યો અને અન્ય કાવ્યસ્વરૂપોનું વિવેચનાની સાથે સ-રસ આસ્વાદન કરાવ્યું છે. અહીં ધ્યાનપાત્ર બાબત એ છે કે લેખકે કાવ્યસંગ્રહ, જેમ કે, 'ગંગોત્રી', 'નિશીથ', 'અભિજ્ઞા' વગેરેને સીધી રીતે અભ્યાસનો વિષય ન બનાવતાં એટલે કે કાવ્યસંગ્રહમાં સંગૃહીત જે તે કાવ્યસ્વરૂપ / થીમ હેઠળ આવરી લીધાં છે. લેખકે તારવ્યું છે કે કવિનાં કાવ્યોની કુલ સંખ્યા ૬૬૩ ('પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' સહિત) છે. આ પૈકી ૧૭૭ + ૧ ગીતો અને ૧૪૩ + ૧ સૉનેટો છે. વળી, ઉમાશંકરે પ્રભુભક્તિનાં કાવ્યો રચ્યાં છે, પરંતુ તેમનો 'ઈશ્વર કોઈ સાંપ્રદાયિક સંકુચિત વાડામાં કેદ રહી શકે તેવો નથી' તે પણ તારવ્યું છે. આ કાવ્યોના વિવેચનના પ્રારંભમાં ઉમાશંકર 'માંગલ્યના કવિ' તેમ જ 'આર્ટ ફૉર લાઇફ સેઇક'માં માનનાર છે તેમ જ 'કલાશૂન્યજીવન એમને માન્ય નહોતું' એ પાયાનો ખ્યાલ ધ્યાને લેવામાં આવ્યો છે. આ બધાં કાવ્યોમાં નિરૂપિત પ્રકૃતિ, રાષ્ટ્રભક્તિ, લોકજીવન, કલાપ્રીતિ, સંસ્કૃતિપ્રીતિ, પ્રણયભાવના, દાંપત્યજીવન વગેરેના હૃદ્ય કાવ્યખંડોનાં ઉદાહરણો સાથે તેમજ પ્રયોજવામાં આવેલ વિવિધ છંદો, પ્રાસ, અલંકાર, કલ્પના લીલા, ભાષાનું પોત અને તેમનો ક્રમિક વિકાસ, શબ્દચ્છટા, તળપદા શબ્દો વગેરેની પ્રભાવકતા ઉજાગર કરી આપી છે.

કવિની વિપુલ કાવ્યસમૃદ્ધિનાં દર્શન કરાવવાની સાથે કેટલાંક ઉત્તમોત્તમ કાવ્યો; જેમ કે, 'પંખીલોક', 'શોધ', 'ભોમિયા વિના', 'રડો ન મુજ મૃત્યુને' વગેરે તારવી પણ આપ્યાં છે. વધુમાં, કવિની ગુણસમૃદ્ધિની સાથે કવચિત્ દેખાતી મર્યાદાઓ પણ દર્શાવી છે, જેમ કે 'વિશ્વશાંતિ'માં 'ભાષાશૈથિલ્ય અને લયશૈથિલ્યનાં દૃષ્ટાંતો છે, સમગ્ર કાવ્યનું સ્થાપત્ય સુશ્લિષ્ટતાની એકાગ્રતાની છાપ પેદા કરી શકતું નથી' (પૃ. ૧૪૭), 'પાંચાલી'માં 'ખંડકાવ્યોચિત નિરૂપણશૈલી નથી' (પૃ. ૧૫૨), 'ચિત્રવિધાતાને' માં કવિએ 'હૈ રૂપને વસન જાય અરૂપનું જો ! એમ લખે છે તેમાં 'રૂપનું... અરૂપને' એમ હોય તો જ ઉચિત નહીં ?' (પૃ. ૧૫૭), 'નવો નાટ્યકાર', કવિનું લાંબું પણ કંઈક અંશે શિથિલ બંધવાળું' (પૃ. ૧૭૨), 'ઉમાશંકરમાં ક્યાંક સર્જનની નબળી ક્ષણોમાં કેટલીક ભાષાકીય તકલીફોય દેખા દે છે, અલબત્ત, એનું પ્રમાણ એકંદરે સમગ્ર કાવ્યસર્જનનો ખ્યાલ કરતાં ઘણું ઓછું જ લેખાય' (પૃ. ૨૬૭) વગેરે. ઊર્મિકાવ્યોની વિવેચનાનું સમાપન કરી મૂલ્યાંકન કરતાં નોંધેલ મંતવ્ય 'ગુજરાતી કવિતામાં ઉમાશંકરનું કવિતાતર્પણ ગુણવત્તા તેમ વિપુલતાની દૃષ્ટિએ નોંધપાત્ર છે... 'દિવ્ય માનુષતા'ના વિનમ્ર ગાયક તરીકે ઉમાશંકરની છબી પહેલી નજરે દેખાય છે; તેથી કદાચ વધુ ઉદાત્ત ને વધુ રસબોધક છે એટલું કહેવું જ જોઈએ. એમણે કવિતા દ્વારા સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવા કવિધર્મને વધુમાં વધુ એકાગ્રતા ને આગ્રહપૂર્વક અદા કરવાનો અવિરત પુરુષાર્થ કર્યા કર્યો છે ને એ રીતે પોતાનામાંના વ્યષ્ટિરૂપ ઉમાશંકરે પોતાનામાંના સમષ્ટિરૂપ ઉમાશંકર સાથે સેતુબંધ રચવાની આત્મસાધના-જીવનસાધના નિષ્ઠાપૂર્વક જારી રાખી છે. પ્રકૃતિની ગોદમાંથી નીકળેલો એમનો કવિતાપ્રવાહ ('ગંગોત્રી') છેવટે એનું ઉત્ક્રમણ સિદ્ધ કરતાં 'સપ્તપદી' ના સહયોગે આત્મ-અભિજ્ઞા તરફ વળે છે અને તે સુચિંતનીય બની રહે છે.

**'નાટ્યકવિતા'** અંતર્ગત **'પ્રાચીના'** અને **'મહાપ્રસ્થાન'**ના સંતર્પક રસાસ્વાદન સાથે વિવેચના કરવામાં આવી છે. પ્રારંભમાં આ પ્રયોગોના સ્વરૂપ સંદર્ભે વિવેચકો અને ખુદ ઉમાશંકરના દૃષ્ટિબિંદુ સંદર્ભે વિચારવિમર્શ કર્યા બાદ પણ આ કાવ્યોના સ્વરૂપનું કોઈ ચોક્કસ નામાભિધાન થઈ શક્યું નથી. આ બધાં જ કાવ્યો સંવાદપ્રધાન છે. અહીં ગ્રંથસ્થ ચૌદેય કાવ્યોનું પરિશીલન કરી ૧૭ જેટલી લાક્ષણિકતાઓ તારવી આપી છે, જે રસપ્રદ હોઈ દ્રષ્ટવ્ય બની રહે છે. આ સાથે જ આ કાવ્યોના સર્જન પાછળનો કવિનો હેતુ 'કવિનો રસ અહીં વિનમ્ર પરંપરાપૂજાનો અથવા જડ સંસ્કૃતિપૂજાનો નથી. એમનો રસ તો માનવચિત્તના અમૃત ઝરતા કોશોને સ્પર્શી બતાવવાનો છે' – એ દર્શાવીને આ કાવ્યો સમજવા માટેની દિશા ખોલી આપી છે. પ્રારંભમાં 'પ્રાચીના' અને ત્યાર બાદ 'મહાપ્રસ્થાન'નાં કાવ્યોનું ક્રમાનુસાર રસાસ્વાદન અને કાવ્યગત ઉપલબ્ધિઓ અને મર્યાદાઓને કેટલાક વિવેચકોનાં મંતવ્યો સાથે જો સહમતી યા અસહમતી તો એ કેમ તે દર્શાવીને ઉજાગર કરી આપવામાં આવી છે. આ અન્વયે લેખકે વિષયવસ્તુનો મૂળ સ્રોત, મૂળ વિષયવસ્તુમાંથી કેટલાકની બાદબાકી અને કેટલાકનું સંવર્ધન, નવા પ્રસંગોનું ઉમેરણ (ઉદા. તરીકે 'કચ'માં 'વીણાવાદન'ના પ્રસંગનું), પ્રયોજવામાં પ્રયોજેલ છંદ, અલંકાર અને પ્રાસ, નાટ્યોચિત પદાવલિ, રંગભૂમિક્ષમતા,

ભાષા-લય, ઉક્તિ-લઢણો, મૂળની સ્થૂળતા કઈ રીતે ઓગાળી છે તે તથા અવતરણક્ષમતા વગેરે સોદાહરણ સમજાવ્યું છે. આ સાથે જ ક્વચિત્ કેટલાંક વિધાનો અપ્રસ્તુત જણાયાં છે; જેમ કે 'ભરત'માં લક્ષ્મણ પ્રતિ રામનાં કઠોર વચનો, '૧૯મા દિવસનું પ્રભાત'માં યુધિષ્ઠિરને માત્ર પાંચ પાંડવપુત્રો પ્રતિ વિષાદ વ્યકત કરતા, ગાંધારીના ચરિત્ર સંદર્ભે અસંગત વચનો વગેરે, વિષયવસ્તુ સંદર્ભે ગુજરાતીમાં આ પૂર્વે રચાયેલ કૃતિઓ સાથે તુલના; જેમ કે, 'બાલ રાહુલ' કાવ્યને નરસિંહરાવના 'તદ્ગુણ' અને બ. ક. ઠાકોરના 'બુદ્ધ' કાવ્યના મુકાબલે વધારે આસ્વાદ્યતા ગણાવવાની સાથે 'બુદ્ધ-જીવન-વિષયક ગુજરાતી કાવ્યોમાં કદાચ 'સર્વશ્રેષ્ઠ' ગણાવવું, કાન્તના 'દેવયાની' કાવ્યની 'કચ' સાથે તુલના વગેરે, કવિ સ્વયં દ્વારા પોતાની કૃતિની પરવર્તી આવૃત્તિમાં કોઈ ફેરફાર કરવા; જેમ કે, 'કર્ણ-કૃષ્ણ'ની પ્રથમ આવૃત્તિમાં કર્ણ દ્વારા કૃષ્ણને 'પાર્થસારથિ' તરીકે સંબોધન કરવું અને આ જ સંબોધનના સ્થાને પાંચમી આવૃત્તિમાં 'પાર્થબંધુ' સંબોધન તરીકે કરાવવું વગેરે ઉજાગર કરી આપ્યું છે. 'મહાપ્રસ્થાન'ના કાવ્યોની ચર્ચાના પ્રારંભમાં જ લેખકે 'ગુજરાતી કવિતાનું ને એમની [ઉમાશંકર] કવિતાનું પણ એક મહાપ્રસ્થાન' ઓળખાવ્યું છે, જે ઘણીબધી રીતે સૂચક બની રહે છે. આ બધી કાવ્યરચનાઓનાં વિષયવસ્તુ અને રજૂઆતને ધ્યાને લેતાં કેટલાક વિવેચકો કવિને 'રવીન્દ્રનાથના શિષ્ય' અથવા તેમની છાયામાં આ પ્રયોગો ચાલ્યા કે તેમની 'ટૅક્નિકનું અનુસરણ' કર્યા સંબંધી વાત કરે છે તે લેખકને માન્ય નથી અને તે કેમ તો તે સંદર્ભે પોતાનો પક્ષ સાધાર રજૂ કરીને ઉમાશંકરની કવિતાની વિશેષતાઓ / અલગતા તારવી આપે છે. અને છેલ્લે આ વિવેચનની સમાપના કરતું લેખકનું મંતવ્ય 'ઉમાશંકરની કવિતાનું જ નહિ, એમની સમગ્ર સર્જકતાનું રમણીય પ્રાકટ્ય આ ચતુદર્શી પદ્યપ્રયોગોમાં જોવા મળે જ છે. આપણી મહાકાવ્યપરંપરા, આપણી સંસ્કૃતિપરંપરા સાથે પશ્ચિમની પદ્યનાટ્યકળાની પરંપરાનો સમન્વય સાધવાનો ગુજરાતીમાં તો આ અપૂર્વ અને મહત્ત્વાકાંક્ષી પુરુષાર્થ છે અને તેથી જે કંઈ સિદ્ધ થયું છે તે અભિનંદનીય છે' એવું કવિના યથાર્થ મૂલ્યાંકનનું અને લેખકની વિવેચકીય પ્રતિભાનું દ્યોતક બની રહે છે.

**ખંડ-૨ : 'ગદ્યસર્જનો'**માં **૧. નાટ્યસાહિત્ય : એકાંકીઓ તથા દીર્ઘનાટક, ૨. કથાસાહિત્યઃ ટૂંકી વાર્તા તથા નવલકથા, ૩. નિબંધસાહિત્ય, ૪. ચરિત્રસાહિત્ય અને ૫. પ્રવાસસાહિત્ય**ની વિવેચના પાંચ પ્રકરણોમાં કરવામાં આવી છે. જે તે સાહિત્યસ્વરૂપના વિવેચનની પ્રારંભમાં ઉમાશંકર દ્વારા લેખનનો પ્રારંભ કયારે અને કઈ પરિસ્થિતિમાં કરવામાં આવ્યો તેની વિકાસરેખા, પ્રથમ અને અંતિમ કૃતિ કઈ, કઈ રીતે તેને પોષણ મળ્યું, સંબંધિત સાહિત્યસ્વરૂપનું વાચન, મનોદશા, સમકાલીન પરિસ્થિતિ, ગુજરાતીમાં જે તે સ્વરૂપની પશ્ચાદ્ભૂમિકા (જેમ કે પ્રવાસસાહિત્ય વિશે) વગેરે બાબતોને સંક્ષેપમાં આવરી લઈને તેની સારગર્ભિત નોંધ આપવામાં આવી છે. ત્યારબાદ સંબંધિત સાહિત્યસ્વરૂપનાં પ્રકાશિત પુસ્તકોની કાળક્રમાનુસાર તાત્ત્વિક વિવેચના કરવાના પ્રારંભમાં ગ્રંથસ્થ કૃતિઓની રચનાના કાળક્રમમાં ગોઠવણી અને કઈ કઈ કૃતિઓ સમાવિષ્ટ છે, જેમ કે, 'શ્રાવણીમેળો' (પૃ. ૧૦૧), સમાવિષ્ટ કૃતિઓની ગોઠવણીનો સાધાર કાળક્રમ કે વર્ણિત વિષય, વિષયો અને શૈલીનું વૈવિધ્ય, પરવર્તી આવૃત્તિમાં અગાઉની આવૃત્તિમાં સમાવિષ્ટ બધી જ કૃતિઓ લેવામાં આવી છે કે નવી ઉમેરવામાં આવી છે તે, કોઈ કૃતિમાં પરિવર્તન કરવામાં આવ્યું હોય તો તેની વિગતો તારવી આપી છે, જેમ કે 'ગોષ્ઠી' નિબંધ સંગ્રહની ત્રીજી આવૃત્તિમાં પાંચ નિબંધો ઉમેરવામાં આવ્યા (પૃ. ૨૧૯), 'વિસામો' (૧૯૫૯) વાર્તાસંગ્રહમાં અગાઉ પ્રગટ થયેલા વાતોસંગ્રહો 'ત્રણ અર્ધું બે' અને 'બીજી વાતો' (૧૯૩૮) તથા 'અંતરાય' (૧૯૪૭)ની ૨૫ વાર્તાઓમાંથી ૧૯ વાર્તાઓ પસંદ કરી અને અન્ય ત્રણ વાર્તાઓ ઉમેરી, મૂળ વાર્તામાં કોઈ ફેરફાર - 'બીજી વાર્તાઓની પણ ઉમાશંકર દ્વારા ઠીક ઠીક માવજત પામવી. ભાષામાં તેમ વસ્તુસામગ્રી ને આયોજનમાંય', શીર્ષકમાં કોઈ પરિવર્તન કરવામાં આવ્યું હોય; જેમ કે, 'અનાથ' નાટકની 'વડો નિશાળિયો' નામથી ૧૯૩૪માં ભજવણી વગેરે. આ બધી વિશ્લેષણાત્મક વિગતો જે તે સાહિત્યસ્વરૂપમાં ઉમાશંકરના પ્રદાનને ઐતિહાસિક દૃષ્ટિએ મૂલવવા માટે પ્રમુખ આધારસ્રોત બની રહે છે. આ સાથે એક અન્ય ધ્યાનાર્હ બાબત એ છે કે ટૂંકી વાર્તા, એકાંકી અને નિબંધ સંગ્રહોમાં સમાવિષ્ટ પ્રત્યેક કૃતિની સમીક્ષા કરી છે, જોકે ચરિત્રગ્રંથો 'હૃદયમાં પડેલી છબીઓ' અને 'ઈસામુ શિદા અને અન્ય'માં ગ્રંથસ્થ બધાં જ ૧૮૦ ચરિત્રચિત્રણોની વિગતે ચર્ચા કરી નથી, જોકે તે આવશ્યક પણ નથી.

**'નાટ્યસાહિત્ય'** અંતર્ગત એકાંકીસંગ્રહ 'સાપના ભારા' અને 'શહીદ' / 'હવેલી' તથા દીર્ઘનાટક 'અનાથ' સમાવિષ્ટ છે. આ બધી કૃતિઓની વિવેચનામાં વિષયવસ્તુ, તખ્તાલાયકી, સંવાદક્ષમતા, અને ભાષા-લોકબોલીનો પ્રયોગ, અભિવ્યક્ત જીવનદર્શન, પાત્રસંખ્યા અને પાત્રાલેખન, સાહિત્યિક ક્ષમતા, મનોભાવો, કાવ્યાત્મકતા,

મૌલિક યા રૂપાન્તરિત વગેરે બાબતો ધ્યાને લઈને પ્રત્યેકનું રસદર્શન કરાવ્યું છે. આ સાથે જ કેટલાક નાટ્યવિવેચકો, જેમ કે, જયંતિ દલાલ, ધીરુભાઈ ઠાકર, મહેશ ચોકસી, 'સરયૂ', ડૉ. ચંદ્રકાન્ત મહેતા વગેરેનાં અવલોકનોને ધ્યાને લઈને લેખક તેમની સાથે સંમતિ કે પોતાનું મંતવ્ય અલગ હોય તો તેની રજૂઆત સાધાર છતાં વિવેકપૂત રીતે કરતા જોવા મળે છે. ક્વચિત્ એક જ એકાંકી સંદર્ભે કેટલાક વિવેચકોના તદ્દન સામાકાંઠેનાં મંતવ્યો એક સાથે ઉદ્ધૃત કરીને બંનેનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરતા જોવા મળે છે; જેમ કે, 'કડલાં' સંદર્ભે (પૃ. ૩૪). આ સંબંધી લેખકનાં કેટલાંક અવલોકનો ધ્યાનાર્હ બની રહે છે :

- 'ગુજરાતી એકાંકીને પ્રતિષ્ઠિત કરવામાં એમણે [ઉમાશંકરે] સિંહફાળો ફાળો આપ્યો; એટલું જ નહીં, એને વિકસાવવામાં પણ પૂરી સભાનતા ને એકાગ્રતા દાખવી છે.' (પૃ. ૮૨). 'નાટકના શબ્દને એમના જેટલી એકાગ્રતાથી ઉપાસનારા, આપણે ત્યાં કેટલા ? ...ગુજરાતી નાટ્યવિકાસમાં તેઓ એક 'મજલસ્તંભ' ('માઈલસ્ટોન') જ છે.'' (પૃ. ૮૮).
- 'આપણે ત્યાં રંગભૂમિએ સાહિત્યદૃષ્ટિએ ઉત્તમ યા વિલક્ષણ નાટકોને ભજવી બતાવવામાં જે સાહસિકતા દાખવવી જોઈએ તે પૂરતા પ્રમાણમાં દાખવી નથી એ દુઃખદ બીના છે.' (પૃ. ૬).
- 'નાટકોમાં બોલીપ્રયોગ ગુજરાતી નાટ્યવિદોને અજાણ્યો નથી, પરંતુ આ બાબતમાં ઉમાશંકર ચંદ્રવદનથી પહેલા છે.' (પૃ. ૧૨).
- ''[વિરાટ જનતા] આ આખા નાટકમાં ભણેશરીના સર્જનમાં ઉમાશંકરની જે વૈચારિક ભૂમિકા રહેલી છે તે ખૂબ મહત્ત્વની છે. શ્રી દલાલ જેવા સમાજચિંતકે આ નાટકની વૈચારિક ભૂમિકાની જરૂરી નોંધ કેમ ન લીધી એનું આશ્ચર્ય છે. ૨૨ વર્ષનો યુવાન લેખક જે વૈચારિક ભૂમિકાએથી - ભણેશરીની દૃષ્ટિથી આમ જનતાનું - વિરાટ જનતાનું આંતરનિરીક્ષણ કરે છે તે તે સાચે જ રસપ્રદ છે. આમ છતાં નાટ્યકલાની દૃષ્ટિએ નિષ્ફળ હોવાથી આ નાટ્યપ્રયોગની, અન્યથા જે મૂલ્યવત્તા છે તેનીયે, આપણા વિવેચકોએ ઉપેક્ષા કરી ! (પૃ. ૪૯), 'શહીદ' સંદર્ભે જયંતિ દલાલ અને ઉમાશંકર વચ્ચે મતભેદ (પૃ. ૫૨) વગેરે.
- 'શહીદ'માં ઉમાશંકરની એકાંકીક્ષેત્રે પ્રવર્તમાન પ્રયોગશીલવૃત્તિનાં ઠીક ઠીક દર્શન થાય. એકાંકીનાં વસ્તુ, રજૂઆતાદિમાં વૈવિધ્ય છે, પણ જે સઘનતા, સચોટતાને સંતર્પકતા 'સાપના ભારા'– માં મળે છે. તેનો ઠીક ઠીક અભાવ અહીં સાલ્યા વગર રહેતો નથી. (પૃ. ૭૭)

**'કથાસાહિત્ય'**માં ટૂંકી વાર્તાઓ : 'શ્રાવણી મેળો' અને 'વિસામો', તથા નવલકથા : 'પારકાં જણ્યાં'ની સમીક્ષા કરવામાં આવી છે. અહીં 'શ્રાવણી મેળા'ની ૧૫ તથા 'વિસામો'ની ૨૨ કુલ મળી ૩૭ ટૂંકી વાર્તાઓનો અને નવલકથા 'પારકાં જણ્યાં'નો લેખકે મનભર અને સંતર્પક રસાસ્વાદ (પૃ. ૯૧-૨૦૫) કરાવ્યો છે. ઉલ્લેખનીય છે કે ઉમાશંકરે કુલ ૪૩ ટૂંકી વાર્તાઓ લખી હતી, પરંતુ આ પૈકી અગાઉ પ્રગટ કરવામાં આવેલ 'ત્રણ અર્ધું બે' અને 'અંતરાય' વાર્તાસંગ્રહોમાં ગ્રંથસ્થ વાર્તાઓ પૈકી ૬ વાર્તાઓ 'વિસામો' માટે રદ કરી છે તેનો રસાસ્વાદ અહીં કરાવવામાં આવ્યો નથી. લેખકે ઝવેરચંદ મેઘાણી, ધનસુખલાલ મહેતા, મનસુખલાલ ઝવેરી, યશવંત શુકલ, નલિન રાવળ, ચુનિલાલ મડિયા, ડૉ. ચંન્દ્રકાન્ત મહેતા, ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, અનંતરાય રાવળ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ઈશ્વરલાલ દવે વગેરેએ ઉમાશંકરની વાર્તાઓ વિશે પ્રસંગોપાત્ત, જે મંતવ્યો રજૂ કર્યાં છે તે બધાનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અનુશીલન - પરિશીલન કરીને રસપ્રદ તારતમ્ય રજૂ કરવાની સાથે ક્વચિત્ બે સંપાદકો / વિવેચકોના રુચિભેદના કારણે ઉદા. તરીકે 'પગલીનો પાડનાર' કે જેને ખુદ લેખક પોતાની શ્રેષ્ઠ વાર્તા ગણે છે તેને લબ્ધપ્રતિષ્ઠ વિવેચક મનસુખલાલ ઝવેરી 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ માટે પસંદગી ઉતારે છે, જ્યારે આવા જ બીજા સમર્થ વિવેચક યશવંત શુકલ 'લોકમિલાપ' દ્વારા પ્રકાશિત 'ઉમાશંકરની શ્રેષ્ઠવાર્તાઓ'માં આ વાર્તાને પસંદગી આપતા નથી. લેખકે આ સંદર્ભે માર્મિક ટકોર કરતાં નોંધ્યું છે કે 'આવું છે રુચિભેદનું તંત્ર !' (જોકે રુચિભેદ સિવાયનાંયે બીજાં ત્રીજાં કારણોની શક્યતા ભૂંસી શકાય નહીં.)

આ સાથે એક રસપ્રદ અને પ્રેરક વાત એ જણાવી છે કે 'પ્રથિતયશ વાર્તાકાર' ઉમાશંકરે તા. ૧૧ ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ એક જ દિવસે ચાર વાર્તાઓનું સર્જન કર્યું હતું અને પાંચમી વાર્તા 'રત્ના કેમ પરણી ગઈ' તેની શરૂઆત કરી હતી. ઉમાશંકરની વાર્તાઓ વિશે તેમનાં કેટલાંક નિરીક્ષણો; જેમ કે, વાર્તામાં 'ઘટનાલોપ' સંદર્ભે સુરેશ જોષીએ જે ઊહાપોહ સર્જ્યો હતો તેનાં ઘણાં વર્ષ પૂર્વે ઉમાશંકર જોશીએ 'બે બહેનો' વાર્તામાં 'ઘટનાને વધુમાં વધુ સૂક્ષ્મ રૂપ' આપ્યું હતું તે બાબત ઉજાગર કરી આપતું અને 'અનામિકા' વાર્તાના પાત્ર લલિતાનું વર્તન ઇબ્સનના 'ધ ડૉલ્સ હાઉસ' નાટકમાંની નોરા પ્રત્યેનું હેલ્મેટનું વર્તન સમાન જોવું વગેરે સંબંધી ધ્યાનાર્હ બની

રહે છે. આ સાથે જ કેટલીક વાર્તાઓ સંદર્ભે કેટલાક વિવેચકોનાં ઉભડક મંતવ્યો, જેમ કે, 'ચક્કીનું ભૂત'ને ધનસુખલાલ મહેતા 'તદ્દન નબળી વાર્તા' ગણાવે છે. આ સંદર્ભે લેખકનું મંતવ્ય રહ્યું છે કે આ માટે ધનસુખલાલે કારણો આપ્યાં હોત તો તેની ચર્ચા થઈ શકત.

લેખકે રસાસ્વાદ કરાવવાની સાથે પ્રત્યેક વાર્તાની વિશેષતાઓ અને મર્યાદાઓ પણ તારવી આપી છે. આ સંદર્ભે થોડાંક ઉદાહરણો જોઈએ : "'પગલીનો પાડનાર'માં વાર્તાની ક્ષણ વાર્તાના અંતભાગમાં જ છે અને તેને કલાત્મક રીતે ઉપસાવવામાં લેખકને સ્પષ્ટ સિદ્ધિ મળી છે, 'અમુચમુ' વાર્તાની જે ખરેખરી ક્ષણ છે તેને નિરૂપવા માટે જોઈએ તે કરતાં વધુ પ્રસ્તારવાળી ભૂમિકા લીધી હોય એમ લાગે છે. આ વાર્તા વધુ ધારદાર, વધુ સચોટ ને વ્યંજનાત્મક બની શકી હોત... કેટલીક રીતે શિથિલ છતાં આસ્વાદ્ય તો જરૂર રહે છે, 'પંચાનન' મૂળમાં તો ઠીક ઠીક લાંબી વાર્તા છે. લેખકે એમાં કાતર સારી ચલાવી છે... પરંતુ એ પ્રયત્ન ખાસ સફળ થયો નથી... એક કલાકૃતિ તરીકે ભાગ્યે જ આકર્ષે... મૂળભૂત રીતે નબળી જ રહે છે, 'રત્ના કેમ પરણી ગઈ' સામાન્ય કક્ષાની વાર્તા છે, તત્ત્વતઃ જોતાં પણ 'શ્રાવણી મેળા' પછીની વાર્તાઓનું પ્રાકટ્ય છેક જ નિરર્થક માની લેવું તે તર્કસિદ્ધ પણ નથી વગેરે. નવલકથા – 'પારકાં જણ્યાં'માં કથાબિન્દુઓ – રસબિન્દુઓને વિકસાવવામાં ઠરેલ હાથે કામ લેવું જોઈએ તે એમણે લીધું નથી. પરિણામે એમનો આ પ્રયોગ કૃતિના આકાર સૌષ્ઠવની દૃષ્ટિએ સફળ થયો જણાતો નથી... આ 'નિષ્ફળ' નવલકથામાં એક આશ્વાસક પાસું લેખકની ભાષા છે... [આમ છતાં] 'પારકાં જણ્યાં'નું ઉમાશંકરના કૃતિસમૂહમાં સ્પષ્ટપણે મહત્ત્વનું સ્થાન છે... ઉમાશંકર માટે તો 'પારકાં જણ્યાં' જેવી જણાતી નથી."

**'નિબંધ સાહિત્ય'** વિશેના પ્રકરણના પ્રારંભમાં ઉમાશંકરની નિબંધ વિષયક વિભાવના, નિબંધોનું વિષયવસ્તુ, જેમ કે, સાહિત્ય, કલા, કેળવણી, ધર્મ, રાજકારણ, સમાજકારણ, રાષ્ટ્રકારણ વગેરેનો પરિચય અને ઊંડાણ, શૈલી, સંવાદકળા, શબ્દભંડોળ, નિબંધલેખનની વિકાસરેખા વગેરેની સટિપ્પણ ચર્ચા કર્યા બાદ ઉમાશંકરનો પ્રત્યેક સર્જનગ્રંથ વિશે રહેલો મહત્ત્વનો પ્રશ્ન 'બે પૂઠાં વચ્ચે હૃદય પ્રવેશ્યું છે' તે વિવેચ્ય નિબંધ સંગ્રહોને કેટલે અંશે લાગુ પડે છે તે વગેરેની છણાવટ કરવામાં આવી છે. અહીં ૪ નિબંધ સંગ્રહો - ૧. 'ગોષ્ઠી', ૨. 'ઉઘાડી બારી', ૩. 'શિવસંકલ્પ', અને ૪. 'કેળવણીનો કીમિયો' - વિશે વિચાર-વિમર્શ કર્યો છે. આ બધા નિબંધોની વિવેચના કરતાં ખાસ નોંધપાત્ર બાબત એ બની રહે છે કે લેખકે કેટલાક નિબંધોના રસપ્રદ ગદ્યખંડો કે જે તેના વિચારગાંભીર્ય, ભાષાભિવ્યક્તિ, પ્રવર્તમાન સમયમાં પ્રસ્તુતતા વગેરે દૃષ્ટિએ સૂચક બની રહે તેવા અહીં પસંદ કરી કરીને મૂક્યા છે. અને આ સાથે જે તે નિબંધો કેટલી વયે લખવામાં આવ્યા હતા તેની પણ કાળજીથી નોંધ જોવા મળે છે. પરિણામે ઉમાશંકરનું પ્રતિભાપોત વિદ્યાર્થીવયથી જ કેટલું જ્ઞાનસમૃદ્ધ અને દૃષ્ટિપૂત હતું તેની પ્રતીતિ સહજમાં થાય છે. ઉદા. તરીકે કડીના ૧૯૩૬ના છાત્રસંમેલનમાં (પ્રાયઃ ૨૪-૨૫ વર્ષની વયે) આપેલ વક્તવ્ય 'મને સાંભરે રે' શીર્ષક હેઠળ 'ગોષ્ઠી'માં ગ્રંથસ્થ છે તેના કેટલાક અંશો કે જે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને નીતિનિર્ધારકો માટે આજે પણ પ્રસ્તુત બની રહે છે તે અહીં વીણી વીણીને આપ્યા છે. વિદ્યાર્થીઓ માટેનું સૂચન 'બેટા, દેશાવર ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ મા, ઉગમણે બારણે આપણું ઘર છે' ગણતરીના શબ્દોમાં કેટલું બધું કહી જાય છે. 'ગોષ્ઠી'ના બધા જ નિબંધોનો આસ્વાદ કરાવ્યો છે. પરંતુ ત્યાર બાદના સંગ્રહોના મુખ્ય થીમને કેન્દ્રમાં રાખીને લેખકે ચર્ચા-વિચારણા કરી છે. 'કેળવણીનો કીમિયો'માં ધરબાયેલ કેળવણી ચિંતનનો અર્ક સ-રસ રીતે ઉજાગર કરી આપ્યો છે. ઉમાશંકરના કેળવણી-ચિંતન વિશે જાણવા-સમજવા માટે અહીં ઉદાહરણસ્વરૂપ ૭ જેટલા મોટા છતાં સંતર્પક ગદ્યખંડો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે, જે સાથેની લેખકની મથામણ (પૃ. ૨૬૦-૭૦) ફળદાયી બની રહી છે.

**'ચરિત્રસાહિત્ય'**ની વિચારણાના પ્રારંભમાં લેખકે ઉમાશંકરના નિબંધસંગ્રહ 'ગોષ્ઠી'ના નિબંધ 'વાર્તાલાપ'માં ઉમાશંકરે પોતાની પસંદગીનો ક્રમ આપ્યો છે તેના આધારે તારવ્યું છે કે 'ઉમાશંકરનો મનુષ્યમાં રસ અત્યંત ઉત્કૃષ્ટ છે, સાહિત્યમાં છે તેથીયે વિશેષ... તેમનું સાહિત્ય માટેનું આકર્ષણ પણ માનવરસને કારણે જ છે... ચરિત્રાત્મક કહી શકાય એવી સાહિત્યસામગ્રી - અલબત્ત, છૂટક-છૂટક રીતે – પણ ઠીક ઠીક આપી છે.' ઠીક નહીં, ઘણી આપી છે. સામાજિક – સાંસ્કૃતિક દૃષ્ટિએ મૂલ્યવત્તા ધરાવતી દેશ-પરદેશની ૧૮૦ જેટલી વિવિધ વિષય ક્ષેત્રોની પ્રતિભાઓ વિશે 'હૃદયમાં પડેલી છબીઓ', ૨ ભાગ અને 'ઈસામુ શિદા અને અન્ય'માં વ્યક્તિચરિત્રો – Penpictures આપ્યાં છે, જેમાં તેમના 'જીવનવિવેક અને કલાવિવેકની શક્તિ'નાં દર્શન થાય છે. વળી, જેમની છબીઓ ઝીલી છે તે બધા જ સાથે વ્યક્તિગત – પ્રત્યક્ષ સંબંધ ન હતો, પરંતુ તેમનાં સાહિત્ય અને કાર્યોથી પ્રભાવિત થઈને તેમ જ સર્જક તરીકેની 'સામાજિક જવાબદારી'ની સભાનતાથી પ્રેરાઈને અર્ઘ્ય આપ્યો છે. આ બધાં લખાણો પ્રસંગોપાત્ત, જેમ કે,

દિવંગત થતાં શ્રદ્ધાંજલિ, અભિવાદન, વ્યાખ્યાન વગેરે હેતુ લખાયાં હોવાથી બધાં જ વ્યક્તિઓનું સળંગ જીવન-ચરિત્ર તથા પ્રદાનને એકધારું વર્ણવવામાં આવ્યું નથી. આ સંદર્ભે લેખકે સમતોલ રીતે નોંધ્યું છે કે 'કેટલાંક લખાણો સામાન્ય કક્ષાનાં છે છતાં... ઔપચારિકતાનો ભાર નથી ? ... ઉમાશંકરની બહુશ્રુતતા, એમનું 'બૃહત સંદર્ભ માળખું' (૧-૧૯૮) એમના લખાણને કેટલુંક અનોખું વિત્ત બક્ષે છે.' આ બધી પ્રતિભાઓનાં આંતરવૈભવને ઉજાગર કરતાં ઉમાશંકરે પ્રયોજેલાં વિશેષણો – 'કાવ્યમાધુર્ય, સમુચિત પદાવલી, ઉપમા – રૂપકો, તળપદા શબ્દપ્રસંગો, વિલક્ષણ શબ્દપ્રયોગો, દેહયષ્ટિનાં હૂબહૂ સરેખ ચિત્રણો વગેરે સોદાહરણ તારવી આપીને ઉમાશંકરની સામર્થ્યશીલ અને પ્રભાવક શબ્દાંકન-કલાનો સમુચિત પરિચય કરાવ્યો છે. આ સંબંધી કેટલાંક ઉદાહરણો જોઈએ : ન્હાનાલાલ એટલે 'ગિરા ગૂર્જરીનું હૃદય', મેઘાણી એટલે 'સાક્ષાત્ સૌરાષ્ટ્ર', મડિયા એટલે 'મહેફિલ', પંડિત ઓમકારનાથજી એટલે 'વ્યક્તિત્વની સંગીતમયતા', સંજાના માટે 'ગ્રંથપ્રિયમૂર્તિ', ડોલરરાય માંકડ માટે 'તપસ્વી લોકસેવક', ટોયન્બી માટે 'ઇતિહાસાચાર્ય' વગેરે. આ સાથે ચરિત્રનાયકના વ્યક્તિત્વને પ્રત્યક્ષ કરવા હેતુ પોતાના અને અન્યનાં વિચાર, વાણી ને વર્તનના સંદર્ભોનો વિવેકપુરઃસર ઉપયોગ, સમષ્ટિને આપેલ પ્રદાન, વિશેષ નોંધપાત્ર ખાસિયતો, ઉપલબ્ધિઓ વગેરેને લેખકે કાળજીથી ઉજાગર કરી આપી છે.

આ ઉપરાંત સ્વતંત્ર ગ્રંથાકારે 'મસ્ત કવિ : બાલ' તથા ગાંધીજી વિશે 'ગાંધીકથા' અને 'સૌના સાથી સૌના દોસ્ત' ચરિત્રગ્રંથો પ્રકાશિત છે. બાલાશંકર કંથારિયા 'ક્લાન્ત કવિ'નું ચરિત્ર ૧૯૪૨માં લખાયેલું, પરંતુ એમનાં સુપુત્રી સ્વાતિબહેન જોશીએ સંપાદકીય સાથે ૧૯૯૭માં પ્રગટ કર્યું. આ ચરિત્રને લેખકે 'ઉમાશંકરના સંશોધન અને સ્વાધ્યાયથી પુષ્ટ થયેલી બાળાશંકર વિશેની પ્રમાણભૂત ચરિત્રકથા' ગણાવીને ઉમાશંકરની 'શોધ, સત્ય, વર્ણન અને વિવેકશક્તિ'ની નોંધ લીધી છે. 'ગાંધીકથા' ચરિત્ર સંદર્ભે ઉમાશંકરને મન ગાંધીજી એટલે શું ? અને તેમના સાહિત્ય ઉપર ગાંધીજીના પ્રભાવની તાત્ત્વિક ચર્ચા કર્યા બાદ ગાંધીજી – મોહનમાંથી મહાત્મા થયા તે સંબંધી પ્રસંગોની પસંદગી કિશોરોને કેન્દ્રમાં રાખીને ઉમાશંકર દ્વારા કરવામાં આવી છે તેની સ્પષ્ટતા કરીને પ્રસંગોની ભાષા અને ભાષ્ય, નાટ્યાત્મકતા, પ્રસંગચિત્રણ, વ્યંજનાત્મકતા વગેરે વિશે વિચારવિમર્શ કર્યો છે. આ સાથે જ કેટલાક પ્રસંગો સાદા અને ટુચકા જેવા છે તે પણ લેખકે તારવી આપ્યા છે. વળી પ્રસંગોની ગોઠવણીમાં કોઈ ક્રમ ન રાખ્યો હોવાથી ખડકલો' થયા સંબંધી માર્મિક ટકોર પણ કરી છે. વધુમાં આ ગ્રંથનો 'ભારતીય જ્ઞાનપીઠ' દ્વારા હિન્દી અનુવાદ 'ગાંધીકથા' (૧૯૭૧) સરોજિની નાણાવટી દ્વારા કરવામાં આવ્યો છે તેમાં પ્રસંગ નં. ૬, ૪૬ અને ૧૨૩ સમાવિષ્ટ નથી તેની નોંધ લીધી છે. આમ, મૂળકૃતિ ઉપરાંત તેના અનુવાદો પણ લેખકના પરીક્ષણની પરિધિમાં રહ્યા છે. 'સૌના સાથી સૌના દોસ્ત' 'નેશનલ બુક ટ્રસ્ટ' દ્વારા 'બાલ-પુસ્તકાલય' અંતર્ગત પ્રકાશિત પુસ્તિકા છે. લેખકનું નિરીક્ષણ ધ્યાનાર્હ બની રહે છે કે 'પ્રસંગોની પસંદગી પાછળનું જે કોઈ ધોરણ હોય તે સ્પષ્ટ થતું નથી.' વળી 'ગાંધીકથા'ના કયા-કયા પ્રસંગો અહીં સમાવિષ્ટ છે તે પણ દર્શાવ્યું છે. '૩૧માં ડોકિયું' એ ઉમાશંકરે ૧૯૩૧ના વર્ષમાં આશરે ૪ માસ વાસરી લખી હતી તેનું ગ્રંથાકારે પ્રકાશન છે, જેમાં તેમના અંગતજીવન અને વિદ્યાપીઠજીવનની ઝાંખી એમાં સુલભ થાય છે. લેખકે વાસરીની હસ્તપ્રતના નિરીક્ષણના આધારે નોંધ્યું છે કે 'કેટલાંક વિધાનો પ્રકાશિત સંસ્કરણમાં સમાવિષ્ટ નથી, જે તેમના વ્યક્તિત્વ માટે ઉપયોગી નીવડત. જોકે એ રદ કરવાની ક્રિયા પણ એમના વ્યક્તિત્વની દ્યોતક છે.' વધુમાં આ 'વાસરી', 'નિરાંતે, કલાત્મક ધોરણે લખાયેલી નથી. કંઈક ઉભડક લખાયેલી જણાય છે' તેવી નોંધ પણ કરી છે. અત્ર-તત્ર લેખકનું ઝીણું જોવાનું વલણ દ્રષ્ટવ્ય બની રહે છે. 'થોડુંક અંગત'માં ઉમાશંકરનાં આત્મકથાનાત્મક લખાણો ગ્રંથસ્થ છે કે જે તેમના અવસાન બાદ તેમનાં સુપુત્રી સ્વાતિબહેને સંપાદિત કરીને ૧૯૯૯માં પ્રકાશિત કર્યાં છે. લેખકે આ ગ્રંથને 'ઉમાશંકરની આંતરછવિનો આધારગ્રંથ' તથા 'સંપાદિકાની પરિપકવ સૂઝસમજ તથા ચીવટનો દ્યોતક' ગણાવ્યો છે. વધુમાં લેખકે ઉમાશંકરના આત્મચરિત્રાત્મક આ બંને ગ્રંથોમાં સંગૃહીત સામગ્રીનો નિરાંતે રસાસ્વાદ કરાવીને ઉમાશંકરના વ્યક્તિત્વનો ઊઘાડ સંતર્પક સંતૃપ્તિ કરાવે તેવો કરી આપ્યો છે.

**'પ્રવાસસાહિત્ય'** અંતર્ગત 'યાત્રી', 'ચીનમાં ૫૪ દિવસ', 'ઈશાન ભારત અને અંદામાનમાં ટહુક્યા મોર' અને 'યુરોપયાત્રા' શીર્ષકો હેઠળના પ્રવાસગ્રંથોનું હાર્દ સમજાવતાં પૂર્વે ગુજરાતી પ્રવાસ-સાહિત્યની ખૂબ જ સંક્ષેપમાં નોંધ લઈને ઉમાશંકરને મન પ્રવાસ એટલે શું ? તેનું મહત્ત્વ, તેમ જ તેમના પ્રવાસોની વિશેષતાઓ, જેમ કે 'તેઓ પ્રવાસના સ્થળદર્શને જ વિરમતા નથી, કેવળ બાહ્ય ભૂગોળદર્શન જ એમનું ધ્યેય હોતું નથી, તેઓ તો જે તે પ્રવાસસ્થળના મનુષ્યનો, એની ઇતિહાસ-પરંપરાના

સંદર્ભમાં, વ્યાપક માનવતાના સંદર્ભમાં પરિચય મેળવવા મથે છે. તેઓ તો પોતાના પ્રવાસોને આત્મશિક્ષણના પાઠરૂપે લેખતા હોય તો નવાઈ નથી.' આ સાથે જ તેમના પ્રવાસોનો કાળક્રમાનુસાર પરિચય પણ આપ્યો છે. આ બધાં પ્રવાસ-વર્ણનોમાં ઉમાશંકર કેવા 'સંસ્કૃતિપ્રેમી, માનવતાપ્રેમી, પ્રકૃતિપ્રેમી ને સાહિત્ય-કલાપ્રેમી છે' તે પણ સરસ રીતે સારવી-તારવી આપ્યું છે. આ સાથે જ પ્રવાસોની મર્યાદાઓ ઉપર આંગળી ચીંધતા પણ જોવા મળે છે; જેમ કે, 'બનાસકાંઠાની યાત્રા સંબંધી પ્રવાસલેખ 'અહેવાલયુકત', 'ઈશાન ભારત...' પરિચયમાં 'કેટલુંક ઝડપી નોંધ જેવું લાગે, કેટલુંક કેવળ મુલાકાતો ને વાતચીત કે કાર્યક્રમના અહેવાલમાં જ રજૂ થતું જણાય' વગેરે. સમગ્રતયા, આ બધા પ્રવાસગ્રંથોનો સંક્ષેપમાં પરિચય કરાવીને ઉમાશંકરના પ્રવાસ-સાહિત્યને 'મૂલ્યવાન વિરાસત' ગણાવ્યું છે.

અંતિમ **ખંડ-૩ 'વિવેચન'** માટે ફાળવ્યો છે, જેના અંતભાગમાં 'ઉમાશંકર : જીવનક્રમિકા' અને 'વાઙ્મયસૂચિ'નો સમાવેશ કર્યો છે. આ ખંડના પ્રારંભમાં ગુજરાતી વિવેચનસાહિત્યની વિકાસરેખાની એક અભ્યાસનિષ્ઠ છતાં રસપ્રદ ઝલક તેના વળાંકો અને વિશેષતાઓ સાથે સંક્ષેપમાં રજૂ કર્યા બાદ ગુજરાતી સાહિત્યવિવેચનને અર્વાચીનકાળની પેદાશ ગણીને તેને 'વ્યવસ્થિત રીતે શરૂઆત' કરવાનું શ્રેય નર્મદને આપ્યું છે. આ પાછળ લેખકનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે આપણી પાસે સંસ્કૃત કાવ્યમીમાંસાનો સમૃદ્ધ વારસો હોવા છતાં તેનો પ્રભાવ ન જેવો જ રહ્યો છે. ગુજરાતી વિવેચન પરંપરાનાં ઉન્નત અને ઉત્તમ શૃંગ એવા આનંદશંકર, બળવંતરાય, રામનારાયણ વિ. પાઠકની હરોળમાં 'ઉત્તમ કોટિની પ્રત્યક્ષ વિવેચના આપનાર ઉમાશંકરને અધિકારપૂર્વક ગણાવ્યા છે. આટલી તાત્ત્વિક ચર્ચા કર્યા બાદ ઉમાશંકરના ૧૪ ગુજરાતી અને ૩ અંગ્રેજી વિવેચન-ગ્રંથો કે જેમાં અભ્યાસલેખો, વાર્તાલાપો, વ્યાખ્યાનો, પ્રશ્નોત્તરી વગેરે સમાવિષ્ટ છે તે, ૪ પરિચય-પુસ્તિકાઓ તથા 'પુરાણોમાં ગુજરાત' ઇત્યાદિ ૪ સંશોધનગ્રંથો વગેરેની અહીં સમાલોચના કરવામાં આવી છે, જેમાં તેમનો ભાવકધર્મ સ્પષ્ટ રીતે ઊપસી આવેલો જોવા મળે છે. ઉમાશંકરનું પણ મંતવ્ય રહ્યું છે કે 'વિવેચન એટલે આસ્વાદમૂલક અવબોધકથા'ને એને શેઠસાહેબ ગાંઠે બાંધીને – આત્મસાત કરીને અહીં અને અન્યત્ર પણ પોતાનો ધર્મ અદા કરતા જોવા મળે છે, જેનું શ્રેય તેમના જીવન સાથે વણાઈ ગયેલા વૈષ્ણવ આભિજાત્ય સંસ્કારના શિરે રહે છે.

ઉમાશંકરને એક વિવેચક તરીકે મૂલવવાના પ્રારંભમાં 'એક વાચનરસિયો જીવ, પરીક્ષા આપવાની હોય એટલી તીવ્રતાથી વાંચવાની ટેવ' – કે જે તેમને વિવેચનકાર્ય અને સર્જનકાર્યમાં ઉપકારક બની રહી તેની અને વિવેચન વિશેની તેમની વિભાવના 'વિવેચન એટલે આસ્વાદમૂલક અવબોધકથા'ને ધ્યાને લઈ ઉમાશંકરે સાચા વિદ્યાર્થીની નિષ્ઠાથી અને ઊંચી કક્ષાના રસજ્ઞની સૂઝબૂઝથી વિવેચકધર્મ નિભાવ્યો છે' તેના પરિપ્રેક્ષ્યમાં ઉમાશંકરને મૂલવવા પ્રયાસ કર્યો છે. લેખકે અનુભવ્યું છે કે 'ઉમાશંકર સૈદ્ધાંતિક વિવેચના કરતાં પ્રાયોગિક વિવેચના તરફ વધુ પક્ષપાત કરતા જણાય. [તેમ જ તેમણે] બધા જ પ્રકારનું વિવેચન કર્યું છે – તત્ત્વવિચાર, સ્વરૂપવિચારને કૃતિવિચાર કર્તા વિશેષ વિચાર કર્યો છે.' આટલી વિચારણા કર્યા બાદ વિવેચન-કૃતિઓની આસ્વાદલક્ષી સમીક્ષા કરી છે. પ્રારંભ કર્યો છે ઉમાશંકરના પ્રથમ વિવેચન ગ્રંથ 'અખો : એક અધ્યયન'થી આ ગ્રંથને 'સૌથી પહેલી વાર અખા જેવા જ્ઞાની કવિનું સર્વગ્રાહી દૃષ્ટિથી અવલોકન – મૂલ્યાંકન પ્રાપ્ત થાય છે' તે રીતે ઓળખાવીને પ્રસ્તુત ગ્રંથની બીજી સુધારેલી સંવર્ધિત આવૃત્તિમાં જે ઉમેરણ કરવામાં આવ્યું છે તેને ધ્યાને લઈને સાતેય પ્રકરણોની વિશદ ચર્ચા તેની વિષયવસ્તુ, વિવેચનશૈલી, ભાષા વગેરેને ધ્યાને લઈને કરી છે. આ સાથે જ રમણલાલ પાઠક, યશવંત શુક્લ, ભૂપેન્દ્ર ત્રિવદી વગેરેનાં મંતવ્યોની ચકાસણી પણ કરી છે. વધુમાં, ઉમાશંકરે આ ગ્રંથ ઉપરાંત અખા વિષયક પાંચ લેખો લખ્યા તેની પણ છણાવટ આ સાથે જ વણી લીધી છે. આ સંદર્ભે લેખકનું અવલોકન રહ્યું છે કે 'મહદઅંશે એમાં' અખો : એક અધ્યયન'ની સામગ્રી જ ઉપયોગમાં આવી છે. તે લેખકેય તે ઘટતે સ્થળે સ્પષ્ટ પણ કર્યું છે.' અખો મધ્યયુગીન કવિ હોવાથી લેખકે આ સાથે જ અન્ય મધ્યકાલીન કવિઓ, જેમ કે, 'નરસિંહ', 'પ્રેમાનંદ', 'નરહરિ', 'દયારામ' વિશે લેખો / પરિચય-પુસ્તિકા વગેરે જે લખ્યાં તેને પણ અહીં આવરી લીધાં છે. જોકે 'ઉમાશંકરે અર્વાચીન ગુજરાતી સાહિત્યને મુકાબલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે પ્રમાણમાં ઓછું લખ્યું છે, તેમાંય 'લોકસાહિત્ય' વિશે તો તેથીય ઘણું ઓછું લખ્યું છે' તે વાસ્તવિકતાથી લેખક જાગરૂક પણ છે. આપણાં પુરાણો 'હિંદુધર્મના વિશ્વકોશ' પણ પ્રાચીન – મધ્યયુગની પેદાશ હોઈ સંશોધનગ્રંથ 'પુરાણોમાં ગુજરાત' કે જેમાં પ્રવર્તમાન ગુજરાત સંબંધી ૧૯૭ સંજ્ઞાઓનો વિચાર કર્યો છે તે અને તેની પ્રસ્તાવનાનો રસાસ્વાદ અહીં કરાવ્યો છે.

'શ્રી અને સૌરભ' કે જે ઉમાશંકરનો યશકલગીરૂપ

ગ્રંથ છે તે અને તેની સાથે રવીન્દ્રનાથ-કૃત 'પ્રાચીના'માં યોગાનુયોગ વિષયસામગ્રીમાં કેવી-કેવી સમાનતા છે તેનો પરિચય કરાવીને 'શ્રી અને સૌરભ'માં ગ્રંથસ્થ લેખો, જેમ કે, 'મહાભારત : એક ધર્મકાવ્ય', 'કુમારસંભવ', 'શાકુંતલ', 'ઉત્તરરામચરિત', 'હેમચન્દ્ર કવિ' વગેરેનો ધરાઈને રસાસ્વાદ કરાવ્યો છે. 'મહાભારત : એક ધર્મ- કાવ્ય' અને 'અભિરુચિ'માં ગ્રંથસ્થ 'મહાભારતમાં માનવતા' આ બંને વિસ્તૃત લેખોને એકસાથે વણી લઈને મહાભારતમાં માનવતાનું, ધર્મદર્શનનું જે મહત્ત્વ ધરબાયેલું છે તે તથા મહાભારત 'માનવજીવનના સનાતન ઇતિહાસનું કાવ્ય' છે તેને ઉમાશંકરે જે રસજ્ઞતાથી ઉજાગર કરી આપ્યું છે તેનો તથા ઉમાશંકરની મૌલિક ઉદ્ભાવનાઓ, જેમ કે, કુંતીનો કાનીન પુત્ર માટેનો ભાવ, કર્ણ પ્રત્યે યુધિષ્ઠિરની સ્વાભાવિક કોમળ લાગણી, મહાભારતમાં ભરપૂર 'કાવ્યેર ઉપેક્ષિતા' ઉદા. તરીકે બૃહન્નલારૂપે અર્જુન ઉત્તરા વગેરે બાળાઓને હસાવે છે તે પાછળ ઝઝૂમતું અશ્રુ વગેરે, મહાભારતની ચિકિત્સક આવૃત્તિના સંપાદક ચિંતામણિ વૈદ્યના મતથી વિરુદ્ધ મત દર્શાવવો, વીરોચિત ધૈર્યોદાત્તતા દાખવતો દુર્યોધન વગેરેને રેખાંકિત કરી આપવા સાથે મહાભારત વિશેના ઉમાશંકરના વિશદ અધ્યયનને ઉપસાવી આપ્યું છે. 'શાકુંતલ', 'કુમારસંભવ', 'સંસ્કૃતિકવિ' વિશેના લેખની સાથે 'કાલિદાસ' પરિચય-પુસ્તિકા તથા કેરળ યુનિવર્સિટીમાં 'મેઘદૂત' તથા 'શાકુંતલ' વિશે જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે Kalida's Poetic Voice (૧૯૮૮) તરીકે પ્રગટ થયેલાં તેની એકસાથે ચર્ચા કરતાં લેખક ઉમાશંકરને 'કાલિદાસની કવિતા અને નાટકના એક ઉત્તમ મર્મજ્ઞ' તરીકે બિરદાવવા ઉપરાંત 'શકુંતલા' લેખને 'કૃતિનિષ્ઠ વિવેચના'ના ઉત્તમ ઉદાહરણ રૂપે ગણાવે છે. આ સાથે જ વિવેચનની મર્યાદાઓ 'કુમારસંભવ' લેખમાં વિવેચન પરિચયાત્મક બનતું હોવાની ભોળાભાઈની ફરિયાદમાં સંમતિ પુરાવતા પણ જોવા મળે છે. અહીં 'People's Epic' 'રામાયણ' વિશેના લેખ 'Ramayan and Variations in the Ram Story'માં રામાયણના રચનાસંવિધાનને પણ યાદ કરી લે છે. 'ઉત્તરરામચરિત' વિશે 'અમૃતા આત્માની કલા' શીર્ષક હેઠળનો લેખ ઉમાશંકરની પ્રોજ્જ્વલતમ પ્રતિભાનો દ્યોતક લેખ છે, તેનું આસ્વાદન પણ શેઠસાહેબે 'એષા સંજીવની ટીકા' સમ કરાવ્યું છે.

ઉમાશંકરે પાશ્ચાત્ય સાહિત્ય અને વિવિધ સર્જકો, જેમ કે, શેક્સપિયર, ઈબ્સન, ગ્યૂઈથે, મેકિસમ ગોર્કી, ટૉલ્સ્ટૉય, આંદ્રે, જીદ, યુજીન ઓ' નીલ, અર્નેસ્ટ હેમિંગ્વે, રૉબર્ટ ફ્રોસ્ટ, એલિયટ, વર્ડ્ઝવર્થ, બ્રેકેટ, સમરસેટ મોમ વગેરેના બહુશ્રુત પ્રદાનને અર્ઘ્ય આપતાં વિવિધ સ્વરૂપે લેખો લખ્યા તેની સારગ્રાહી નોંધ લેતાં નોંધ્યું છે કે 'એમની કવિદૃષ્ટિમાં, વિવેચનદૃષ્ટિમાં વિશ્વદૃષ્ટિ' હોય છે. આ બધા લેખો 'હૃદયમાં પડેલી છબીઓ ભાગ-૧', 'ઈસામુ શિદા અને...' , 'કાવ્યાયન', 'કાવ્યાનુશીલન' વગેરેમાં ગ્રંથસ્થ છે. આ સાથે જ ભારતીય સાહિત્યના વિવિધ સર્જકો વિશે પણ તેમણે લખ્યું છે. રવીન્દ્રનાથ તો તેમના 'વિવેચન તેમ કવિતાસર્જનનાય વિષય બન્યા છે.' ટાગોરને 'અર્વાચીન ભારતના ઇતિહાસમાં એક મહાન ઘટના' ગણાવીને તેમના વિશે પ્રસંગોપાત્ત, ઠીક-ઠીક લખ્યું છે. ટાગોર વિશે તેમનો સર્વોત્તમ લેખ 'વિશ્વમાનવનો ઉદ્ગાતા'ને ગણાવ્યો છે. ઉમાશંકરનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે 'વિવેચક જૂના શિષ્ટગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું પૂરતું નથી, એની શક્તિની કસોટી તો રચાતા આવતા સાહિત્યને તારતમ્યબુદ્ધિએ તપાસી એની અંતર્ગત શકયતાઓ અને સિદ્ધિઓ પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી એની સાચી મૂલવણી કરવામાં છે.' ઉમાશંકરનું આ મંતવ્ય જ રહ્યું નથી, પરંતુ તેને તેમણે આચરણમાં પણ મૂક્યું છે તેની પ્રતીતિ અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રાયઃ ઘણાખરા સાહિત્યકારો વિશે તેમણે લખ્યું છે – 'સૌનું સમુચિત ગૌરવ' કર્યું છે, જે વિશે શેઠસાહેબે ગ્રંથ-૩માં પૃ. ૬૬થી ૧૧૪માં વિગતે વાત કરતાં નોંધ્યું છે કે 'ઉમાશંકરનો વિવેચનમાં પણ પક્ષપાત રહ્યો છે – કવિતા તરફ તેઓ કવિ-વિવેચક તો છે જ, પરંતુ પ્રધાનપણે કવિતા-વિવેચક પણ છે.' કવિતા ઉપરાંત અન્ય સાહિત્યસ્વરૂપોનાં વિવેચનોની પણ સટીક નોંધ લીધી છે અને જ્યાં ઊણપો હોય ત્યાં અંગુલિનિર્દેશ પણ કર્યો છે, જેમ કે, એકાંકી સ્વરૂપની વ્યવસ્થિત આલોચના લેખ-સ્વરૂપે આપી તેમ પદ્યનાટક વિશે એક પણ લેખ આપ્યો નથી, તેમ જ ઉમાશંકરના રેડિયો નાટક સંબંધી મંતવ્ય (૩.૧૫૪) ને ચર્ચાસ્પદ વિધાન ગણાવીને નોંધ્યું છે કે 'ઉમાશંકરની વાત બધે જ ઘટાવવી મુશ્કેલ છે.' નવલકથાઓ વિશે ઉમાશંકરે ઝાઝી વિવેચના કરી નથી. પરંતુ 'દીપનિર્વાણ' નિમિત્તે ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ વિશેનું મંતવ્ય 'સાચી ઐતિહાસિક નવલકથા તત્કાલીન ઇતિહાસના સત્યને સાંગોપાંગ જાળવવા મથે છે અને માનવભાવોની સનાતન લીલા તે સમય પર કેવી ખીલી શકે એનું આલેખન કરી ઇતિહાસના અને માનવતાના સત્યને એકરસ કરી મૂકે છે' તથા 'દંતકથા પાછળ એક જાતની ઇતિહાસ-લોલુપતા દૃષ્ટિગોચર થતી હોવાનું તથા દંતકથા ક્યારેક ઇતિહાસનેય

ઘણું નુકસાન કરી શકે' આંખ ઉઘાડનાર બની રહે છે.

વિવિધ પ્રકારનાં વિવેચનોની ચર્ચાની સાથે ઉમાશંકરે કૃતક વિવેચનની કેટલીક શૈલીઓ, જેમ કે, 'રીઝે તો ચાટે ખીજે તો કાટે', 'ચોવટ શૈલી', 'ચોખા મૂકવા શૈલી', 'છેદ ઉડાડવા શૈલી', 'મગ ફમરી અનિર્ણય શૈલી', 'શુકશૈલી', 'સાહિત્ય શૈલી', 'ગુલાલ-ગબારા શૈલી', 'ગુણપક્ષ-દોષપક્ષ શૈલી' અને 'ઉપરહાથ શૈલી' દર્શાવી છે. આ ઉપરાંત વિવેચકની લાક્ષણિકતાઓ જેમ કે, 'તત્ત્વદર્શી', 'ઉદારરુચિ', 'સાચો વિવેચક એ અતન્દ્ર સૌન્દર્યદર્શક' હોય તે ગણાવીને તેમજ તેની 'શક્તિની કસણી પણ જેમ શિષ્ટ ગ્રંથોના તેમ સમકાલીન ગ્રંથોના સાચા મૂલ્યાંકનમાં' જુએ છે તેની પણ લેખકે અહીં નોંધ લેવા ઉપરાંત 'નવ-વિવેચના' સંબંધી ઉમાશંકરના મંતવ્ય વિશે વિચાર-વિમર્શ રજૂ કર્યો છે.

ખંડ-૩ : **'વિવેચન'**ની સમાલોચનાના અંતિમ પડાવમાં ઉમાશંકરની 'શબ્દપ્રીતિ તેમનાં વિવેચનોને કેવાં રોચક – આસ્વાદ્ય બનાવે છે' તેની પ્રમાણભૂતતા હેતુ લેખકે ઉમાશંકરના ગદ્યની અવનવી છટાઓનાં કેટલાંક પસંદ કરેલાં અવતરણો (પૃ. ૧૬૯-૧૮૭) વીણી-વીણીને અહીં આપ્યાં છે, જે આસ્વાદ્ય બની રહે છે.

- સુંદર વાક્યપ્રયોગ, શબ્દપ્રયોગથી આખી ઉક્તિ ઝળાંઝળાં થઈ ઊઠે.
  'એકંદરે અખાની ભાષાનાં વળ અને વણાટ ઉત્તર ગુજરાતનાં જણાય છે.' (અખો : એક... પૃ.૧૬)
  ''સોમનાથ તો ગુજરાતનો દૂઝતો ઘા.'' (અખો : એક... પૃ. ૧૨૧)
- તળપદા શબ્દો અને રૂઢિપ્રયોગો
  ''પ્રો. ઠાકોરે પોતાની ટીકા, વાર્તિક અને ભાષ્યની પદ્ધતિઓનો ગોળો કરી. નવીન કવિતા વિશે વ્યાખ્યાનો આપ્યાં'' (કવિની સાધના, પૃ. ૧૦૦)
  ''હું પદ્યમાં બિલાડાં ચીતરતો'' (પ્રતિશબ્દ, પૃ. ૨૨૨)
- વાક્યલઢણો, રૂઢિપ્રયોગોનું બાહુલ્ય બોલાતી ભાષા સાથેના તેમના લીલા સંબંધોનું સૂચન
  ''પણ શકુંતલા ન બોલી તે ન બોલી, બલકે ન બોલીને જ બધું બોલી.'' (શ્રી અને સૌરભ, પૃ. ૧૦૧)
  ''ઓ પડી એ નવીનકોર ચોપડી મારા ઘરમાં.'' (પ્રતિશબ્દ, પૃ. ૨૨૪)
- શબ્દભંડોળ, ક્રિયાપદોની પસંદગી
  ''કોનારક-પુરીની પ્રવાસમંડળીમાં એમને ભેરવવા છેવટની ઘડીએ મેં પ્રયત્ન કર્યો.'' (પ્રતિશબ્દ, પૃ. ૨૫૧)
  ''નિબંધમાં વ્યક્તિગત વાતો ઉબેળાતી હોય...'' (શૈલી અને સ્વરૂપ, પૃ. ૬૪)
- નૂતન શબ્દરચના, નૂતન સમાસરચના તથા નૂતન શબ્દગુચ્છો
  ''તે માટે કવિએ સવિશેષ કમર-કલમ કસવી જોઈએ જ.'' (સમસંવેદન, પૃ. ૩૧)
  ''કવિ સુન્દરમ્ ઓછાલખા નથી.'' (કવિની શ્રદ્ધા, પૃ. ૧૯૯)
- ઉક્તિઓમાં અલંકારિકતા
  ''સંસ્કાર-સામયિકના તંત્રીએ પોતાના સામયિકને એક સ્વચ્છ ઓટલા જેવું રાખવું જોઈએ'' (અભિરુચિ, પૃ. ૪૬)
  ''ગાંધીજીની બાફેલા શાક જેવી છતાં સાત્ત્વિક શેલી'' (કાવ્યાનુશીલન, પૃ. ૪૩૮)
  ''જે પ્રમાણે એક તાજો નવોસવો વછેરો નાથે બાંધણી હોય – હૃષ્ટપૃષ્ટ હોય અને જેમ કાબૂમાં રાખવાને માટે નાથ બાંધવી પડે અને તોપણ જે ઠેકડા અને કૂદાકૂદ મારતો ચાલે એવી શૈલી આપણા લેખકની છે. મુનશીની.'' (કાવ્યાનુશીલન, પૃ. ૪૩૮)

આ ઉપરાંત સ્ફટિક જેવા ગદ્ય, પ્રસન્નમધુર હળવાશભરી છટાઓ, વાતચીતિયા શૈલી, સંસ્કૃત દીપ્તિવાળી અભિજાત શૈલી, સૂત્રાત્મક કથની, વાક્યલયના વૈવિધ્યથી જીવંત તથા સહજ અલંકારિકતા દાખવતી ગદ્યચ્છટા વગેરેનાં નમૂના દાખલ ઉદાહરણો સસંદર્ભ આપ્યાં છે, જે ઉમાશંકરની પ્રતિભાનાં દર્શન કરાવવાની સાથે લેખક ઉમાશંકર-સાહિત્યના શબ્દેશબ્દથી – રગેરગથી કેટલા બધા અનુપ્રાણિત થઈ ગયા છે તેનાં પ્રતીતિકારક બની રહે છે.

આ ગ્રંથની એક અન્ય ધ્યાનાર્હ વિશેષતા એ જોવા મળી છે કે લેખક દ્વારા પ્રસંગોપાત્ત, પ્રયોજવામાં આવતા પારિભાષિક શબ્દો / પદોના અંગ્રેજી પર્યાયવાચી કૌંસમાં આપવામાં આવ્યાં છે, જેમ કે સંપ્રજ્ઞતા (Awareness), આત્મદર્શન (Soul-view), બિનવપરાશી (Obsolete), સદ્વ્યવહારવાદી (Pragmatic), વીર્યવંત કવિ (Seminal poet), પદબંધ (Outrides) વગેરે. આ સાથે કેટલાક પારિભાષિક શબ્દોના અંગ્રેજી પર્યાયવાચી અન્ય સ્રોતોના આધારે (?) ઉદ્ધૃત કર્યા હશે કે કેમ, તે કૌંસમાં ગુજરાતી લિપિમાં ઇન્વર્ટેડ કૉમામાં નોંધ્યા છે, જેમ કે આંતરચેતના

પ્રવાહ ('સ્ટ્રીમ ઑફ કૉન્શ્યસનેસ'), ઐતિહાસિક નાટકો ('ક્રૉનિકલ પ્લેઝ') 'રિલિજિયોસિટી' ('શુચિશાલીન') વગેરે. આ સાથે એ પણ જોવા મળ્યું છે કે ક્વચિત્ અલ્પવપરાશવાળા શબ્દો પ્રયોજ્યા હોય ત્યાં તેનો ગુજરાતી સમાનાર્થી પણ આપ્યો છે, જેમ કે, નગ્દિયત (સાચાપણું, ૩.૮૨) વગેરે. આ પ્રકારના પારિભાષિક શબ્દોની શોધહેતુ શેઠસાહેબનું સમગ્ર વાઙ્મય ફંફોસવામાં આવે તો એક નાનો સરખો પરંતુ ઉપયોગી એવો **'શેઠ સાહિત્ય પારિભાષિક કોશ'** હાથવગો થઈ શકે. શેઠસાહેબની આ દૃષ્ટિપૂત સુટેવ શ્લાઘનીય અને અનુકરણીય બની રહે છે.

પ્રસ્તુત આસ્વાદલક્ષી અભ્યાસના અંતમાં **'ઉપસંહાર'** (ખંડ ૩ : ૨૦૯-૨૨૩) ના પ્રારંભમાં રજૂ કરેલ અવલોકન 'ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ઉમાશંકરનું સાહિત્ય સર્જન અને વિવેચન એક સીમાચિહ્નરૂપ તેજસ્વી પ્રકરણ છે. કવિ, એકાંકીકાર, નિબંધકાર, વાર્તાકાર અને સાહિત્યવિવેચક તરીકેની એમની સિદ્ધિઓ આપણા સાહિત્યમાં તો પ્રથમ કક્ષાની લેખાય એવી છે.' ધ્યાનાર્હ બની રહે છે. આટલી સ્પષ્ટતા બાદ લેખકે અહીં 'પ્રધાનપણે એમની સાહિત્યિક સિદ્ધિઓની ઇયત્તા' જે તે સાહિત્યસ્વરૂપ (પ્રાયઃ બધાં જ) અનુસાર તારવી આપી છે. આ સારગર્ભિત ઉપસંહારમાં તેમના અધ્યયનનો અર્ક પ્રસ્તુત થયો છે. અને તે પણ અગાઉનાં પ્રકરણો / ખંડોમાં જે વિચાર-વલોણું ફેરવવામાં આવ્યું તેનું નવનીત નવા જ રૂપરંગે અને અર્થસભર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હોઈ પ્રસ્તુત સંશોધનનનો એક અનિવાર્ય હિસ્સો બનીને મહોરી રહ્યું છે, અને તેથી જ ઉમાશંકરને પામવા માટે યા કહીશું કે શેઠસાહેબનાં અધ્યયનશીલતા અને સંશોધકીય અભિગમની પરખ માટે સંતર્પક બની રહેવાની સાથે વાચકને સમગ્ર ગ્રંથ વાંચવા બાધ્ય કરે તેટલો બળૂકો છે. આ ઉપસંહારનું સમાપન કરતાં છેલ્લે કવિ કાલિદાસે 'શાકુંતલ'ના સંદર્ભે પોતાના કર્તૃત્વ સંબંધી જે આશાવાદ સેવ્યો છે, તેવો જ આશાવાદ સેવતાં લેખકે નોંધેલ શબ્દો 'ઉમાશંકરનું ગુજરાતી સાહિત્યને પ્રદાન એવી ગુણવત્તાવાળું, એવી ઐતિહાસિક મૂલ્યવત્તાવાળું છે કે આજે એમની કાવ્યસાધનાનો યથાશક્તિ સમર્પેલ આ અધ્યયન-અર્ધ્ય વિદ્વજ્જનોને સમયોચિત અને થોડો કે તોષપ્રદ જણાશે તો મને મારો પરિશ્રમ કંઈક સાર્થક થયાનો આનંદ થશે'માં શેઠસાહેબની વિનમ્રતાનાં દર્શન થાય છે. હકીકતમાં આ ગ્રંથ માત્ર ઉમાશંકર સાહિત્ય-સર્જન માટે જ નહીં, પરંતુ કોઈ પણ સાહિત્ય-સર્જકોના તેમજ ઝીણું જોવું એટલે શું તેના અભ્યાસ માટે rolemodel સમાન છે, કે જે આ ક્ષેત્રના ભાવિ-સંશોધકોનો માર્ગ પ્રશસ્ત કરતો રહેશે.

'ઉપસંહાર' બાદ **'ઉમાશંકર જોશી : જીવન ક્રમિકા'** (ખંડ-૩, ૨૨૪-૨૩૮) ઉમાશંકરના જીવનઘટનાક્રમે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જાણવા માટે દસ્તાવેજી સ્રોતની ગરજ સારે છે. અને છેલ્લે **'ઉમાશંકર જોશી : વાઙ્મયસૂચિ'** (ખંડ ૩ : પૃ. ૨૩૯-૩૨૨) સંશોધનના એક મહત્ત્વપૂર્ણ સ્રોત તરીકે સંશોધનકારો માટે તેમજ સૂચિનિર્માણમાં રસ ધરાવતા સૌ કોઈ જિજ્ઞાસુઓ માટે માર્ગદર્શકરૂપ બની રહેશે. આ સૂચિ દૃષ્ટિપૂત રીતે મુખ્ય અને પેટાવિષયો હેઠળ કાળજીપૂર્વક વર્ગીકૃત કરીને તેમાં ઉમાશંકર-વિષયક સઘળી મુદ્રિત સામગ્રીનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જોકે અહીં ઉમાશંકરની મૌલિક કૃતિઓની ગોઠવણી તેના શીર્ષકના અકારાદિક્રમમાં કરવામાં આવી હોવાથી ઉમાશંકરનાં કયાં કાવ્યસંગ્રહો, નાટકો, નિબંધો, વિવેચનગ્રંથો વગેરેની સીધી જ માહિતી સુલભ થઈ શકતી નથી. જે તે કૃતિના નામ સામે કૌંસમાં તેના સ્વરૂપ, પ્રકાશન વર્ષ, આવૃત્તિ, પુનર્મુદ્રણ-વર્ષ વગેરેની વિગતો દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત ઉમાશંકરની મૌલિક અને અન્ય કૃતિઓ તથા તેમના વિશે લખાયેલા ગ્રંથો કે લેખો જે ગ્રંથમાં સમાવિષ્ટ છે તેના પ્રકાશકોનાં નામનો ઉલ્લેખ ઘણીબધી રીતે જરૂરી હોવા છતાં સંભવતઃ વિસ્તારના ભયે અહીં ટાળવામાં આવ્યો છે. તેથી આ સ્રોતોની પ્રાપ્તિ કંઈક અંશે કઠિન બની રહી શકે. આ ઉપરાંત આપણા ત્યાં પ્રાયઃ ગ્રંથાન્તે સૂચિ આપવા પ્રત્યે જે ઉદાસીનતા સેવવામાં આવે છે તે અહીં પણ જોવા મળી છે. ૧૧૬૮ પૃષ્ઠો ધરાવતો આ દળદાર ગ્રંથ હોવાની સાથે માત્ર ૨૦મી સદીના જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતી સાહિત્યના સૌથી મહાન સર્જક વિશેનો અધ્યયન-ગ્રંથ બહુવિધ પ્રકારના સાહિત્યિક – સાંસ્કૃતિક સંદર્ભોના રસપ્રદ તાણાવાણાથી રસાયેલ હોય તેની તપાસનું કાર્ય સૂચિ વિના કઠિન બની રહે. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' જેવી વિદ્વત્ત સંસ્થા આ મહિમાશીલ ગ્રંથની પ્રકાશક હોય ત્યારે આ વિશે નવી આવૃત્તિમાં તેની પૂર્તિહેતુ ગંભીરતાથી વિચારણા કરવી જરૂરી બની રહે છે અથવા સૂચિ માટે નવો ખંડ-૪ પ્રકાશિત કરવો એ સર્વથા ઔચિત્યપૂર્ણ બની રહેશે. આ ત્રણેય ખંડોના અંતિમ એક/બે પૃષ્ઠોમાં ઉમાશંકરના હસ્તાક્ષરના નમૂના, તેમના વતન બામણાના ઘરનો ફોટોગ્રાફ (ઉમાશંકર પરિવાર સાથે લેખક) અને ઉમાશંકરે યુરોપયાત્રા દરમ્યાન લેખકને તા. ૧૭ જુન, ૧૯૮૦ના રોજ લખેલ પત્રની નકલ સમાવિષ્ટ કરવામાં આવી છે, જે સ્તુત્ય બની રહે છે.

સમગ્રતયા, આ ત્રણેય ખંડોનું વાચન કરતાં આપણે જોઈ શકીએ છીએ કે શેઠસાહેબે ઉમાશંકર જોશીની પ્રાયઃ વર્ષ ૨૦૦૮ સુધી પ્રકાશિત સઘળી કૃતિઓનું તથા ઉમાશંકર વિશે લખાયેલા ગ્રંથો / લેખો / સમીક્ષાઓ વગેરે સાહિત્યનું પ્રપત્તિભાવપૂર્વકના ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ થકી અધ્યયન કરીને ઉમાશંકરના 'પ્રચંડ મનોઘટનાશાળી વ્યક્તિત્વ'ની સિદ્ધિઓ અને મર્યાદાઓને ભાવકની દૃષ્ટિએ ઉજાગર કરી આપી છે. આ હેતુ લેખકે પ્રત્યેક પ્રકરણના અંતે કુલ મળીને ૧૯૧૧ જેટલાં અવતરણો / સ્પષ્ટતા વગેરે પાદટીપ અંતર્ગત તેમ જ પાઠની સાથે પણ કેટલાંક અવતરણોની સસંદર્ભનોંધ કરી છે. આટલાં વિશાળ માત્રામાં અવતરણોનાં ટાંચણ સંદર્ભે સહજ રીતે કોઈને પ્રશ્ન ઉદ્ભવે. આ સંદર્ભે લેખકનું મંતવ્ય રહ્યું છે કે મહત્ત્વના અભિપ્રાયો જે તે વિદ્વાનોના શબ્દોમાં જ આપ્યા છે કે જેથી કોઈ શિથિલતા ન આવે. તેમ જ ઉમાશંકરના કાવ્યવિચારને એમના જ શબ્દોમાં તથા ઉદાહરણસ્વરૂપ આવશ્યક કાવ્યકંડિકાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. અને તેથી લેખકને 'સમ્યક સમજના પ્રવર્તન માટે અવતરણિયા ગણાવવાનું ઇષ્ટ છે, ગેરસમજ ઇષ્ટ નથી', જે સ્વીકાર્ય બની રહે છે. વળી, ગ્રંથનું કદ, વિષયવ્યાપ અને વિશદ ચર્ચા-વિચારણાને ધ્યાને લેતાં અવતરણોની સંખ્યા ઔચિત્યસભર છે. વળી, જે વિવેચકોનાં મંતવ્યોનું સમર્થન કે તેમનો વિરોધ કર્યો છે ઉદા. તરીકે યશવંત શુક્લ (૩.૧૨), ભારતી દલાલ (૩.૮૭) વગેરે, ત્યાં 'ચન્દ્રકાન્તીય શૈલી'માં સટિપ્પણ પોતાનું દૃષ્ટિબિંદુ પણ રજૂ કરતા રહે છે. ઉમાશંકર સાહિત્ય સંબંધી ભાગ્યે જ એવો કોઈ મુદ્દો હશે કે જે શેઠસાહેબના ઍન્ટેનામાં પકડાયો ન હોય, સિવાય કે અનુવાદ, સંપાદન, 'સંસ્કૃતિ'ની પત્રકારપ્રતિભાને આ અભ્યાસ ક્ષેત્રમાં આવરી લીધેલ ન હોવાથી તેને બાદ કરતાં. અને તેથી જ 'મહાભારત' માટે જ કહેવાયું છે 'યદિહાસ્તિ તદન્યત્ર, યન્નેહાસ્તિ ન તત્ કવચિત્' (મહાભારત ૬૨ / ૫૩) તે આ 'વાગ્વૈભવ' માટે પણ ખુશીથી કહી શકાય. આમ, આ બધાં જ પાસાંઓને ધ્યાને લેતાં આ અધ્યયનગ્રંથ **'ઉમાશંકર જ્ઞાનકોશ'**ના બિરુદનો અધિકારી બની રહે છે. આ ત્રણેય ખંડોના અધ્યયનના આધારે સદ્યપ્રતીતિ થાય છે કે ઉમાશંકર કૃત સાહિત્યના આધારે એક સત્ત્વશીલ **'ઉમાશંકર સૂક્તિકોશ'**નું દૃષ્ટિપૂત સંપાદન કરવામાં આવે તો ઉમાશંકર સાહિત્યના અધ્યેતાઓ માટે એક મૂલ્યવાન સ્રોત બની રહેશે. ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાના પ્રાજ્ઞસર્જકને અર્ઘ્ય આપવા યા ઋષિઋણ અદા કરવા આ કોશનો પ્રોજેક્ટ હાથ ધરવા જેવો છે.

આ સાથે જ આપણા પ્રબુદ્ધ સર્જક રઘુવીર ચૌધરીએ આ સ્વાધ્યાયને આવકારતાં અને શેઠસાહેબનાં પ્રજ્ઞાશીલતા, પુરુષાર્થ અને ખાસિયતોને રેખાંકિત કરી આપતાં નોંધેલ શબ્દો : 'કવિ-વિવેચક ચન્દ્રકાન્ત શેઠ સાતમા દાયકામાં એક સંનિષ્ઠ સર્જક તરીકે ઊપસી આવ્યા. ગાંધીયુગના પાયા પર ઊભા રહી એમણે આધુનિક સંવેદનાના વિશ્વને જોયું. આ કારણે પણ એ ઉમાશંકર જોશીની વધુ નજીક હતા. પીએચ.ડી.ના સ્વાધ્યાય તરીકે ઉમાશંકરની કવિતા, ગદ્યસાહિત્ય કે વિવેચન – ત્રણમાંથી એક પર્યાપ્ત ગણાય. પણ આ એમના ગુરુવર્ય અગ્રણી સાહિત્યકારના સમગ્ર લેખનનો સ્વાધ્યાય કરવો એ એક સર્જક તરીકે પણ ચન્દ્રકાન્તની આવશ્યકતા હતી... પીએચ.ડીની પદવી મળ્યા પછી આ સ્વાધ્યાય વધુ સતેજ બન્યો છે અને ત્રણ ત્રણ દાયકા સુધી એમણે આ ત્રણ ખંડનું સેવન કર્યું છે. સતત ચાલેલા શોધન-વર્ધનને કારણે આ ગ્રંથ મહાનિબંધ કરતાં કંઈક વધુ હોવાની પ્રતીતિ કરાવશે. અભ્યાસના વિષયને સાદ્યંત તપાસ્યા પછી એને વિશે નિઃશેષ કથન કરવું એ ચન્દ્રકાન્તની વિવેચનાની ખાસિયત છે... ઉચ્ચાવચતાના ફેંસલા આપી દેવાના ઉપરછલ્લા પ્રયત્નો એ નહીં કરે, વીગતમાં ઊંડા ઊતરીને વાત કરશે. સર્જકની સૃષ્ટિમાં ભાવકને સાથે લેવાનો માર્ગ એ નિરાંતે કંડારે છે અને માર્ગસૂચક પ્રમાણો આપતા જાય છે. આમ કરવામાં વિસ્તાર ભલે થાય. એમનું મૂલાધાર ચક્ર જાગ્રત છે. શકય હોય ત્યાં એ સૂત્રાત્મક લાઘવ સિદ્ધ કરે છે. વિવેચનનું વિવેચન અને સંશોધનનું શોધન-વર્ધન કરવાની ક્ષમતા અને તિતિક્ષાનું દૃષ્ટાંત પણ આ ગ્રંથ ગણાશે... આ એક સાહિત્યિક ઘટના છે. અગાઉ થયેલા સ્વાધ્યાયો અને મૂલ્યાંકનોમાં આ ગ્રંથ માગ મુકાવશે' શેઠસાહેબ અને આ ગૌરવગ્રંથને સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે.

'ઉમાશંકર સાહિત્ય' વિશે શેઠસાહેબનાં કેટલાંક અવલોકનો :

- 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની તુલનામાં અર્વાચીન ગુજરાતી સાહિત્ય સાથે એમની વિવેચનાએ વધુ કામ પાડ્યું છે.'
- 'ઉમાશંકરનો વિવેચનમાં પણ પક્ષપાત રહ્યો છે - કવિતા તરફ. તેઓ કવિ-વિવેચક તો છે જ, પરંતુ પ્રધાનપણે કવિતા-વિવેચક પણ છે. કવિતા વિશે પ્રમાણમાં તેમને વધારે બોલવાનું થયું છે અને

સાહિત્યવિવેચનમાં તેમનાથી વધારે લખાયું છે તે પણ કવિતા વિશે જ'.

- 'ઉમાશંકર ગાંધીપ્રેમી હંમેશાં રહ્યા છે, ગાંધીવાદી હરગિજ નહીં.' (૩.૨૧૪)
- 'ઉમાશંકરની સર્જકપ્રતિભા દીર્ઘ સાહિત્યપ્રકારોમાં સ્થિર એકાગ્રતા સાધી શકી નથી.' (૩.૨૧૩)
- 'આપણે ત્યાં ઘટનાલોપની વાત જોરશોરથી ચાલી તે પૂર્વે ઠીક-ઠીક સમય અગાઉ ઉમાશંકરે એમની વાર્તાઓમાં ઘટનાને મુકાબલે ભાવપરિસ્થિતિને પ્રાધાન્ય આપવાનું પ્રારંભી દીધું હતું.' (૩.૨૧૨)
- 'ઉમાશંકર તત્ત્વાભિનિવેશી ભાવક છે, અતન્દ્ર સૌન્દર્યદર્શિતા – એ એમનો વિવેચક તરીકેનો આદર્શ છે. 'હાય, કમબખ્ત તૂને પી હિ નહીં' – એ ગાળથી યોગ્ય રીતે જ તેઓ વેગળા રહેવામાં માને છે.' (૩.૨૧૬)
- 'ઉમાશંકરે શબ્દને ઘડતાં ઘડતાં સમાજને ઘડવાનું એ જો થઈ શકે તો તે ટાળ્યું નથી, પરંતુ શબ્દના ભોગે સમાજઘડતરમાં એ પડ્યા નથી.' (૩.૨૨૩)

શેઠસાહેબે 'ઉમાશંકર સાહિત્ય'ના અધ્યેતા-ભાવક તરીકે અને આ સાથે 'ગુજરાતી સાહિત્યમાં ઉમાશંકર સાહિત્ય' વિશે થયેલા અભ્યાસોનાં નિરીક્ષણોને ધ્યાને લઈ ઉમાશંકર સાહિત્યનાં જે પાસાંઓ વિશે વિગતે અભ્યાસો થયા નથી અથવા કરવા જેવાં કાર્યો છે તે તારવી આપ્યાં છે :

- 'પ્રાચીના અને મહાપ્રસ્થાન'ના હાર્દમાંયે 'નિત્યધર્મ'નું તત્ત્વ જ સ્ફુરાયમાણ છે, કમભાગ્યે, પદ્યનાટકની પ્રકારગત, છંદોલયગત ચર્ચામાં એ કૃતિઓની વસ્તુગત ચર્ચા જેટલી થવી જોઈતી હતી તે થઈ નહીં, નહીંતર ઉમાશંકરનું ધર્મપૂત જીવનદર્શન ભારતીયતાના કેવા તેજ-રંગ સાથે પ્રગટ થયું છે તેની સઘન-સૂક્ષ્મ તપાસ થઈ હોત.' (ખંડ ૩ : ૨૨૧)
- 'તેમના ઉદાત્ત વિવેચનકાર્યની એમના સર્જકકાર્યની તુલનામાં જેવી નોંધ લેવાવી જોઈતી હતી તેવી ન લેવાઈ. આમ છતાં જે કંઈ એમના વિવેચનકાર્ય વિશે લખાયું તેમાંનું ઠીક ઠીક ગુણદર્શી છે. એમના વિવેચન-કર્મની સૂક્ષ્મ ને સર્વગ્રાહી તપાસ કરવાની તો બાકી જ રહે છે.' (ખંડ ૩ : ૬)
- 'કોઈ અભ્યાસી ધારે તો ઉમાશંકરની ગદ્યસુષમા'નો એક અલગ ચયનગ્રંથ આપી શકે, એવું વૈવિધ્ય, એવાં સમૃદ્ધિ ને સામર્થ્ય એમની કલમે ગદ્યમાં દાખવ્યાં છે.' (ખંડ ૩ : ૧૮૭)
- ઉમાશંકરના 'શ્રી અને સૌરભ'નો રવીન્દ્રનાથનાં પ્રાચીન સાહિત્ય'ની તુલનામાં અભ્યાસ કરી શકીએ.' (૩.૨૧૮)
- 'ઉમાશંકરની જીવનવિભાવનામાં આત્મા-પરમાત્મા, જીવન અને જગત વિશેના ભારતીય માનસના જે મૂળભૂત ખ્યાલો છે તે પ્રગટ થયા વિના રહેતા નથી. વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ ને રવીન્દ્રનાથ આદિની કવિપરંપરા; બીજી બાજુ કૃષ્ણ અને યુધિષ્ઠિર, બુદ્ધ અને ગાંધી જેવી મહાવિભૂતિઓની પરંપરા તેના પ્રકાશમાં ઉમાશંકરના જીવનકાર્યને – કવનકાર્યને અવલોકવું જોઈએ.' (૧.૧૧૦)

ઉલ્લેખનીય છે કે આવા ગરવા વાગ્યોગધર્મી સારસ્વત શ્રી ચંદ્રકાન્ત શેઠનું પદ્ય અને ગદ્ય ક્ષેત્રે મૂઠી ઊંચેરું મહિમાસંપન્ન પ્રદાન રહ્યું છે. એક શ્રેષ્ઠ કવિ હોવાની સાથે ગદ્યનાં વિવેચન, નિબંધ અને ચરિત્ર સ્વરૂપોમાં તેમની કલાનો ઉત્કૃષ્ટ આવિષ્કાર દર્શનીય બની રહે છે. એક કોશકાર તરીકે – ગુજરાતી બાળવિશ્વકોશના સંપાદક તરીકેનું તેમનું પ્રપત્તિભાવપૂર્વકની સ્વાધ્યાયનિષ્ઠાનું સર્વોચ્ચ શૃંગ બની રહે છે. આ સાથે જ 'ગુજરાતી વિશ્વકોશ'ના મુખ્ય સંપાદક પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરસાહેબ સાથે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ડૉ. ચંદ્રકાન્ત શેઠનો ફાળો અદનાસ્તંભ સમાન રહ્યો છે, જે ધ્યાને લેવું રહ્યું. તેમણે મૌલિક, અનુવાદિત અને સંપાદિત ૧૨૫ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે. તેમના બહુઆયામી અને બહુશ્રુત પ્રદાનને ધ્યાને લઈ 'કેન્દ્રિય સાહિત્ય અકાદમી', નવી દિલ્હી 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'આદ્યકવિ શ્રી નરસિંહ મહેતા અવૉર્ડ', 'ધનજી-કાનજી સુવર્ણચંદ્રક', 'નર્મદ સુવર્ણચંદ્રક', 'ગુજરાતી સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર', 'સચ્ચિદાનંદ સન્માન', 'દર્શક ચંદ્રક' વગેરે ૩૦થી અધિક પુરસ્કારોથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**(ઉમાશંકરનો વાગ્વૈભવ**, ૩ ખંડ / **ચન્દ્રકાન્ત શેઠ.** અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૮. (ઉમાશંકર જોશી સ્વાધ્યાયપીઠ પ્રકાશનશ્રેણી-૧) : ખંડ-૧. કાવ્યસર્જન. ૧૧ + ૪૨૮ પૃ, ખંડ-૨. ગદ્યસર્જન. ૭ ખ ૩૯૨ પૃ., ખંડ-૩. વિવેચન. ૭ + ૩૨૪ પૃ. કિં. રૂ. ૨૨૦ + ૨૦૦ + ૧૭૦ = રૂ.૫૯૦)

# ભવ્ય પ્રિન્સિપિયાની વ્યાખ્યાઓ અને ગતિના નિયમો

વિઠ્ઠલભાઈ અં. પટેલ

પ્રસ્તાવના

ન્યૂટન પ્રિન્સિપિયાની શરૂઆત પોતે શોધેલા ગતિના નિયમોના બદલે કેટલાક પાયાના પરંપરાગત ખ્યાલો જરૂરી હોઈને તેનાથી કરે છે. પહેલાં બાર પાનાંમાં ગતિ માટે જરૂરી પાયાની વસ્તુઓની વ્યાખ્યાઓ અને તેમની અગત્યતા આપી છે. આ વ્યાખ્યાઓ આપતાં પહેલાં ન્યૂટનના સમયે વપરાતી ભાષા અને શબ્દો વિશે જાણવું જરૂરી છે, કારણ કે પ્રિન્સિપિયા લેટિન ભાષામાં લખાયેલું અને તેનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર થયેલું. જેમ-જેમ સમય જતો ગયો તેમ-તેમ બીજા અંગ્રેજી ભાષાંતર મળતાં થયેલાં.

આઠ વ્યાખ્યાઓ ઓછા સુપરિચિત શબ્દોમાં આપેલી છે. ઓછા સુપરિચિત શબ્દોનો અર્થ એવો નથી કે શબ્દો ઓછા જાણીતા છે. ન્યૂટને આ શબ્દોનાં નવા વિચારો દર્શાવવા અપરિચિત રીતે વાપર્યા છે. પહેલા શબ્દો ''Quantity of matter (પદાર્થ કે દ્રવ્યનો જથ્થો)'' છે. તે સમયે વપરાતા દ્રવ્યના માપ કરતાં જુદા પ્રકારનું દ્રવ્યનું માપ હોઈ શકે. પ્રિન્સિપિયાની ઘણી આવૃત્તિઓ બાદ ન્યૂટન આ શબ્દો માટે ''પદાર્થ (Body)'' અથવા ''દ્રવ્ય (Mass)'' વાપરતા. આ જ રીતે બીજા શબ્દો, ''Quantity of Motion (ગતિનું માપ કે જથ્થો)'' છે. જે નવો જ સર્વસામાન્ય ખ્યાલ (Concept) ગતિનું માપ મેળવવાનો હતો, જે આગળના દ્રવ્ય ઉપર આધારીત છે.

**વ્યાખ્યા ૧ :** The quantity of matter is the measure of the same arising from its density and bulk conjointly.

દ્રવ્યનો જથ્થો એ દ્રવ્યનું માપ છે જે તેની ઘનતા અને કદની સંયુક્તિથી ઉદ્ભવે છે.

જો હવાની ઘનતા બમણી કરવામાં આવે, જે જગ્યામાં દ્રવ્ય હોય તે જગ્યાને બમણી કરીએ તો હવાનું દ્રવ્ય ચાર ગણું થશે અને જે જગ્યામાં દ્રવ્ય છે તે જગ્યાને ત્રણ ગણી કરીએ તો દ્રવ્ય છ ગણું થશે. જ્યારે-જ્યારે હું (ન્યૂટન) 'પદાર્થ (body)' અથવા 'દ્રવ્ય (Mass)' વાપરું છું, ત્યારે હું તેને દ્રવ્યનો જથ્થો (Quantity of Matter) સમજું છું.

**વ્યાખ્યા ૨ :** The quantity of Motion is the measure of the same, arising from the velocity and quantity of matter conjointly.

ગતિના જથ્થાનું માપ ગતિનું માપ છે જે વેગ અને દ્રવ્યના જથ્થાના સંયુક્ત ગુણાકારથી ઉદ્ભવે છે.

(quantity of motion) ગતિનું માપ = વેગ x દ્રવ્ય (Quantity of mass)

ગતિના જથ્થાનું માપ એ આજની ભાષામાં વેગમાન (વેગ x દ્રવ્ય) (momentun) છે અને તેના બરાબર દ્રવ્ય અને વેગનો ગુણાકાર છે. સ્વતંત્ર જુદા-જુદા ભાગના ગતિના જથ્થાના માપનો સરવાળો આખા ભાગના ગતિના જથ્થાના માપના બરાબર છે. કોઈ બીજા પદાર્થના દ્રવ્યનો જથ્થો પહેલા પદાર્થના દ્રવ્યના જથ્થાથી બમણો છે, તો બીજા પદાર્થના ગતિના જથ્થાનું માપ પહેલા પદાર્થના ગતિના જથ્થાના માપ કરતાં બમણું છે. જો બીજા પદાર્થનો

વેગ પહેલા પદાર્થથી બમણો હોય, તો બીજા પદાર્થના ગતિના જથ્થાના માપ પહેલાં પદાર્થના ગતિના જથ્થાના માપ કરતાં બમણું છે. (અહીં આ બંનેનું દ્રવ્યનું માપ સરખું છે.)

વ્યાખ્યા ૩ : Inherent force of matter is the power of resisting by which every body, so far as it is able, perseveres in its state either of resting or of moving uniformly straight forward.

દરેક પદાર્થ નિષ્ક્રિય (સ્થિર) રહેવાની કે એકધારી રીતે સીધા જ આગળ વધવાની સ્થિતિમાં રહેવા માટે સતત પ્રયાસ કરે છે અને આ પરિસ્થિતિ સાચવી રાખવા દરેક પદાર્થમાં સહજ કુદરતી બળ છે કે જે બદલાવાનો વિરોધ કરે છે.

જ્યારે કોઈ લગાડેલું બળ પદાર્થની પરિસ્થિતિ બદલવાનો પ્રયાસ કરે છે ત્યારે જ પદાર્થ તેનું સહજ કુદરતી બળ લગાડેલા બળની સામે વાપરે છે. આ સહજ કુદરતી બળ જે પદાર્થમાં છે તે કોઈ વખત અવરોધ (Resistance) અથવા ઓચિંતા ધક્કા (impulse) તરીકે ઓળખાય છે. જ્યારે પદાર્થ નિષ્ક્રિય હોય અને તેને ગતિમાં લાવવા બળ લગાડાય ત્યારે તેનો અવરોધ કરનાર કુદરતી બળ છે, જ્યારે ગતિમાન પદાર્થને સ્થિર કરવા માટે બળ લગાડીએ તેનો વિરોધ કરનાર કુદરતી બળ આવેશ તરીકે ઓળખાય છે. ન્યૂટન આ સહજ કુદરતી બળને અંગ્રેજીમાં 'ઇનર્શિયા(Inertia)' તરીકે ઓળખાવતા. આ બળ પદાર્થની જે પરિસ્થિતિ હોય તે પરિસ્થિતિમાં પદાર્થને રાખવા મદદરૂપ છે.

**વ્યાખ્યા ૪ :** Impressed force is ths action exerted on a body to change its state either of resting or of moving uniformly straight forward.

પદાર્થની પરિસ્થિતિ નિષ્ક્રિય (સ્થિર) હોય અથવા એકધારી રીતે સીધી જ આગળ વધતી હોય તે પરિસ્થિતિઓ બદલવા પદાર્થ ઉપર લગાડેલું બળ તે પ્રભાવશીલ (impressed) બળ તરીકે ઓળખાય છે. પ્રભાવશીલ બળોનાં મૂળ જુદાં જુદાં હોય છે. દબાણ અને કેન્દ્રગામી બળ બંનેનાં મૂળો જુદાં છે.

**વ્યાખ્યા ૫ :** A centripetal force is that by which bodies are drawn or impelled, or any way tend towards a point as to a centre.

કેન્દ્રગામી બળ એ છે કે જેનાથી પદાર્થો કોઈ એક બિંદુ કે જે કેન્દ્ર છે તે તરફ ખેંચાય કે તે તરફ ઝોક લે છે.

આ જાતનું બળ ગુરુત્વાકર્ષણ બળ છે, જેનાથી પદાર્થો પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાય છે; આ બળ જે ગ્રહોને સીધી દિશામાં જવા દેવાના બદલે સતત અંદરની તરફ ખેંચે છે અને ઉપવલયી ભ્રમણકક્ષમાં ફરતા રાખે છે.

ન્યૂટને કેન્દ્રગામી બળ માટે 'સેન્ટ્રિપીટલ (centripetal)' શબ્દ શોધેલો. પ્રિન્સિપિયામાં ન્યૂટનનો ખ્યાલ કેન્દ્રગામી બળોના ગણિતિય ગુણધર્મો વિકસાવવાનો છે નહિ કે તેના ભૌતિક સ્થાપિત નિયમો.

તેમનો પહેલો પ્રશ્ન : કોઈ પદાર્થ આપેલી ભ્રમણકક્ષામાં આપેલા વેગથી ભ્રમણ કરતો હોય ત્યારે તેના ગણિતિય બળનો નિયમ શોધવાનો છે.

બીજો પ્રશ્ન : કોઈ પદાર્થ આપેલી જગ્યાએથી આપેલા વેગે નીકળે છે એ આપેલા બળથી વળાંક લે છે તો તે પદાર્થની વક્ર ભ્રમણકક્ષા શોધવાનો છે.

જે રીતે માપ કે જથ્થા માટે quantity શબ્દ ન્યૂટને વાપરીને quantity of matter અને quantity of motionની વ્યાખ્યાઓ ૧ અને ૨ આપી તે જ અર્થમાં ન્યૂટને quantity of centripetal force વાપરીને ત્રણ જુદા જુદા કેન્દ્રગામી બળનાં માપોની વ્યાખ્યાઓ આપી છે.

**વ્યાખ્યા ૬ :** The absolute quantity of centripetal force is the measure of this force that is greater or less in proportion to the efficacy of the cause propagating it from

a center through the surrounding regions.

કેન્દ્રગામી બળનું નિરપેક્ષ માપ (absolute quantity) આ બળનું માપ છે જે કેન્દ્રમાંથી તેની આજુબાજુના અવકાશમાં સમર્થ કારણથી પ્રસરતું હોય તેના વત્તાઓછા પ્રમાણમાં છે.

આપણે આ કઈ રીતે ઉપયોગી છે તે ગુરુત્વાકર્ષણ બળથી જોઈશું. એક જ પદાર્થનું વજન (weight) પૃથ્વીની, ચંદ્રની, સૂર્યની અને બીજા કોઈની સપાટી ઉપર કરીએ. આ વજનો તદ્દન જુદાં જ છે. ન્યૂટને પ્રિન્સિપિયાના ત્રીજા પુસ્તકમાં આ ગણી બતાવ્યું છે. સાથે-સાથે સૂર્ય, પૃથ્વી, જ્યુપિટર અને શનિના કેન્દ્રથી સરખા અંતરે આ જ પદાર્થનું વજન મેળવ્યું જે એકબીજાથી ખૂબ જ જુદાં છે. સૂર્યની સપાટી અને કેન્દ્રથી દૂર વજનો ખૂબ જ વધારે છે. આપણે કહી શકીએ કે સૂર્ય કાર્યક્ષમ રીતે ગુરુત્વાકર્ષણ બળ પેદા કરે છે. સૂર્યના નિરપેક્ષ ગુરુત્વાકર્ષણ બળનું માપ બીજા બધાના માપ કરતાં વધારે છે.

**વ્યાખ્યા ૭ :** The accelerative quantity of centripetal force is the measure of this force that is proportional to the velocity which it generates in a given time

આપેલા સમયમાં ઉત્પન્ન થયેલા વેગના પ્રમાણના બળનું માપ એ પ્રવેગ કેન્દ્રગામી બળ છે.

ગુરુત્વાકર્ષણ બળ એ પ્રવેગ કેન્દ્રગામી બળના પ્રકારનું બળ છે. પર્વતના શિખર પર ઓછું હોય છે જ્યારે ખીણમાં વધારે હોય છે. પૃથ્વીથી દૂરના અંતરે ઓછું બળ હોય છે. પૃથ્વીથી સરખા અંતરે એક સરખું બળ હોઈને પૃથ્વીથી સરખા અંતરે આવેલા દરેક પદાર્થનો પ્રવેગ સરખો છે.

**વ્યાખ્યા ૮ :** The Motive quantity of centripetal force is the measure of this force that is proportional to the motion which is generated in a given time.

આપેલા સમયમાં ઉત્પન્ન થયેલા ગતિના પ્રમાણના બળનું માપ એ પ્રેરક કેન્દ્રગામી બળ છે.

આ પ્રેરક કેન્દ્રગામી બળનો દાખલો વજન (Weight) છે. મોટી વસ્તુનું વજન નાની વસ્તુના વજન કરતાં વધારે છે. એક જ પદાર્થનું વજન પૃથ્વીની સપાટી ઉપર, પૃથ્વીની ઘણી ઊંચાઈએ કરેલા વજન કરતાં વધારે છે.

કેન્દ્રગામી બળો પ્રેરક, પ્રવેગ અને નિરપેક્ષ (Absolute) બળો તરીકે ઓળખાય છે.

**પૂર્વધારણાઓ અથવા ગતિના નિયમો (Axioms, or the Laws of Motion)**

ન્યૂટન પ્રારંભિક ભાગ પૂરો કરીને, તેમના ગતિના નિયમો અને તે નિયમોના કારણે શું બને તે આપે છે. આ ભાગના પુસ્તકનું મથાળું 'Axioms, or the Laws of Motion' આપે છે. ખાસ ધ્યાન દોરવા જેવી વાત એ છે કે મથાળામાં 'એક્સિઅમ્સ' શબ્દ વાપરે છે અને તેનું ખરું કારણ ન્યૂટનને યુક્લિડની ભૂમિતિ જે રીતે રચાઈ હતી અને લખાઈ હતી તે માટે ખૂબ જ માન હતું અને તે જ રીતે યંત્રશાસ્ત્ર (Mechanices) લખવા માગતા હતા અને તે જ રીતે તેમણે લખ્યું છે. આ ભાગ લગભગ સોળ પાનાંનો છે જેમાં ગતિના નિયમો, ઉપનિયમો (corollaries) અને ભાષ્ય (scholium) આપ્યું છે.

નિયમ ૧ : Every body perseveres (remains) in its state of being rest or moving uniformly straight forward except insofar as it is compelled to change its state by forces impressed.

દરેક પદાર્થ જે પરિસ્થિતિમાં હોય તે પરિસ્થિતિમાં રહેવા સતત પ્રયાસ કરે છે. જેમ કે નિષ્ક્રિય અવસ્થા અથવા એકધારી ગતિથી સીધી રેખામાં મુસાફરી કરતો હોય સિવાય કે પદાર્થની પરિસ્થિતિ (સ્થાપિત હિત) બદલવા માટે ફરજિયાત અસરકારક બળ વાપરવું પડે.

હવામાં જોરથી ફેંકવામાં આવતા પદાર્થો કે ગોળાઓને હવાનું ઘર્ષણ અને ગુરુત્વાકર્ષણ બળ તેમને નીચે ખેંચી લાવવા પ્રયત્ન કરે છે. ભમરડો (Top) ફર્યા કરે છે, પણ ઘર્ષણ આખરે ફરવાનું બંધ કરાવી દેશે. સૂર્યની

આસપાસ ફરતા ગ્રહોની આસપાસ હવા ખૂબ જ પાતળી હોઈને હવાનું ઘર્ષણ પ્રમાણમાં ઘણું ઓછું હોઈને ગ્રહો સૂર્યની આસપાસ ઘણો લાંબો સમય ફર્યા કરશે.

**નિયમ ૨ :** The change of motion is proportional to the motive force impressad and takes place along the straight line in which that force is impressed.

ગતિનો ફેરફાર પદાર્થને લગાડેલા પ્રેરક બળના પ્રમાણસર હોય છે અને બળ જે દિશામાં લગાડવામાં આવ્યું હોય તે દિશામાં ગતિનો ફેરફાર છે.

પ્રેરકબળ $\propto$ ગતિમાં થયેલો ફેરફાર

= [દ્રવ્ય x વેગ ]માં થયેલો ફેરફાર

= દ્રવ્ય x વેગમાં થયેલો ફેરફાર

$\therefore$ પ્રેરકબળ $\propto$ દ્રવ્ય x પ્રવેગ

જો કોઈ પ્રેરકબળ કોઈ ગતિ પેદા કરે, તો બમણો પ્રેરકબળ બમણી ગતિ પેદા કરે અને ત્રણ ગણો પ્રેરકબળ ત્રણ ગણી ગતિ પેદા કરે.

યંત્રશાસ્ત્રના ગણિતના સૂત્રીકરણની ચાવી ન્યૂટનનો બીજો નિયમ છે. ન્યૂટન આ નિયમમાં ગતિનો ફેરફાર લે છેજ્યારે આજે આપણે ગતિના ફેરફારનો દર લઈએ છીએ. ન્યૂટન ગતિ (motion) શબ્દ વાપરે છે જે quantity of motion છે જે momentum (mass x velocity) છે. ન્યૂટન પ્રમાણસર વાપરે છે અને સમીકરણ લખતા નથી.

નિયમ ૩ : To any action there is always an opposite and equal reaction; in otherwords, the actions of two bodies upon each other are always equal and always opposite in direction.

કોઈ પણ ક્રિયા સાથે કાયમ માટે વિરોધ કરનાર સરખી પ્રતિક્રિયા છે; બીજા શબ્દોમાં, બે પદાર્થોની અરસપરસની એકબીજાને લાગતી ક્રિયાઓ હંમેશાં સરખી હોય છે અને હંમેશાં વિરુદ્ધ દિશામાં હોય છે.

જો તમે પથ્થરને તમારી આંગળીથી દબાવો ત્યારે તમારી આંગળી પણ પથ્થરથી દબાય છે.

પથ્થરને બાંધેલા દોરડાથી ઘોડો પથ્થર ખેંચતો હોય તો પથ્થર પણ ઘોડાને ખેંચે છે, પણ ઘોડાના દ્રવ્યના કારણે ખાસ ખબર પડતી નથી.

નિયમ ૩ને સ્પષ્ટ રીતે જણાવવાની ન્યૂટનની મોટામાં મોટી સિદ્ધિ છે.


એક પદાર્થ ઉપર લાગતા બળમાંથી ઘણા બધાં બળો પદાર્થ ઉપર લાગતાં હોય ત્યારે શું કરવું તેનો વિચાર પણ પ્રિન્સિપિયામાં છે તે જોઈએ.

**એક કરતાં વધારે બળો**

ઘણી વખત પદાર્થ ઉપર એક કરતાં વધારે બળો એકસાથે લાગે છે : જેમ કે કોઈ પણ પ્રક્ષેપ્ય (Projectile)ને ગુરુત્વાકર્ષણ બળ અને જેમાંથી પ્રક્ષેપ્ય પસાર થાય છે તે હવાનો અવરોધ (air resistance) એકસાથે લાગે. ચંદ્રને પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ અને સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ એકસાથે લાગે. ન્યૂટને આ બધા માટે જેને આપણે સમાંતરબાજુ ચતુષ્કોણનો નિયમ કહીએ છીએ તે આપ્યો :

**ઉપપ્રમેય :** A body, acted on by two forces simultaneously, will describe the diagonal of a parallelogram in the same time as it would describe the sides by those forces seperately.

કોઈ પદાર્થને એકસાથે બે બળો લાગે તો ચતુષ્કોણનો કર્ણ રસ્તો (પદાર્થનો રસ્તો) વર્ણવશે એટલા જ વખતમાં બે જુદાં-જુદાં બળો ચતુષ્કોણની બે બાજુઓ દર્શાવશે.




A જગ્યાએ રહેલા પદાર્થ ઉપર M બળ લગાડવામાં આવે જે આપેલા સમયમાં પદાર્થને Aથી B એક સરખી ગતિથી પહોંચાડે. એ જ રીતે N બળથી પદાર્થ એકસરખી ગતિથી Aથી C પહોંચાડે. ABDC ચતુષ્કોણ પૂરો કરો. આ બંને બળો એકસાથે પદાર્થ ઉપર A જગ્યાએ લાગતાં હોય તો આપેલા સમયમાં (પદાર્થને) Aથી D (કર્ણ) પહોંચાડશે.

આ સમાંતર ચતુષ્કોણનો નિયમ વેગ, ગતિ અને પ્રવેગને પણ લાગુ પડે છે.

**ઉપપ્રમેય ૨ :** And hence is explained the composition of any one direct force AD out of any two oblique forces AC and CD; and, on the contrary, the resolution of any one direct force AD into two Oblique forces AC and CD : which composition and resolution are abundantly confirmed from mechanics.

અને આ કારણે બંને ત્રાંસાં બળો AC અને CDનું કોઈ સરળ બળ ADમાં એકીકરણ સમજાવ્યું છે; અને આથી ઊલટું, કોઈ સરળબળ ADનું બે ત્રાંસાં બળો AC અને CDમાં પૃથક્કરણ; એકીકરણ અને પૃથક્કરણ યંત્રશાસ્ત્રમાં સમૃદ્ધપણે સ્થાપિત કર્યું છે.

આપણે અહીંયાં સાબિતી આપતા નથી પણ પ્રિન્સિપિયામાં સાબિતી છે.

**ઉપપ્રમેય ૩ :** વેગમાન (Momentum) અરસપરસ અસર કરનારાં બળો વચ્ચે અચળ છે.

ન્યૂટનના ગતિના બીજા નિયમ પ્રમાણે $m\bar{a} = \bar{F}$ છે, જ્યાં m કણનું દ્રવ્ય, $\bar{a}$ પ્રવેગ અને $\bar{F}$ બળ છે.

$\bar{a} = \frac{d\bar{V}}{dt}$ જ્યાં વેગ $\bar{V}$ હોઈને $m\frac{d\bar{V}}{dt} = \bar{F}$ છે.

દ્રવ્ય m અચળ હોઈને $\frac{d}{dt}(m\bar{V}) = \frac{d\bar{P}_2}{dt} = \bar{F}$ છે.

$\bar{P}$ વેગમાન છે.

ધારો કે અરસપરસ અસરકરનાર (interacting) બે કણો છે, તેમની ગતિનાં સમીકરણો

$\frac{d\bar{P}_1}{dt} = \bar{F}_{12}$ અને $\frac{d\bar{P}_2}{dt} = \bar{F}_{21}$ જ્યાં

કણ 2, $\bar{F}_{12}$ બળ કણ 1ના ઉપર લગાડે છે, જ્યારે કણ 1, $\bar{F}_{21}$ બળ કણ 2 ઉપર લગાડે છે. ન્યૂટનના ત્રીજા નિયમથી $\bar{F}_{12} = -\bar{F}_{21}$ હોઈને


$$\therefore \frac{d}{dt} (\bar{P}_1 + \bar{P}_2) = \bar{F}_{12} + \bar{F}_{21} = \bar{F}_{12} - \bar{F}_{12} = \bar{0}$$ છે. આથી

$(\bar{P}_1 + \bar{P}_2)$ અચળ છે

આ રીત n કણોને પણ લગાડી શકાય.

**ઉપપ્રમેય ૩ :** The quantity of motion, which is obtained by taking the sum of the motions directed towards the same parts, and the difference of those that are directed to contrary parts, suffers no change from the action of bodies among themslves.

એ જ ભાગો તરફ સીધી દિશાની ગતિઓનો સરવાળો અને ઊલટી દિશાનો તફાવત લઈને વેગમાન મેળવીએ જે પદાર્થોની તેમની પોતાની અરસપરસની કૃતિઓથી બદલાતું નથી.




આપણા બે કણો $m_1$ અને $m_2$ દ્રવ્યનાં $\bar{r}_1$ અને $\bar{r}_2$ અંતરે આવેલાં છે, તેમનું દ્રવ્યમાન કેન્દ્ર C, $r_{cm}$ અંતરે આવેલું હોઈને

$$(m_1 + m_2)\,\bar{r}_{cm} = m_1 \bar{r}_1 + m_2 \bar{r}_2$$

$$\therefore \bar{r}_{cm} = \frac{m_1}{m_1 + m_2}\bar{r}_1 + \frac{m_2}{m_1 + m_2} r_2$$

$$\therefore \frac{d\bar{r}_{cm}}{dt} = \frac{m_1}{m_1 + m_2}\frac{d\bar{r}_1}{dt} + \frac{m_1}{m_1 + m_2}\frac{d\bar{r}}{dt}$$

$$\therefore \frac{d\bar{r}_{cm}}{db} = \frac{m_1 \bar{v}_1 + m_2 \bar{v}_2}{m_1 + m_2} = \frac{\bar{p}_1 + \bar{p}_2}{m_1 + m_2}$$

આપણે જાણીએ છીએ કે $\bar{p}_1 + \bar{p}_2$ અચળ છે.

$$\therefore \frac{d\bar{r}_{cm}}{dt} = \overline{constant} = \bar{v}_{cmo}$$

$$r_{cm} = \overline{constant}\ t + \bar{r}_{cmo}$$

$$= \bar{V}_{cmo}\ t + r_{cmo}$$

આથી દ્રવ્યમાન કેન્દ્ર એકસમાન વેગ $V_{cmo}$ અથવા t = ૦ સમયે $\overline{r}_{cmo}$ એ સ્થિર છે. વધારે કણો માટે પણ આ પરિણામ મેળવી શકાય.

ઉપપ્રમેય ૪ : The common center of gravity of two or more bodies does not alter its state of motion or rest by the actions of the bodies among themselves; and therefore the common center of gravity of all bodies action upon each other (excluding external actions and impediments) is either at rest, or moves uniformly in a right (straight) line.

બે કે બેથી વધારે પદાર્થોની અરસપરસની પ્રવૃત્તિથી તેમના સહિયારા ગુરુત્વકેન્દ્રની ગતિની કે નિષ્ક્રિયતાની અવસ્થા બદલાતી નથી; અને આથી અંદરોઅંદર પ્રવૃત્તિમય બધા પદાર્થોનું સહિયારું ગુરુત્વકેન્દ્ર સ્થિર કે સીધી રેખામાં એકધારી રીતે મુસાફરી કરે છે.

બીજાં બે ઉપપ્રમયો જ્યારે જરૂર પડશે ત્યારે તેમનો અભ્યાસ કરીશું.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.

(1) Colin Pask, Magnificient Principia, Prometheus Books, New York, 2019

(2) S. Chandrasekhar, Newton's Principia for the Common Reader, Clarendon Press, Oxford, 1995.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
સ્વરાજ, ઉવારસદ રોડ, નરસિંહજીના મંદિર પાસે,
મુ, પો. શેરથા તા. જિ. ગાંધીનગર
મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ફોરમ ધરતીની / સોમાભાઈ પટેલ. અમદાવાદ : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ વતી આદર્શ પ્રકાશન, ૨૦૧૯. ૨૯૬ પૃ. ISBN : ૯૭૮-૯૩-૫૨૩૮-૧૪૨-૫. કિ. રૂ. ૩૦૦/-**

પ્રસ્તુત પુસ્તક મૂલતઃ 'ધરતી વિકાસ મંડળ', અમદાવાદના માસિક મુખપત્ર 'ધરતી'ના તંત્રી તરીકે લખવામાં આવેલા લેખો પૈકી પસંદગીના ૫૬ લેખોનો સુગ્રથિત સંપુટ છે, જેમાં વ્યકિત, સમાજ અને રાષ્ટ્રઘડતર માટે holestic (સર્વાંગી / સાકલ્યવાદી) અભિગમ સાથેનું ચિંતન અધ્યયનશીલ અધ્યાપકની નિષ્ઠા સાથે પ્રસ્ફુટિત થયું છે. પરિણામે, અહીં 'ધરતી' ની અને તેની સાથે જ તેના ધરતીપુત્ર, વિચારકુશળ અને પ્રતિબદ્ધ સમાજહિતચિંતક તંત્રી શ્રી સોમાભાઈ પટેલની ફોરમ મઘમઘતી અનુભવાય છે. અને તે પણ કોરા ઉપદેશની કે સૈદ્ધાંતિક આદર્શોની ફૂલીફાલી વાતોથી નહીં, પરંતુ પ્રવર્તમાન સમયમાં જિવાતા જીવનના ધરાતલ ઉપર ઊભા રહીને હૃદયની સચ્ચાઈના નિરૂપણના કારણે તેમની વાત વિવિધ સ્તરના વાચકો, જેમકે, યુવાનો, માતાઓ, બહેનો, સમાજના ધુરીણો, નીતિ નિર્ધારકો વગેરેને ઉપયોગી બની રહેવાની સાથે હૃદય સોંસરવી સ્પર્શી જાય છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ વિચાર-ગર્ભ લેખો ભલે પાટીદાર સમાજને ઉદ્દેશીને લખવામાં આવ્યા હોય, પરંતુ કોઈ પણ જ્ઞાતિના સમાજ માટે તેટલા જ સુચિંતનીય અને હિતકર બની રહે છે, તેમ જ કોઈ પણ સમાજના મુખપત્ર અને તેના તંત્રીલેખોની દિશાનો આદર્શ રજૂ કરે છે.

અહીં ગ્રંથસ્થ તંત્રી લેખો ૧૪ વિભાગો : ૧. પાટીદાર સમાજ : પ્રગતિ અને પડકારો, ૨. મહિલા-જાગૃતિ અને સશકિતકરણ, ૩. આપણું પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ, ૪. કૃષિ અને કિસાન - સમસ્યા, ૫. સામાજિક સમસ્યાઓ, જાગૃતિ અને વિકાસ, ૬. ભારત અને ભારતીય સંસ્કૃતિ, ૭. માનવી, વિકાસ અને ગ્લોબલ વોર્મિંગ, ૮. ભાષા-માતૃભાષા, વાચન અને લેખન, ૯. યુવાજગત, ૧૦. ગુજરાત : ઓળખ અને અસ્મિતા, ૧૧. અમેરિકામાં ગુજરાતીઓની પ્ર-ગતિશીલતા, ૧૨. દીપોત્સવી અને નૂતન વર્ષ, ૧૩. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા : ધર્મના માધ્યમ દ્વારા સમાજોત્કર્ષ અને ૧૪. ધરતી વિકાસ મંડળ : સામાજિક જાગૃતિ અને વિકાસ માટે પ્રતિબદ્ધ-માં વિભાજિત કરવામાં આવ્યા છે. આ બધા દષ્ટિપૂત વિભાગો હેઠળના તંત્રી લેખોનું વિષયવૈવિધ્ય પ્રથમ દૃષ્ટિ એ જ ધ્યાનાર્હ બની રહે છે, જેમાં લેખકની સમાજનિષ્ઠા, તંત્રી તરીકેની જાગરૂકતા તથા નિર્ભીકતા અને અધ્યાપકીય નિષ્ઠાનો ત્રિવેણીસંગમ સુપેરે પ્રવાહિત થયો છે. આ બધા લેખો પૈકી કેટલાક લેખો પાટીદાર સમાજ સાથે સીધા જ સંકળાયેલા છે અને કેટલાક સમગ્ર માનવસમાજ સાથે સંબંધિત છે. પાટીદાર સમાજ અંગેના લેખોમાં પાટીદાર ઉત્પત્તિ - કડવા - લેઉઆ સમાજની સમસ્યાઓ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ધરતી વિકાસ મંડળ વગેરે વિશે સારગર્ભિત વિચારવિમર્શ કરવામાં આવ્યો છે. આ બધા લેખોમાં પણ અતીતરાગ કે વૈભવ વાગોળવાના સ્થાને પ્રવર્તમાનકાલીન સમાજની સ્થિતિ / સમસ્યાઓનું યથાતથ મૂલ્યાંકન કરીને રાષ્ટ્રીય / વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સમાજના ઉર્ધ્વતર વિકાસ માટે તેનો માર્ગ ચીંધી આપ્યો છે. પ્રત્યેક સમસ્યાના મૂળમાં જઈને તેનું યથાતથ વિશ્લેષણ કરીને પોતાનું નિર્ભીક મંતવ્ય રજૂ કરવું એ તેમની પ્રકૃતિ રહી છે. ઉદા. તરીકે પાટીદાર અનામત આંદોલનની યોગ્ય / અયોગ્યતાની અને તેની સાથે અનામત સમસ્યાની કરેલ મીમાંસા સુચિંતનીય બની રહે છે. અને આ સાથે જ આ આંદોલનમાં રાજકીય શાણપણનો અભાવ હોઈ તે લાભદાયી કરતાં હાનિકારક વધુ થયું છે તેમ સ્પષ્ટ જણાવ્યું છે. વધુમાં, યુવાવર્ગ દારૂ - ગુટકા - ડ્રગ્સના રવાડે ચડી જવો, આર્થિક સમૃદ્ધિની સાથે કુધારાઓનું પ્રચલન, જેમ કે રિંગ સેરેમની, ધામધૂમવાળાં રિસેપ્શન, સમૂહલગ્નોના આયોજનો પાછળ સમૂહલગ્નના આયોજનની ભાવનાનો ચ્છેદ ઉડાડીને ભારે મોટો ખર્ચ કરવો, સંપત્તિ અને મોભાના પ્રદર્શનની વધતી જતી વૃત્તિ વગેરે પ્રતિ સ્પષ્ટ નારાજગી દર્શાવી છે. સમાજમાં બેરોજગારીની સમસ્યાના ઉકેલ અર્થે પાટીદાર ઉદ્યોગકારોની ડિરેકટરી અને તેની સાથે જ યુવા રોજગાર સહાયક કેન્દ્રો શરૂ કરવું, સમાજના બહુઆયામી વિકાસ માટે બહુલક્ષી માસ્ટરપ્લાન તૈયાર કરવો, સમાજની એકતા અને અખંડિતા જાળવવી, સામાજિક પરિવર્તનોનો સમજપૂર્વક સ્વીકાર વગેરે સંબંધી સૂચનો સ્તુત્ય બની રહે છે. આ સાથે જ સમાજનો ૭૦% જેટલો ભાગ ખેતી આધારિત છે કે જેઓ ગામડાંઓમાં

વસે છે. તેમની આર્થિક મુશ્કેલીઓ ઉપરાંત નવી ઊભી થયેલી સામાજિક સમસ્યા - યુવકોની કુંવારા રહેવા પડવાની સમસ્યા-ના ઉકેલ હેતુ આ વર્ગના વિકાસ માટે સમાજને કરવામાં આવેલ અપીલ સુચિંતનીય છે. આ સ્થિતિ વચ્ચે પણ ખેડૂતોને પોતાની જમીન નહીં વેચવાની અપીલ દૂરંદેશિતાપૂર્ણ બની રહે છે કે જેને ઘણા વિચારશીલોએ વધાવીને લેખકને અભિનંદન પાઠવ્યાં છે. 'ધરતી'ના પ્રબુદ્ધ વાચકો દ્વારા પ્રસંગોપાત્ત તંત્રી લેખોને આવકારતાં લખેલા પત્રોના કેટલાક અંશો અહીં અવકાશપૂરકો તરીકે મુદ્રિત કરવામાં આવ્યા છે, જે સંપાદકીય સૂઝબૂઝનાં તથા તંત્રી લેખોની મહત્તા ઉજાગર કરનારાં બની રહે છે.

પાટીદાર સમાજની સાથે સાથે કોઈપણ વ્યકિત કે સમાજના અને અંતતઃ રાષ્ટ્ર ઘડતર માટે મહત્ત્વપૂર્ણ એવી ઘણી બાબતો, જેમકે, આપણું શિક્ષણ, ભારત અને ભારતીય સંસ્કૃતિ, ભાષા-માતૃભાષા - વાંચન, યુવા જગત, ગુજરાતની અસ્મિતા, અમેરિકામાં ગુજરાતીઓ, ગ્લોબલ વૉર્મિંગ વગેરે અહીં આવરી લેવામાં આવી છે. સમાજના વિકાસ અને સામાજિક સમસ્યાઓની સાથે સાથે આ વિષયો હેઠળની ચર્ચા-વિચારણા વિશેષ મહત્ત્વની બની રહે છે, જેમાં લેખકનાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમાજનિષ્ઠા અને અધ્યયનશીલતા ઉપસી આવે છે. કથળતી જતી શિક્ષણપ્રણાલી, માતૃભાષાની અવેહલના, અંગ્રેજી ભાષા પ્રતિ મોહ કે વાસ્તવિકતા વગેરે પ્રશ્નોની આમૂલ ચર્ચા અને ઉપાયોની સાથે જ પ્રત્યેક ઘરમાં ગૃહ-ગ્રંથાલયની આવશ્યકતા અને મરવાના વાંકે જીવી રહેલાં ગ્રામ-ગ્રંથાલયોને જીવંત બનાવવાની અપીલમાં નીવડેલ કેળવણીકારનાં દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિ અંતર્ગત 'ઘર એક જીવંત સંસ્થા...' લેખમાં ઘરની વિભાવના, સુગરી એટલે સુગૃહી અને તેની ગૃહનિર્માણ કલા વગેરે આનુષંગિક વાતો હૃદય સોંસરવી ઉતરી જાય તેવી છે. સામાજિક જાગૃતિ અને વિકાસમાં જ્ઞાતિ-સામયિકોની ભૂમિકા' (પૃ. ૧૨૧-૧૨૩) લેખ પ્રત્યેક જ્ઞાતિના મુખપત્રમાં પુનર્મુદ્રિત કરીને આચરણમાં મુકવા જેવો છે.

સમગ્રતયા અહીં પાટીદાર સમાજના માધ્યમથી ભારતીય સમાજ ઘડતર માટેના લેખોમાં અભિવ્યકત ચિંતા અને ચિંતન, તેની તરોતાજા વિષયવસ્તુ અને અસંદિગ્ધ ભાષાભિવ્યક્તિ, વૈચારિક સામર્થ્ય, પ્રસ્તુતતા, નિખાલસતા વગેરેની દષ્ટિએ ધ્યાનાર્હ બની રહે છે. જેમાં લેખકના અધીતનાં ઓજસની ફોરમ સહજમાં અનુભવાય છે. આ બધા લેખોની ગુણવત્તાને ધ્યાને લઈને 'અચલા' ના તંત્રી - કેળવણીવિદ્ ડૉ. મફતલાલ પટેલે આ તંત્રી લેખોને આવકારતાં તેને 'જ્ઞાનસભર' ગણાવીને 'ધરતીથી આકાશ તરફની માનવીની ગતિવિધિઓની સાથે વિશ્વમાં આવતાં પરિવર્તનોની વાત તંત્રી લેખોના હાર્દમાં રહેલી જણાવી છે, જ્યારે આપણા પ્રબુદ્ધ ચિંતનપુરુષ અને સર્જક ગુણવંત શાહ આ પુસ્તકને 'હૃદયના ધ્વનિની મધુર પ્રતિશ્રુતિ' ઓળખાવીને લેખકના શબ્દે શબ્દે પ્રગટ થતી નિખાલસતા... પરિણામે લેખક અને એના વાચક વચ્ચે Connectivity જળવાય છે.' તેની નોંધ લઈને આ 'સુગંધીદાર નિબંધસંગ્રહને શગમોતીડે વધાવે છે.'

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સર્જક શ્રી સોમાભાઈ વી. પટેલ 'સોમલ' (૧૯૩૫) ગુજરાતીના અધ્યાપક અને સરસપુર આર્ટ્સ કૉલેજ (અમદાવાદ) ના પ્રિન્સિપાલપદેથી સેવાનિવૃત્ત છે, અને હાલમાં, વર્ષ ૨૦૦૮થી 'ધરતી' માસિકના તંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓશ્રી બહુમુખી પ્રતિભાશીલ વ્યક્તિત્વથી સંપન્ન છે. તેમણે શતાધિક પુસ્તકોનું સર્જન કર્યું છે, જેમાં સાહિત્ય વિવેચન, ભાષાવિજ્ઞાન, પ્રવાસ, બાળસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, ચિત્રકળા, જનરલ નોલેજ વગેરે વિષયોનો સમાવેશ થાય છે. તેઓશ્રી વિદ્વાન અધ્યાપકની સાથે સાથે એક અદના ચિત્રકાર તરીકે પણ ખ્યાતિપ્રાપ્ત છે. નિવૃત્તિ બાદ અમદાવાદ દૂરદર્શન કેન્દ્રોમાં કેઝયુઅલ ટ્રાન્સલેટર તથા સમાચાર સંપાદક તરીકે પણ દસ વર્ષ સુધી કામગીરી બજાવી હતી. તેમનાં દૂરંદેશિતાશીલ વ્યકિતત્વ સંબંધી એક ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જનરલ નોલેજનાં પુસ્તકોનો ઝાઝો ખ્યાલ પ્રચલિત ન હતો તેવા સમયે તેમણે 'જ્ઞાનજયોત' (૬૬મી આવૃત્તિ સુધી), જ્ઞાન સાગર (૨૬મી આવૃત્તિ સુધી) જેવાં પુસ્તકો આપણને આપ્યાં હતાં, જે ભારે આવકાર પામ્યાં હતાં. તેમને શૈક્ષણિક અને સાહિત્યિક પ્રદાન માટે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીના વરદહસ્તે 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' પ્રદત્ત 'સારસ્વત અવૉર્ડ'થી વિભૂષિત કરવામાં આવ્યા છે, તેમ જ તેમના પુસ્તક 'બત્રીસ બોધક બાળવાર્તાઓ' ને N.C.E.R.T., New Delhi દ્વારા આયોજિત ૨૫મી રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક અને રાષ્ટ્રીય અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય કેટલીક સમાજસેવી અને વિદ્વત્ત સંસ્થાઓ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

●

**ઇન્ટરવ્યૂ : ટિપ્સ અને ટેક્નિક / સોમાભાઈ પટેલ. અમદાવાદ : આદર્શ પ્રકાશન, ૨૦૨૦. ૮૦ પૃ. કિ. રૂ. ૯૦/- ISBN : ૯૭૮-૯૩-૫૨૩૮-૧૮૮-૩.**

શિક્ષણની હાટડીઓના પ્રવર્તમાન સમયમાં ડિગ્રીધારી યુવકોની ઊભી થતી જતી ફોજ અને તેની સામે નોકરી માટે ભરતીનું પ્રમાણ અલ્પ. પરિણામસ્વરૂપે વિકરાળ બનતી જતી

બેરોજગારોની સમસ્યા એ આજનો વિકટ તથા પડકારજનક પ્રશ્ન છે. આ પરિસ્થિતિમાં પ્રત્યેક બેરોજગાર / નોકરી વાંચ્છું માટે નાસીપાસ થયા સિવાય બુલંદ આત્મવિશ્વાસ / આત્મશ્રદ્ધા સાથેનો ધ્યેયનિષ્ઠ કર્મઠ પુરુષાર્થ અનિવાર્ય બની રહે છે. આમ છતાં તેના પાયામાં ઇન્ટરવ્યૂ ટૅક્નિકનું જ્ઞાન અને તેનું ક્રિયાન્વયન most essential બની રહે છે. ધ્યાને રાખવું રહયું કે ઉચ્ચ / ઉચ્ચતમ ગુણાંક સાથે ડિગ્રી મેળવવા કે સંબંધિત લેખિત પરીક્ષા પાસ કરવા છતાં ઇન્ટરવ્યૂ ટૅક્નિકના અભાવમાં હાથવગી જણાતી નોકરી દુર્લભ થઈ જાય છે.

નોકરી માટે લેખિત પરીક્ષા આવશ્યક ગુણાંક સાથે પાસ કર્યા બાદ અથવા કેટલાક કિસ્સાઓમાં આવશ્યક ડિગ્રી, અનુભવ વગેરેના આધારે ઉમેદવારોને મૌખિક સાક્ષાત્કાર - ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. ઇન્ટરવ્યૂ માટે પોતાના વિષયના ઉચ્ચતમ જ્ઞાન ઉપરાંત આનુષંગિક સજ્જતા અનિવાર્ય છે. નોકરી મેળવવા માટેની આ પ્રાપ્ત તકને અવસરમાં પરિવર્તિત કરવા માટે પ્રસ્તુત પુસ્તક 'ઇન્ટરવ્યૂ : ટિપ્સ અને ટૅક્નિક'માં ઇન્ટરવ્યૂના વ્યવહારિક પાસાને - Practical - ધ્યાને લઈ તેનું સુબોધગમ્ય ભાષા-શૈલીમાં પ્રબોધન કરવામાં આવ્યું છે. આ નાનકડા અને સોહામણા પુસ્તકમાં મૌખિક ઇન્ટરવ્યૂ સંબંધી વિવિધ પાસાંઓને લાઘવતાપૂર્ણ ૬ ટૂંકાં ટૂંકાં પ્રકરણોમાં, જેમકે, ઇન્ટરવ્યૂ એક સ્વીકૃત વ્યવસ્થા, ઇન્ટરવ્યૂ કમિટિનો અભિગમ, ઉમેદવારનો અભિગમ, જોબ એપ્લિકેશન અને ઇન્ટરવ્યૂ માટેની પૂર્વતૈયારી, ઇન્ટરવ્યૂ આપવા જતા હો ત્યારે અને છેલ્લે ઇન્ટરવ્યૂ દરમ્યાન કેવી રીતે વર્તશો-માં આવરી લેવામાં આવ્યાં છે અને છેલ્લે પરિશિષ્ટમાં ૩ મોડેલ ઇન્ટરવ્યૂ આપવામાં આવ્યાં છે, જેમાં અપેક્ષિત પ્રશ્નો અને ઉમેદવારાના ઉત્તરો અને પ્રત્યેક ઇન્ટરવ્યૂનું મૂલ્યાંકન આપવામાં આવ્યું છે. આ મૂલ્યાંકન ઉમેદવારને આત્મમૂલ્યાંકન કરવા અને વધુ સજ્જ થવા માટે ઉપકારક બની રહેશે.

પ્રસ્તુત પુસ્તકના સર્જન પાછળ લેખકનો મૂળભૂત હેતુ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો દુસ્કર મહાસાગર તરી જનાર ઉમેદવાર મૌખિક ઈન્ટરવ્યૂ માટે સવિશેષતઃ માનસિક અને અન્ય આનુષંગિક બાબતોમાં વધુ સજ્જ અને સતર્ક બની સફળતા હાંસલ કરે તે રહયો છે. અને તેથી જ લેખિત ની વૈતરણી પસાર કરનારાઓ પૈકીમાંથી ઉમેદવારોની પસંદગી કરવા માટે વૈશ્વિકસ્તરે સ્વીકૃત એવી ઇન્ટરવ્યૂ પ્રણાલીની આવશ્યકતા અને ઈન્ટરવ્યૂ લેનારની અપેક્ષાઓ સમજાવીને આ સંદર્ભે ઘર કરી ગયેલા ભ્રામક ખ્યાલો - ઇન્ટરવ્યૂ એક તૂત છે વગેરે, માનસિક ભય અને તદજન્ય શારીરિક અસ્વસ્થતાઓ, આત્મશ્રદ્ધાનો અભાવ વગેરે કલ્પનાજન્ય ગ્રંથીઓમાંથી મુકત કરવા અને એક ધ્યેયનિષ્ઠ ઉત્સાહી યુવક તરીકે ઇન્ટરવ્યૂ સમિતિ સમક્ષ હાજર થવા સંબંધી માખણમિસરીવત સોદાહરણ સમજાવવામાં આવ્યું છે. આમ ઉમેદવારને માનસિક રીતે સુસજ્જ કર્યા બાદ નોકરી માટે અરજી કરવા માટે રાખવી પડતી સાવધાની - ખાસ કરીને ખોટી માહિતી ન જ દર્શાવવી, ઈન્ટરવ્યૂ માટેની પૂર્વતૈયારી - વિષયનું તરોતાજા જ્ઞાન, રસક્ષેત્રો, જે તે જગ્યાની અપેક્ષિત કામગીરી, જવાબદારીઓ વગેરે અંગેની જાણકારી, તાજી ઘટનાઓની જાગરૂકતા - Current awareness, ઇન્ટરવ્યૂ આપવા જવા સમયની સજ્જતા- માનસિક સ્વસ્થતા, પોશાક, પ્રમાણપત્રોનો સેટ તૈયાર રાખવો, સ્વાગતકક્ષમાં અન્ય ઉમેદવારો સાથે ભળી જવું વગેરે વિશે સમજાવ્યું છે. અને છેલ્લે ખાસ મહત્ત્વપૂર્ણ બાબત એ કે લેખકે ઇન્ટરવ્યૂખંડનું સંભવિત ચિત્ર દર્શાવીને ઇન્ટરવ્યૂખંડમાં પ્રવેશ કરી આસનગ્રહણ કરવામાં આવે ત્યાં સુધીના સમયગાળામાં અને ઇન્ટરવ્યૂ - પ્રશ્નોત્તરી દરમ્યાન કઈ રીતે વર્તવું તે વિશે આંખે - દેખ્યો અહેવાલ રજૂ કરીને સ-રસ સમજણ પૂરી પાડી છે. આ સંબંધી લેખકે સૂચવેલ ૧૮ બાબતો જેમકે સાહજિકતા, નમ્રતા, સરસ અભિવ્યકિત, ધીમી અને સ્પષ્ટ અને સરળ રજૂઆત, પોતાના વિષયક્ષેત્રમાં સજ્જતા, ખોટો જવાબ ટાળવો, પ્રશ્નના સંદર્ભે જવાબ આપવો, બિનજરૂરી ઉત્તરો ટાળવા, પ્રશ્નોત્તરીમાં અહમના સ્થાને વિવેક વગેરે પ્રત્યેક ઉમેદવારે સફળતાની સીડી ચડવા માટે આત્મસાત કરવી રહી. આમ અહીં સમગ્રતયા ઇન્ટરવ્યૂ સંબંધી સૈદ્ધાંતિક કે આદર્શની વાતો નહીં પણ પ્રત્યેક વ્યવહારિક પાસા સંદર્ભે ઉમેદવારનું કેવું વલણ / વર્તન હોવું જોઈએ, કઈ રીતે સજ્જ બનવું જોઈએ, કેવા સંભવિત પ્રશ્નો હોઈ શકે અને તેના ઉત્તરો કેવા આપવા જોઈએ તે વગેરે વિશે વ્યવહારદક્ષ લેખકે આધિકારિક રીતે સમજાવ્યું છે, જેનું વાંચન તથા અનુસરણ ઉમેદવારને સફળતાનાં સોપાન સર કરવા માટે ઉપયોગી એવું પ્રેરણાપીયૂષ બની રહેશે. આ સાથે જ ખાલી જગ્યામાં આર.સી. દત્ત, જહોન ગ્રીન વગેરેની ઇન્ટરવ્યૂની વિભાવના દર્શાવતી સૂકિતઓ ઇન્ટરવ્યૂના હાર્દને સમજવા માટે સુચિંતનીય બની રહે છે.

આ ક્ષેત્રના એક અદના તજજ્ઞ એવા ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત ''સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) : 'આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર''ના પૂર્વ-નિયામક અને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગુજરાત રાજ્યના કમિશનર, (હાલમાં) કમિશનર, જામનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન શ્રી સતીશ પટેલ, I.A.S. એ આ પુસ્તકને આવકારતાં 'એક પૂર્ણ માર્ગદર્શક ભોમિયાની ગરજ સારતા ઉત્તમ પુસ્તક' તરીકે ગણાવીને તેની કેટલીક આગવી વિશેષતાઓ રેખાંકિત કરી

આપી છે. જેમકે, 'સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઇન્ટરવ્યૂ માટેનાં માર્ગદર્શક પુસ્તકો ગુજરાતી સહિતની વિવિધ ભાષાઓમાં પ્રગટ થતાં રહ્યાં છે, પરંતુ આવાં પુસ્તકો પૈકી બહુ જૂજ પુસ્તકોમાંથી જ ઇન્ટરવ્યૂ દરમિયાન કેવી તૈયારી કરવી અને પ્રશ્નોત્તરી દરમિયાન કેવી રીતે વર્તવું તેનું સાંગોપાંગ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે... હકારાત્મક અભિગમ અપનાવવો... કેવા પ્રશ્નો પૂછાય... પ્રશ્નોત્તરી દરમ્યાન કેવી રીતે ઉત્તરો આપવા અને પોતાનાં વાણીવર્તનનમાં કેવી કાળજી લેવી તેનું પણ સુપેરે માર્ગદર્શન આપ્યું છે' વગેરે.

ઉલ્લેખનીય છે કે આ પુસ્તકના લેખક સોમાભાઈ પટેલ (૧૯૩૫) સરસપુર આર્ટ્સ - કૉમર્સ કોલેજ, અમદાવાદના સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ હોવાથી સ્વાભાવિક રીતે જ પ્રસંગોપાત્ત ઇન્ટરવ્યૂ લેવાનો અનુભવ ધરાવે છે. શતાધિક પુસ્તકોના સર્જક છે. અને છેલ્લા ૧૦ વર્ષથી 'ધરતી વિકાસ મંડળ'ના મુખપત્ર 'ધરતી'ના સંપાદક તરીકે તેના માધ્યમથી પાટીદાર સમાજના ઘડતર અને ખાસ કરીને યુવાઓના વિકાસ માટે દૃષ્ટિપૂત સેવાઓ આપી રહયા છે. આ પુસ્તક તેની ઉપયોગિતાને ધ્યાને લેતાં શાળા - કૉલેજ અને સાર્વજનિક ગ્રંથાલયોનું એક મૂલ્યવાન ઉમેરણ બની રહેશે.

●

**ઇડરિયા ગઢનો અજવાશ /ડૉ. કરસનદાસ સોનેરી; શબ્દાંકન અને પરિકલ્પના : ભાનુપ્રસાદ પુરાણી. ગાંધીનગર : નિરૂ અશોક સોનેરી (પ્લોટ નં. ૮૨૧, સેક્ટર-૬/સી, ગાંધીનગર), [૨૦૧૯-૨૦]. . xxviii + ૧૪૮ પૃ.**

પ્રસ્તુત પુસ્તકમાં પ્રા. ડૉ. કરસનદાસ સોનેરીએ પોતાનાં સોનેરી સંસ્મરણોને વાચા આપી છે, જેનું શબ્દાંકન સાહિત્યસર્જક, શિક્ષણવિદ્ અને ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પોષક તત્ત્વ બની રહેલા શ્રી ભાનુપ્રસાદ પુરાણી દ્વારા કરવામાં આવ્યું છે. પરિણામ સ્વરૂપે આપણને શિક્ષણ, રાજકારણ અને સમાજજીવનનાં ક્ષેત્રોને ગરિમા બક્ષતા એક નિખાલસ, ઓજસ્વી અને મૂલ્યનિષ્ઠ વ્યક્તિનું ચરિત્ર સુલભ થઈ શક્યું છે. તેમના આ મૂઠી ઊંચેરા વ્યક્તિત્વની પ્રતીતિ તેમણે સંપન્ન કરેલાં કાર્યો થકી અને હૃદયની સચ્ચાઈની સ્વીકારોક્તિ : ''મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલના નેતૃત્વ નીચે અમે સક્રિયપણે કામ કરતા હતા, લોકોમાં પણ ઉત્સાહ અને સદ્‌ભાવ હતો. એવા સમયે શિક્ષણખાતામાં ચાલતી ગેરરીતિઓ હું સહન કરી શકતો ન હતો. તેથી મુખ્યમંત્રીશ્રીને મેં વિનંતી કરી કે મને શિક્ષણમાંથી મુક્ત કરો, મારે પ્રધાનપદ જોઈતું નથી, મારી ઇચ્છાને માન આપી મને આરોગ્ય અને કુટુંબકલ્યાણનો વિભાગ સોંપવામાં આવ્યો.''માં જોવા મળે છે. આવી વાતો કો'ક વીરલા જ કરી શકે. આ છે કરસનદાસનું ખમીર. અને તેથી જ આપણા ક્રાંતદર્શી કવિ ઉમાશંકર જોશીએ પ્રા. સોનેરીના ચૂંટણી કાર્યાલયનું ઈડરમાં ઉદ્‌ઘાટન કરતાં કાર્યકરોને જણાવ્યું હતું કે : ''આપણો 'કરસન' એ આપણા ઉમેદવાર છે. તેમનું નિશાન રેંટિયો કાંતતી સ્ત્રી છે. તેમને આપણે જિતાડવાના છે. અત્યાર સુધીમાં પહેલી વખત ઈડર માટે એક યુવાન વિદ્વાન-પ્રોફેસર કક્ષના નિષ્ઠાવાન ઉમેદવાર મળ્યા છે. તેમને સાચવજો એવી દિલથી અપીલ કરું છું.'' ઉમાશંકરભાઈ દ્વારા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન માત્ર પ્રા. સોનેરી ઘણી મોટી મૂડી બની રહે છે. આ ઉપરાંત જાણીતા શિક્ષણવિદ્, કર્મશીલો, રાજનીતિજ્ઞો /રાજકારણીઓ, જેમકે, ડૉ. દાઉદભાઈ ઘાંચી, ડૉ. બહેચરભાઈ પટેલ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ. મણિલાલ હ. પટેલ, પ્રવીણ ક. લહેરી, કુંદનલાલ ધોળકિયા, નરેન્દ્ર મોદી વગેરેના ડૉ. સોનેરી વિશેના અહીં ગ્રંથસ્થ સોનેરી અભિપ્રાયો પણ તેમના અનોખા વ્યક્તિત્વની સાહેદી પૂરે છે. પદ્મશ્રી દેવેન્દ્ર પટેલે પ્રસ્તુત ગ્રંથને આવકારતાં ડૉ. સોનેરીને 'સાદગીભર્યા પરિવેશમાં એક મહામૂલો માનવી' ઓળખાવીને નોંધેલ શબ્દો : ''અમે બંને એક જ ધરતીની ધૂળમાં રમ્યા છીએ. અમે બંનેએ એક જ ભૂમિનું જળ પીધું છે. અમે બંને એક જ વિસ્તારની આબોહવામાં ઊછર્યાં છીએ. અને હા, જાહેર જીવનમાંથી એક અસલી ગાંધીવાદી પેઢી લુપ્ત થઈ રહી છે ત્યારે ડૉ. કરસનદાસ સોનેરીને જોઈ હૈયાને ટાઢક પ્રાપ્ત થાય છે. ડૉ. સોનેરીને મળીએ છીએ ત્યાર લાગે છે કે, ખાદીનાં સાદગીભર્યાં વસ્ત્રોમાં એક શ્રેષ્ઠ માનવી આપણી વચ્ચે છે.'' સ્પર્શી જાય તેવા છે.

અહીં ડૉ. સોનેરીના જન્મસ્થળ પોતાના વતન ધનસુરાથી શરૂ કરી સામાજિક / આર્થિક સંઘર્ષો વેઠતાં પ્રાપ્ત કરેલ શિક્ષણ, તત્કાલીન સામાજિક પરિવેશ, પ્રારંભમાં સાક્ષરભૂમિ નડિયાદની મહિલા કૉલેજમાં ૮ વર્ષ અને ત્યાર બાદ ઇડરની આંજણા પાટીદાર આર્ટ્સ – કૉમર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યક્ષ તરીકે અધ્યાપકીયનિષ્ઠા સાથેની કારકિર્દી, પોતાના સમાજના વિકાસ માટે સતત કાર્યશીલ, સામાજિક – રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિયતા, નવનિર્માણ આંદોલન અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઇડર મતવિસ્તારમાંથી જ્વલંત વિજય અને કેબિનેટ મંત્રીપદ, રાજકીય કારકિર્દી, સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ, કુટુંબજીવન અને સમાજસેવા, યુરોપયાત્રા વગેરે બાબતોને નિર્દંભ બની રહી પ્રામાણિકતા અને નિખાલસતાપૂર્વક ૨૩ પ્રકરણોમાં – સમાવિષ્ટ કરવામાં આવી છે. જેમાં ચરિત્રનાયકના જીવન અને પ્રદાનની સાથે-સાથે તત્કાલીન સામાજિક પરિવેષ, નવનિર્માણ આંદોલન, નડિયાદ અને

**(અનુસંધાન પૃષ્ઠ : ૭ પર)**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### બાયોગૅસ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત આદુંદરા રોડ પાસે સ્થિત 'શ્રી ગુજરાત ગૌશાળા' ખાતે CSTR ટેક્નૉલૉજી યુક્ત બાયોગૅસ પ્લાન્ટ તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવ્યો. આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન દાતાશ્રી જગદીશભાઈ પટેલ અને જિતેન્દ્રભાઈ પટેલ પરિવાર અને બ્રહ્માકુમારીનાં સંગીતાબેનના હસ્તે કરવામાં આવ્યું. પટેલ નટવરલાલ મગનલાલ (બાપુજી)ની ૧૦૦મી જન્મતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા રૂ.૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલ બાયોગૅસ પ્લાન્ટ તથા ૧૧ ગીર ગાયોનું દાન સંસ્થાને આપ્યું. આ બાયોગૅસ પ્લાન્ટમાં પશુઓના ૧ ટન ગોબર અથવા ૫૦૦ કિલોગ્રામ ફૂડ વેસ્ટની પ્રોસેસથી રોજનું ૧૦૦ વ્યક્તિઓને ત્રણ ટાઈમ જમવાનું બનાવી શકાય તેટલો બાયોગેસ અને ૨૦૦૦ લીટર જેટલી સ્લરી ઑર્ગેનિક ખેતી કરવા માટે શ્રેષ્ઠ ખાતરનાં રૂપમાં મળી શકશે. ગુજરાત ગૌશાળામાં આવેલી ૨૦૦ વીઘા જેટલી જમીનને આ કુદરતી ખાતર દ્વારા જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદનમાં વધારો કરી તેમાંથી ગજરાજ ઘાસ, સરગવા વગેરેની ઑર્ગેનિક ખેતીથી ઘાસચારો ઉત્પન કરવામાં આવશે. આ પ્રસંગે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, સાયન્સ કૉલેજ ગવર્નિંગ બોડીના ચેરમેનશ્રી અરવિંદભાઈ પટેલ, દાતાશ્રી વિઠ્ઠલભાઈ પટેલ, મંડળના મંત્રીશ્રીઓ ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ અને શ્રી સંજયભાઈ પટેલ, કડી આજુ બાજુની ગૌશાળાના સંચાલકો તથા સંજીવની બોયોગૅસ નિર્મિત કરનાર શ્રી કિરીટભાઈ પટેલ (વડોદરાવાળા) હાજર રહ્યા હતા.

### યુપીએસસી પ્રારંભિક પરીક્ષા

● યુપીએસસી, નવી દિલ્હી દ્વારા ૪ ઑક્ટોબર, ૨૦૨૦ના રોજ લેવામાં આવેલ UPSC Preliminary Examination – ૨૦૨૦ નું પરિણામ ૨૩ ઑક્ટોબરના રોજ જાહેર થયું. જેમાં મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના ૧૩ વિદ્યાર્થીઓ પાસ થયા : ૧. ધવલ શ્રીમાળી, ૨. ચંદ્રરાજ સોલંકી, ૩. સૌરભ રાઠોડ, ૪. પાર્થ તલસાણિયા, ૫. તેજસ પટણી, ૬. પ્રમોદ યાદવ, ૭. હર્ષલ વણિક, ૮. હર્ષિલ મહેતા, ૯. દશરથ ડાભી, ૧૦. સંજય કેશવાલા, ૧૧. ધવલ પટેલ, ૧૨. કંદર્પ પટેલ અને ૧૩. અલ્પેશ વસાણી.

### વ્યાખ્યાન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ માટે પ્રા. ડૉ. ભાવિક સ્વાદિયાના ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન તા. ૧૨ ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. તેમણે તાલીમાર્થીઓને ગુરુનો મહિમા બતાવી શિક્ષકમાં જ્ઞાનનું મહત્ત્વ, ડહાપણ, શિક્ષક બન્યા પછી શું કરવું જોઈએ ? વિદ્યાર્થી જીવનની વિવિધ પરિસ્થિતિઓ, વિદ્યાર્થી સાથે પ્રત્યાયન કેવી રીતે કરવું, શિક્ષક પ્રશિક્ષણનું મહત્ત્વ, હકારાત્મક વિચારોનું મહત્ત્વ વગેરે વિશે સમજાવ્યું હતું.

## શાળા વિભાગ

### કલા પ્રવૃત્તિ

● એસ. વી. એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વિવિધ કલાત્મક પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું. તા. ૧૮ ઑક્ટોબરના રોજ ધો. ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે કાગળમાંથી ઘડિયાળ બનાવવાની, ધો. ૩ અને ૪ ના વિદ્યાર્થીઓ માટે પીગી

બેંક બનાવવાની અને ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પર્સ બનાવવાની અને તા. ૮ નવેમ્બરના રોજ ધો. ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે તોરણ બનાવવાની અને ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે રંગોળી બનાવવાની પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા કલાને પોષક વિવિધ પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું : તા. ૧૫-૧૬ ઑક્ટોબરના દિવસોમાં આદ્ય શક્તિના આરાધનાના પર્વની ઉજવણીના ભાગરૂપે મટકી સુશોભન સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ રંગો અને અન્ય સુશોભનની વસ્તુઓનો ઉપયોગ કરી મટકી ઉપર સુંદર ડિઝાઈન અને વિવિધ કલાકૃતિઓ બનાવી હતી. તા. ૨૨ ઑક્ટોબરના રોજ ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓએ માટીમાંથી રસોઈનાં સાધનો, ફૂલ, ખુરશી, ટેબલ, ગણપતિની મૂર્તિ વગેરે રમકડાંઓનું સર્જન કર્યું હતું. તા. ૩ નવેમ્બરના રોજ ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે આરતી ડેકોરેશન સ્પર્ધાનું, તા. ૪ નવેમ્બરના રોજ બધા જ વર્ગોના વિદ્યાર્થીઓ માટે વિવિધ જાતનાં ફૂલોમાંથી સુંદર હાર બનાવવાનું, તા. ૦૯ નવેમ્બરના રોજ ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ સલાડ ડેકોરેશન ડિશ બનાવાની, પ્રવૃત્તિ અને ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે દિવાળી કાર્ડ બનાવવાં, તા. ૧૦ નવેમ્બરના રોજ કોડિયાંના ડેકોરેશન, તા. ૨૫ નવેમ્બરના રોજ પૂઠાં દ્વારા ઘરમંદિર બનાવવું અને તા. ૧૧ ડિસેમ્બરના રોજ રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધી પ્રવૃત્તિઓમાં વાલીશ્રીઓનો સકારાત્મક સહયોગ મળ્યો હતો તેમજ સમગ્ર શિક્ષક પરિવારે વિદ્યાર્થીઓને ભારે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૮ ની વિદ્યાર્થિનીઓ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન 'સ્વચ્છ ભારત'થીમ આધારિત કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ કલાત્મક રંગોળીઓ બનાવી હતી. આ ઉપરાંત દ્વિતીય સત્રમાં સલાડ સુશોભન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કોરોના વાઇરસ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધો. ૬ થી ૮ ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૩ અને ૧૪ ઑક્ટોબરના દિવસોમાં નિસર્ગ કમ્યૂનિટિ સાયન્સ સેન્ટર દ્વારા ઓનલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવતાં ડૉ. મનોજ ગુંબજ વિદ્યાર્થિનીઓએ માસ્ક કેમ અને કેવાં પહેરવાં વગેરેની સમજણ આપી હતી.

### તહેવાર ઉજવણી

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન અભ્યાસની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંતર્ગત ધોરણ ૩ થી ૫ની વિદ્યાર્થિનીઓને ભારતીય તહેવારોનું - સવિશેષતઃ નવરાત્રી અને દશેરાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ ધો. ૬ ની વિદ્યાર્થિનીઓ માટે તહેવારોને જીવંત રાખવા માટેની પૂરક પ્રવૃત્તિ રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### માતૃ-પિતૃ વંદના

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૬ ઑક્ટોબર તથા ૪ ડિસેમ્બરના રોજ માતૃ-પિતૃ વંદનાનું આયોજન કરવામાં આવતાં આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દાદા-દાદી અને માતા-પિતાની અભિવંદના કરી તેમનો પરિચય ફોટા સાથે આપ્યો હતો. આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા શિક્ષકોએ પૂજનનું મહત્ત્વ સમજાવી માતા-પિતા અને દાદા-દાદી નું જીવનમાં શું સ્થાન છે તેની સમજણ આપી પૂજન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૦, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૦, સળંગ અંક : ૬૦**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



શ્રી એમ. બી. પ્રાથમિક કન્યા શાળાની
બાલિકાઓ દ્વારા નિર્મિત કલાકૃતિઓ.




શ્રી એસ. વી. એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનાં
બાળકો દ્વારા નિર્મિત કલાકૃતિઓ.



શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં બાળકો દ્વારા માટીમાંથી બનાવવામાં આવેલી કલાકૃતિઓ.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 10, Issue No. 6 November-December 2020**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત 'ગુજરાત ગૌ શાળા', અદુંદરા, કડીમાં મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની ઉપસ્થિતિમાં દાતાશ્રી શ્રી જગદીશભાઈ પટેલ અને શ્રી જિતેન્દ્રભાઈ પટેલ તેમજ બ્રહ્માકુમારી સંગીતાબહેનના વરદહસ્તે નવનિર્મિત બાયોગેસ પ્લાન્ટનું તા. ૧૧ નવેમ્બરના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું તે પ્રસંગની તસવીર. આ પ્રસંગે ઉપસ્થિત પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ અને શ્રી સંજયભાઈ પટેલ દૃશ્યમાન થાય છે.

